

श्रीकृष्णाय नमः ।

श्रीभगवद्वदनावतारश्रीमद्वल्लभाचार्यचरणविरचित

# बालबोध.

जयन्ति श्रीमदाचार्यवाचोऽर्थामृतवर्षणैः । पुमर्थादिगतभ्रान्तितापो याभिर्निवारितः ॥ १ ॥

શ્રીમદાચાર્યજીની વાણી સર્વથી શ્રેષ્ઠ છે. આચાર્યની વાણીએ અર્થરૂપી અમૃતજલ તેના વર્ષણવડે પુરુષાર્થાદિકમાં સંદેહરૂપી તાપનું નિવારણ કર્યું, અર્થાત્ શ્રીમદાચાર્યજીના વચનથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ વિષયક સંદેહ દૂર થયા, એ હેતુથી શ્રીમહાપ્રભુજીની વાણી સર્વથી શ્રેષ્ઠ છે.

## પુરુષાર્થ ઉપર વિવિધ મત

**પ્રથમ મત**–અનાદિ આ સંસારમાં અનેક મતના લોક છે, કેટલાક લોકાયતિક લોક છે, તે દાનની અને ભોગની પ્રશંસા કરે છે, લોકાયતિક એટલે ચાર્વાક અર્થાત્ નાસ્તિકલોક એજ પુરુષાર્થ માને છે. દાન આપવું અને ભોગ ભોગવવા એટલે ખાવું પીવું મોજમજા ઉડાવવી એજ કર્તવ્ય છે એમ જાણે છે; બીજું કંઈ સમજતા નથી, તેઓ દેહાત્મવાદી છે એટલે દેહનેજ આત્મા માને છે અને એક પ્રત્યક્ષ પ્રમાણને જ માને છે.

**દ્વિતીય મત**–બીજા કેટલાક લોક પોતાને માટે ઐશ્વર્યાદિક પ્રાપ્ત કરવું એજ પુરુષાર્થ માને છે, અર્થાત્ દ્રવ્ય સંચય કરવો અને સ્વાર્થ સાધવો એનેજ પુરુષાર્થ માને છે. ધર્માદિક ઉપર બીલકુલ દૃષ્ટિ રાખતા નથી અને તેમાં પ્રમાણ આપે છે કે, [1]રાજ્યરૂપી વૃક્ષને નમન હો. જ્યારે વૃક્ષ હોય ત્યારે શાખા અને પુષ્પ તથા ફળ પણ હોય; છ ગુણ તે મોટી શાખા છે. વૃક્ષની શોભા શાખાથી અધિક થાય છે. ૧ સંધિ, ૨ વિગ્રહ, ૩ યાન, ૪ આસન, ૫ દ્વૈધ, ૬ આશ્રય, આ છ ગુણ છે. શત્રુથી મિલાપ કરવો તે **સંધિ**. શત્રુ સાથે યુદ્ધ કરવું તે **વિગ્રહ**. શત્રુની સાથે લડાઈમાં ચડાઈ કરવી ત **યાન**. શત્રુનું બળ અધિક છે એમ સમજી છાનુમાનુ બેશી રહેવું તે **આસન**. શત્રુ નિર્બલ હોય તો લડાઈ કરવી અને પ્રબલ હોય તો સંધિ કરી લેવી એ **દ્વૈધ**. બળવાન શત્રુ જ્યારે ઘેરી લે ત્યારે તેનાથી પણ બળવાન હોય તેની મદદ લેવી એ **આશ્રય**. એ શાખાસ્થાનીય ગુણ કહ્યા. સામાદિ ચાર ઉપાય સામ, દાન, ભેદ, દંડ, એ રાજ્ય વૃક્ષનાં ચાર પુષ્પ છે. **સામ** (પ્રિયવચનાદિ બોલવું) તેના પાંચ પ્રકાર છે. ૧ પરસ્પર ઉપકાર દેખાડવા, ૨ તેના ગુણનું ગાન કરવું, ૩ કોઈ પ્રકારનો સંબંધ કાઢવો, ૪ પોતાનું દુઃખ દેખાડવું, ૫ મધુર વાણી કરીને પ્રસન્ન કરવા, એ પ્રકાર સામના છે. **દાન** એટલે દ્રવ્યાદિક આપવું. **ભેદ** એટલે સામા શત્રુમાં પરસ્પર વિરોધ કરાવવો અથવા સામાના

---

૧ नमोऽस्तु राज्यवृक्षाय षाड्गुण्यगुरुशाखिने । सामादिचारुपुष्पाय त्रिवर्गफलदायिने ॥

અંગત માણસને ફોડી પોતાનો કરવો. **દંડ** એ તો પ્રસિદ્ધ છે કે શિક્ષા કરવી. હવે એ વૃક્ષનાં ફળ કહે છે કે **ક્ષય, વૃદ્ધિ, સ્થાન** એ ત્રિવર્ગ ફળ છે અથવા ત્રિવર્ગ એટલે **ધર્મ, અર્થ** અને **કામ** એ ત્રણ પુરુષાર્થરૂપ ફળને આપવાવાળું છે; માત્ર મોક્ષપ્રાપ્તિ નથી. એવા પ્રકારનું જે રાજ્યવૃક્ષ છે તેનીજ કેટલાક લોક ઉપાસના કરે છે-બીજો પુરુષાર્થ સમજતા નથી.

**તૃતીયમત**–કેટલાક લોક કીર્તિને જ પુરુષાર્થ માની તેને માટે પ્રયત્ન કરે છે તેમાં પ્રમાણ આપે છે કે, [1]મનુષ્યની સારી કીર્તિ યાવત્ પર્યંત ગવાય છે તાવત્ પર્યંત તે મનુષ્ય પુણ્ય લોકમાં નિવાસ કરે છે.

**ચતુર્થમત**–હવે કેટલાક લોક કામનેજ પુરુષાર્થ માની તેનું જ સાધન કરે છે અને તેમાં પ્રમાણ આપે છે. [2]આહારને અનુસાર કામનો પણ ઉપભોગ કરવો જોઈએ. શરીરની સ્થિતિમાં એ જ હેતુ છે અને ધર્મ તથા અર્થ પુરુષાર્થનું એ જ ફલ છે.

**પંચમમત**–વળી કેટલાક લોક સ્માર્તાદિ આચાર છે તેને જ પુરુષાર્થ માને છે તેમાં પ્રમાણ આપે છે કે, [3]જો ધર્મથી અર્થ સિદ્ધ થાય છે અને કામ પણ સિદ્ધ થાય છે તો ધર્મનું સેવન કેમ ન કરવું? જો ધર્મ બરાબર સિદ્ધ થાય ત્યારે અર્થ અને કામ સિદ્ધ થાય છેજ. અને ધર્મ આચારથી ઉત્પન્ન થાય છે તેથી સદાચાર તે ધર્મ અને અનાચાર તે અધર્મ, તેમાં કહે છે કે, [4]પવિત્રતા અને આચાર રહિત જે છે તેની ક્રિયા નિષ્ફલ થાય છે.

**ષષ્ઠમત**–વળી કેટલાક લોકો ધર્મમાંજ પ્રવર્ત થાય છે અને તેમાં પ્રમાણ આપે છે કે, ધર્મ[5] સકામ અને નિષ્કામ બે પ્રકારનો છે, તેમાં જે મોક્ષાર્થી હોય તેણે સકામ અને નિષિદ્ધને છોડીને નિત્ય નૈમિત્તિક જરૂર કરવાં, કેમકે ન કરવાથી પાપ લાગે છે; તેના પરિત્યાગને માટે ધર્મજ કરવો.

**સપ્તમમત**–વળી કેટલાક લોક તપમાં પ્રવૃત્ત થાય છે, તેમાં પ્રમાણ આપે છે કે, "तपसा देवा देवतामग्र आयान्" (શ્રુતિ) અર્થ–પ્રથમ દેવતાઓ પણ તપ કરીને દેવતાપણાને પ્રાપ્ત થયા છે માટે તપ જ કરવું.

**અષ્ટમ નવમ મત**–વળી કેટલાક સાંખ્ય અને યોગ એ શાસ્ત્રો ભણીને સંન્યાસમાં સત્યમાં, શમદમાદિકમાં પોતાની પ્રવૃત્તિ રાખે છે, અને તેમાં પ્રમાણ આપે છે કે, "न्यास इत्याहुर्मनीषिणः"–વિદ્વાન્ લોક પરિત્યાગને જ માને છે. "सत्येन वायुरावाति" સત્યવડે વાયુ વાય છે. "शमेन शान्ताः शिवमाचरन्ति" શમથી શાંત થઈને કલ્યાણનું આચરણ કરે છે. વળી "दमेन दान्ताः किल्बिषमवधून्वन्ति" દમ વડે ઈંદ્રિય નિગ્રહ કરનાર પાપનો નાશ કરે છે. એવી રીતનાં શ્રુતિ વચનથી તે તે વાતમાં તે તે લોકો પ્રવૃત્તિવાન છે.

---

१ यावत्कीर्तिर्मनुष्यस्य पुण्या लोकेषु गीयते । तावत्वर्षसहस्राणि पुण्यलोके महीयते ॥

२ "शरीरस्थितिहेतुत्वादाहारः स धर्मणो हि कामाः फलभूताश्चधर्मार्थयोः"

३ धर्मादर्थश्चकामश्च स किमर्थं न सेव्यते

४ शौचाचारविहीनानां समस्ता निष्फला क्रिया

५ मोक्षार्थी न प्रवर्तेत तत्र काम्यनिषिद्धयोः । नित्यनैमित्तिके कुर्यात् प्रत्यवायजिहासया ॥



**દશમમત**–વળી કેટલાક શિવની ઉપાસના કરે છે, કેટલાક વિષ્ણુની ઉપાસના કરે છે અને તેમનાથી સકલ સિદ્ધિ અને મોક્ષપ્રાપ્તિ કહે છે.

**એકાદશ સિદ્ધાન્ત** શ્રીમદાચાર્યચરણે ભક્તિમાર્ગનો ઉપદેશ કર્યો છે.

**(સંશય)** હવે ઉપરની સઘળી હકીકત જોતાં પુરુષાર્થ અનેક છે કે ઉપર કહ્યા તેટલા જ છે? અને ઉપર કહ્યા તેટલા જ છે તો તે સર્વ બરાબર છે કે ન્યૂનાધિક છે? ન્યૂન (ગૌણ) હોય તે અધિકના (મુખ્યના) સાધનરૂપ કહેવાય, મુખ્ય છે તે સાધ્ય કહેવાય; ગૌણ સાધન કહેવાય, તે પ્રત્યેકમાં ફલ પ્રત્યે [1]સમુચ્ચય છે કે વિકલ્પ છે કે વ્યવસ્થિત છે?

સર્વ પુરુષાર્થનું ફળ એક છે કે અનેક છે? એ પ્રકારે સ્વકીયોને સંદેહ ઉત્પન્ન થાય તો તેમના ભ્રમને મટાડવાને માટે શ્રીઆચાર્યચરણ આ **બાલબોધ** ગ્રંથ રચી પ્રથમ મંગલાચરણમાં જ મુખ્ય ફલ અને સાધન બંને વાતની સૂચના છે. તેમાં અન્યનો પરિત્યાગ બતાવવાને માટે પુરુષાર્થ પ્રતિપાદક સર્વ શાસ્ત્રના સિદ્ધાન્તના સંગ્રહ નિરૂપણની પ્રતિજ્ઞા કરે છે.

**मूलम्–नत्वा हरिं सदानन्दं सर्वसिद्धान्तसंग्रहम् ।**
**बालप्रबोधनार्थाय वदामि सुविनिश्चितम् ॥ १ ॥**

सान्वयपदार्थः—हरिं (સ્મરણ કરનારાઓનાં) દુઃખને હરનાર, सदानन्दं સદાનંદ (શ્રીકૃષ્ણ) ને नत्वा નમન કરીને बालप्रबोधनार्थाय બાળકોને સારી રીતે બોધ થવા સારૂ सुविनिश्चितम् (સર્વ પ્રમાણથી) સારી રીતે નિશ્ચય કરેલા सर्वसिद्धान्तसङ्ग्रहं સર્વ સિદ્ધાન્તના સંગ્રહને वदामि હું કહું છું.

**ભાવાર્થ**—પોતાનું સ્મરણ કરનારનાં સર્વ દુઃખ અથવા પાપને હરનારા સદાનંદ શ્રીકૃષ્ણને નમસ્કાર કરીને બાલકોને સારી રીતે બોધ થવા સારી પેઠે સર્વ પ્રમાણથી નિશ્ચય કરેલા સર્વ સિદ્ધાન્તના સંગ્રહને હું કહું છું.

## મુખ્ય ફલ અને સાધન.

**ટીકા**–ભક્તનું દુઃખ હરણ કરનાર, તેમ જ ગ્રંથ રચવામાં વિઘ્ન આવે તો તેને હરનાર હરિ છે. **સદાનંદ** એટલે પ્રભુ ભજન કરનાર કદાચિત્ ફલની ઈચ્છા કરે તો ફલ પણ આપનાર છે. फलमत उपपत्तेः (વ્યાસસૂત્ર અ. ૩–૨–૩૮). अतः ईश्वरादेव फलं भवति यत्किञ्चिदहिकं पारलौकिकं वा कुतः उपपत्तेः, सर्वस्य वशी सर्वस्येशान इति श्रुतेः જે ભક્ત ફળની ઈચ્છાથી ભજે છે તેને ફળ આપનાર ભગવાન જ છે. આ ઈશ્વરથી ફળ (મળે છે) (કેમકે) સર્વને વશ કરનાર અને સર્વના અધિપતિ છે, તેથી તે જ એવું ફળ આપી શકે છે.

---

૧ (૧) **સમુચ્ચય** એટલે જેમ સર્વ સાધન સાથે મળે ત્યારે એક ફલરૂપ પુરુષાર્થ સિદ્ધ થાય, જેમકે રસોઈ કરવી હોય ત્યારે અનેક પદાર્થો જોઈએ તેમાંથી એક પણ ઓછો હોય તો સિદ્ધ થાય નહિ; જેમકે અન્નાદિક હોય અને અગ્નિ અથવા જલાદિક ન હોય તો સિદ્ધ થાય નહિ. (૨) **વિકલ્પ** એટલે જેમ પાક કરવો તે લાકડાંથી થાય અને કોયલાથી પણ થાય તેમ આચારાદિથી ફલસિદ્ધિ છે કે ઉપાસનાથી છે. (૩) **વ્યવસ્થા** એટલે અમુક સાધન આટલું જ ફળ સિદ્ધ કરી શકે, તેમાં અધિક કે ન્યૂન કરી શકે જ નહિ.

ફળ આપવાવાળા શ્રીકૃષ્ણ જ છે. કદાચિત્ કોઈ ભક્ત ફળની ઈચ્છા રાખતા નથી કેવળ શ્રીકૃષ્ણની સેવા એજ ફળ માને છે તેમને તેજ પુરુષાર્થ છે એમ પણ **સદાનંદ** પદથી સૂચના થાય છે.

## શ્રીકૃષ્ણ સદાનન્દ છે

कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते ॥ इति श्रुतिः ॥

कृष् સત્તા એટલે સર્વમાં જેની સત્તા છે, ण આનંદ એટલે જે સુખ છે તે તેમનુંજ આપેલું છે, તો એ બે પદ મળી कृष्ण એટલે સદાનંદ પદ સિદ્ધ થયું, તેથી શ્રીકૃષ્ણ સદાનંદ છે. શ્રુતિમાં કહ્યું છે કે "यो वै भूमा तत्सुखम्" (સર્વથી મોટા છે, વ્યાપક છે અર્થાત્ બ્રહ્મ છે તે સુખરૂપજ છે) વળી બીજી શ્રુતિમાં પણ કહ્યું છે કે "ब्रह्मविदाप्नोति परम्" (જે બ્રહ્મને જાણે છે તે પરમાનંદને પામે છે) એ શ્રુતિનું વિશેષ વ્યાખ્યાન आनंदमयोऽभ्यासात् એ સૂત્રના ભાષ્યમાં શ્રીમદાચાર્યજીએ કર્યું છે એ ઉપરથી નિશ્ચય થાયછે કે પરમાનંદરૂપ ભગવાનનું સેવન એજ પુરુષાર્થ છે.

**ભજનમાં સાધન શું**–नत्वा એ પદથી દૈન્યપૂર્વક ભજન કરવું એ સાધન બતાવ્યું, અને ગ્રંથમાં બીજું શું છે તે કહે છે "सर्वसिद्धान्तसङ्ग्रहम्" એટલે પુરુષાર્થ કરવાવાળાં શાસ્ત્રો છે તે પૈકી કેટલાંક વૈષ્ણવે ગ્રાહ્ય છે અને કેટલાંક અગ્રાહ્ય છે તે સર્વના જે જે સિદ્ધાંત છે તે બતાવીને દરેકનાં સાધન અને ફલનું સારી રીતે જ્ઞાન થાય તેવો સંગ્રહ આ બાલબોધ ગ્રંથમાં છે.

**આ ગ્રંથ કરવાનું પ્રયોજન**–'बालप्रबोधनार्थाय' બાલકને સારી રીતે જ્ઞાન થવાને માટે આ ગ્રન્થ છે. હવે બાલકનું લક્ષણ કહે છે કે, પોતાનું હિત વા અહિત પોતાની મેળે જાણી શકે નહિ, પરંતુ શુદ્ધ ભાવવાલા હોવાથી અહિત ન થાય તે સારૂ તે જીવ દયાને પાત્ર છે. તેને અહિં બાલક કહ્યા છે, તેવાઓને કોઈ વ્યક્તિ સ્વાર્થને લીધે અગ્રાહ્ય શાસ્ત્રને પ્રતારણાથી આ માર્ગ ઉત્તમ એમ બતાવે તો પોતાને તેનું જ્ઞાન ન હોવાથી તે પ્રમાણે ચાલવાથી તેનું અહિત થાય, તેનાથી બચાવવા શ્રીકૃષ્ણ વગર બીજું ફળ અને ભક્તિ વગર બીજા સાધન નથી એવું સમજાવવા સર્વ સિદ્ધાન્ત બતાવીને તેનું જ્ઞાન કરાવવું એ પ્રયોજન છે. सुविनिश्चितं એટલે સારી રીતે વેદાદિ પ્રમાણવડે એકાગ્ર ચિત્તથી નિશ્ચય કરી તે તે સિદ્ધાંતમાં પ્રમાણ સહિત તેનું ઉત્તમ અથવા સાધારણ જેવું સ્વરૂપ હશે તેવું જ બતાવવામાં આવશે.

એ રીતે પ્રથમ શ્લોકમાં સાધન અને ફળ બતાવીને બીજા શ્લોકમાં પુરુષાર્થ કયા કયા સમજવા જોઇએ તે કહેવાશે;

**मूलम्–धर्मार्थकाममोक्षाख्याश्चत्वारोऽर्था मनीषिणाम् ।**

सान्वयपदार्थः–मनीषिणाम् બુદ્ધિવાળા પુરુષોના धर्मार्थकाममोक्षाख्याः ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે નામ જેનાં એવા चत्वारः ચાર अर्थाः પુરુષાર્થો છે, (અને)

**શબ્દાર્થ**–ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ બુદ્ધિશાળી પુરુષોના છે.

**વિવેચન**–જે લોક બુદ્ધિવાળા છે તે ધર્માદિ ચારજ પુરુષાર્થને કર્તવ્ય સમજે છે, ચારની સંખ્યા બતાવી છે તેથી બીજા પુરુષાર્થ છે એમ સંદેહ કરવો નહિ, અને મનીષિ



શબ્દ મુકવાથી શાસ્ત્રાદિકને જોઈને જેની બુદ્ધિમાં નિશ્ચય થયેલો છે એવા પુરુષોનું સૂચન છે, તેથી એજ નિશ્ચય થાય છે કે એ ચારથી બીજા અધિક છે એવો વાદ કરનારને યથાર્થ વાદી સમજવા નહિ; તેમજ તેમના વાદનો સ્વીકાર કરવો નહિ. ઉપર જે ચાર પુરુષાર્થ કહ્યા તે તે પુરુષાર્થની અભિમાની દેવતા સહિત ધર્માદિક ગ્રહણ કરવા, જેમકે યજ્ઞાદિક કરવાથી ધર્મ સિદ્ધ થાય છે તે પુરુષાર્થ કહેવાય છે એ વિચાર સૂક્ષ્મ છે તેનો વિચાર સૂક્ષ્મ દૃષ્ટિથી કરવો.

## ભક્તિ માર્ગના પુરુષાર્થ જુદા છે

**શ્રીદેવકીનંદજીનો અભિપ્રાય**–પ્રથમ ધર્માદિ ચાર પુરુષાર્થ કહ્યા છે, તે બીજાના મતના છે અને ભક્તિમાર્ગમાં તે બીજા પુરુષાર્થનું ગ્રહણ નથી કેમકે, 'अनिमित्ता भागवती भक्तिः सिद्धेर्गरीयसी' ભગવાન્ની જે નિષ્કામ ભક્તિ છે તે સિદ્ધિઓથી પણ શ્રેષ્ઠ છે, બીજાઓની ધર્માદિ સંજ્ઞામાત્ર છે એમ જણાવવા आख्या પદ મુકયું છે, અને એ પુરુષાર્થ નથી. તે બતાવવા अर्थाः માત્ર કહ્યું પણ પુરુષાર્થ એમ કહ્યું નથી, અને मनीषिणां કહીને માત્ર વિદ્વાન્ (નિશ્ચયાત્મક બુદ્ધિવાળા)જ અધિકારી બતાવ્યા. તેથી સર્વ અધિકારી નથી એમ સિદ્ધ થયું, અને સ્વતઃ પુરુષાર્થમાં તો સર્વ અધિકારી જોઇએ તે તો ભક્તિમાંજ સર્વ અધિકારી છે, "देवोऽसुरो मनुष्यो वा" દેવ, દૈત્ય અને મનુષ્ય એ સર્વ અધિકારી છે, તેમજ ધર્માદિકમાં કાલાદિક અંગ (સાધન) છે, એટલે કાલાદિક અશુદ્ધ હોય તો તેની તેમાં સિદ્ધિ થાય નહિ, અને ભક્તિમાં તો કેવળ ભગવદનુગ્રહજ સાધન છે. કાલાદિકની સાધનતા નથી; જેમકે કલિકાલ કેટલાંક કર્મોમાં અયોગ્ય માન્યો છે; ભક્તિમાં તેમ નથી, પરંતુ તેનેજ સાધનભૂત કહ્યો છે. જો કે કલિકાલ દોષનો ભંડાર છે તોપણ તેમાં એક મોટો ગુણ છે તે હેતુથી ગુણને જાણવાવાળા આર્યજન અર્થાત્ મહાજનો એની સ્તુતિ કરે છે, આ પ્રમાણે ભક્તિનો[1] ઉત્કર્ષ જણાવી તેજ પુરુષાર્થ છે એમ સિદ્ધ કર્યું.

**ધર્માદિકનું સ્વરૂપ (શ્રીપુરુષોત્તમજી)**–"चोदना लक्षणोऽर्थो धर्मः" (વેદમાં પ્રેરણા કરી છે જેની એજ લક્ષણ એટલે સ્વરૂપ છે જેનું એવો જે અર્થ એટલે પદાર્થ તેજ ધર્મ) અર્થાત્ વેદમાં જે કરવાની આજ્ઞા કરી હોય તે ધર્મ અને વેદ આજ્ઞાથી વિરુદ્ધ આચરણ કરવું તે અધર્મ. શ્રીભાગવત સ્કંધ ૬ માં કહ્યું છે કે, 'वेदप्रणिहितो धर्मो ह्यधर्मस्तद्विपर्ययः' ॥ વેદથી વિહિત છે તે ધર્મ અને વિરુદ્ધ હોય તે અધર્મ. પ્રેરણા બે પ્રકારની છે. ૧ વિધિરૂપ, ૨ નિષેધરૂપ, 'ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत्' જેને સ્વર્ગની કામના હોય તે જ્યોતિષ્ટોમ (યજ્ઞ) કરીને યજન કરે એ **વિધિ** કહેવાય, અને 'मा हिंस्यात्सर्वाभूतानि' (કોઈ પ્રાણીની હિંસા કરવી નહિ આ **નિષેધ** કહેવાય. ધર્મ છે તે ક્રિયાત્મા છે, **તે ક્રિયાત્મા ધર્મ પણ બે પ્રકારનો છે.** બાહ્ય ક્રિયાત્મા અને આંતર ક્રિયાત્મા. બાહ્યક્રિયા કરવાથી જે ધર્મ સિદ્ધ થાય તે, જેમકે યજ્ઞ કરવો તેમાં સર્વ સામગ્રી બાહ્ય છે, એટલે જે ક્રિયા થાય છે તે બાહેરની થાય છે, શરીરની ભીતરની થતી નથી; એટલે તે બાહ્યક્રિયાત્મા ધર્મ કહેવાય. અને "કોઈ પ્રાણિની હિંસા નહિ

---

[1] कलेर्दोषनिधे राजन्नस्ति ह्येको महान् गुणः । कलिं समाजयन्त्यार्या गुणज्ञाः सारभागिनः ॥ इ०

કરવી" એમાં જે નિષેધ લખ્યો છે તે આંતરધર્મ કહેવાય. અંતરમાં દયા આવે તોજ હિંસાની નિવૃત્તિ થાય માટે તે આંતરધર્મ છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બે ભેદ વડે પણ ધર્મ બે પ્રકારનો છે. જેનાથી સંસારમાં ભોગાદિક મળે તે પ્રવૃત્તિધર્મ અને સંસાર જેનાથી મટી જાય તે નિવૃત્તિધર્મ. **અર્થ** પુરુષાર્થ અનેક પ્રકારનો છે. દ્રવ્ય, જમીન, ઘરેણું વિગેરે જે દ્રવ્યમૂલક છે તે સર્વનો અર્થમાં સમાવેશ થાય છે.

**કામ**–પુરુષાર્થ પણ અનેક પ્રકારનો છે. ઇંદ્રિયોના વિષયમાં તે ઇંદ્રિયને ભોગવવાના ઉપભોગ માત્ર તે કામ કહેવાય છે.

**મોક્ષ**–પુરુષાર્થ ચોથો છે તે એક જ પ્રકારનો છે તેમાં સર્વ માયાની નિવૃત્તિ એજ મોક્ષ એમ કેટલાક માને છે, તેમ જ પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય તેને પણ કેટલાક મોક્ષ માને છે. એ રીતે મતાંતરમાં અવાંતર ભેદે કરીને મોક્ષના પણ અનેક પ્રકાર છે, તે તે મતથી મોક્ષના સ્વરૂપમાં ભેદ છે પરંતુ મોક્ષ શબ્દ તો એક જ છે, સર્વ લોક મોક્ષપ્રાપ્તિની ઇચ્છા રાખે છે.

ઉપરના પુરુષાર્થનું સમાનપણું, અધિકપણું કે ન્યૂનપણું છે તે સંદેહ દૂર કરવા માટે તેનો પરસ્પરનો ભેદ બતાવવા માટે કહે છે.

**मूलम्–जीवेश्वरविचारेण द्विधा ते हि विचारिताः ॥ २ ॥**

सान्वयपदार्थः–તે ધર્માદિક ચારે પુરુષાર્થો जीवेश्वरविचारेण જીવ અને ઇશ્વરના વિચારે કરીને द्विधा બે પ્રકારના हि નિશ્ચયે કરીને विचारिताः વિચારેલા (છે).

**શબ્દાર્થ**–તે ચાર પ્રકારના પુરુષાર્થો પણ જીવના વિચારેલા અને ઇશ્વરના વિચારેલા એવી રીતે બે તરેહથી વિચારેલા છે.

**વિવેચન**–વેદ એક જ છે, વેદના અર્થભેદથી બે પ્રકાર છે. અનેક ઋષિઓએ જેની દૃષ્ટિમાં જે અર્થ આવ્યો તે તેણે બતાવ્યો એટલે તેમાં ભેદ થયો (હાલ પણ કેટલાક સ્વચ્છંદ રીતે વિપરીત અર્થ કરીને લોકને ભ્રાન્ત કરે છે અને વેદાચાર્ય બનવા તત્પર થાય છે) માટે ઇશ્વર શબ્દથી વેદનું અને જીવ શબ્દથી તેના અર્થને બતાવનારા ઋષિઓનું સૂચન થાય છે. (ઇશ્વરપદથી વેદ જ અર્થ કરવો એમ શ્રીદ્વારકેશજી કહે છે.) પુરુષાર્થના બે ભેદ બતાવીને હવે ત્રીજા શ્લોકમાં ઇશ્વરવિચારિત પુરુષાર્થનું સ્વરૂપ કહે છે.

**मूलम्–अलौकिकास्तु वेदोक्ताः साध्यसाधनसंयुताः ॥**

सान्वयपदार्थः–साध्यसाधनसंयुताः સાધ્ય (યજ્ઞાદિક) અને (સ્રુક્ સ્રુવાદિક) સાધનોએ કરીને સંયુક્ત એવા अलौकिकाः અલૌકિક (ઇશ્વર વિચારિત) પુરુષાર્થો तु તો वेदोक्ताः વેદમાં કહેલા છે (અને)

**શબ્દાર્થ**—જીવ અને ઇશ્વરના વિચારે કરીને આગળ કહેલા બે પ્રકારના ધર્માદિક પુરુષાર્થોમાં, સાધ્ય એટલે યજ્ઞાદિક અને તે યજ્ઞાદિકને સિદ્ધ કરવાનાં સ્રુક્સ્રુવાદિક સાધનો તે સહિત એવા અલૌકિક એટલે ઇશ્વરના વિચારેલા પુરુષાર્થો તો વેદમાં કહેલા છે.



## વેદમાં પુરુષાર્થ વિચાર

**વિવેચન-ધર્મ**—વેદોક્ત એટલે વેદથી જ સિદ્ધ અર્થાત્ જે પુરુષાર્થનું વેદ જ પ્રમાણ છે તે સાધ્ય સાધન કરીને યુક્ત યજ્ઞાદિક છે. જેમકે ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत આ વેદ-વચનથી સિદ્ધ છે કે યજ્ઞ કરવો અને તે યજ્ઞમાં સામગ્રી જોઈએ તે સાધન છે જેમકે अरुणया एकहायन्या गवा पिंगाक्ष्या सोमं क्रीणाति (લાલ રંગની પીળી આંખવાળી ૧ વર્ષની ગાય (વાછડી) આપીને સોમવલ્લી લેવી) એમાં સોમવલ્લી એ એક યજ્ઞની સામગ્રી છે તે લઈને તેનો અભિષવ કરવો જોઈએ, તે લેવાનો પ્રકાર એમ બતાવ્યો કે લાલ રંગની પીળી આંખવાળી એક વર્ષની વાછડી આપીને સોમવલ્લી વેચાતી લેવી. એ સામગ્રી સાધન કહેવાય. વળી वारणो यज्ञावचरो वैकंकतो यज्ञावचरः (વૈરણ સંબંધી યજ્ઞાવચર (પાત્ર વિશેષ) કરવું વિકંકત વૃક્ષ સંબંધી યજ્ઞનું અવચર કરવું) એ પ્રમાણેનાં સાધ્ય અને સાધન વેદના પ્રમાણથી જ સિદ્ધ છે, અને તે પ્રમાણે યજ્ઞાદિકરૂપ ધર્મ કરતાં કરતાં અપૂર્વ ધર્મ એટલે નિત્ય એવું ભગવદ્રૂપ પ્રકટ થાય છે.

**અર્થ**—પુરુષાર્થ પણ વેદથી સિદ્ધ થાય છે જેમકે "उद्भिदा यजेत पशुकामः" (જેને પશુની કામના હોય તે વૃક્ષ કરીને હોમ (યજન) કરે, એ રીતે અર્થ પ્રાપ્તિમાં વેદનું પ્રામાણ્ય છે.

**કામ**–પુરુષાર્થ પણ વેદમાં છાંદોગ્યઉપનિષદ્‌માં દિવ્ય સામોપાસનામાં બતાવ્યો છે તે પ્રમાણે સાધ્ય સાધનથી કામ પુરુષાર્થ સિદ્ધ થાય છે.

**મોક્ષ**–પુરુષાર્થ પણ વિવિધ વેદ વચનથી સિદ્ધ છે જેમકે "ब्रह्मविदाप्नोति परम्" જે બ્રહ્મને જાણે છે તે પરમાનંદને પ્રાપ્ત થાય છે તેમજ બૃહદારણ્યક ઉપનિષદ્‌ના અધ્યાય ૪ બ્રાહ્મણ ૪માં મૈત્રેયી બ્રાહ્મણમાં મોક્ષનું પ્રતિપાદન કર્યું છે.[1] યાજ્ઞવલ્કય ઋષિ પોતાની સ્ત્રી મૈત્રેયી પ્રત્યે કહે છે કે હે મૈત્રેયી! આ ગૃહસ્થાશ્રમથી ઉપરનો આશ્રમ જે ચતુર્થાશ્રમ તે પ્રત્યે જવાને હું ઇચ્છું છું અને તેમાં તારી અનુમતિ લઉં છું અને તારી સપત્ની [શોક્ય] આ કાત્યાયની છે તેનો અને તારો વિભાગ કરવા ધારૂં છું.)[2] દ્રવ્ય વિભાગ કરવા માટે યાજ્ઞવલ્કયે પૂછયું, ત્યારે પતિનું હાર્દ જાણીને **મૈત્રેયીએ** પ્રશ્ન કર્યો કે આખી પૃથ્વી દ્રવ્યથી ભરાઈ જાય એટલું દ્રવ્ય આપ આપો તો તે વડે કરીને યજ્ઞાદિક કરૂં તો મારો મોક્ષ થાય.

**યાજ્ઞવલ્કયે** ઉત્તર આપ્યું કે नेति (નહિ) જેમ સંસારિક સાધનવાળા મનુષ્યોનું જીવન છે તેવું જ તારૂં થશે, પરંતુ વિત્તથી સાધ્ય કર્મોએ કરીને મોક્ષની આશા નથી.

**મૈત્રેયી** કહે છે કે[3] જેણે કરીને મારો મોક્ષ ન થાય તે દ્રવ્યને લઈને હું શું કરૂં, માટે આપ જે મોક્ષનું સાધન જાણતા હો તે મને કહો.

યાજ્ઞવલ્કયે કહ્યું કે[4] હે પ્રિયા મૈત્રેયી તું પ્રિય વાત કહે છે તેથી હું તને મોક્ષ કહીશ તે

---

१ मैत्रेयीतिहोवाच याज्ञवल्क्य उद्यासन्वा अरेऽहमस्मात्स्थानादस्मि हंत तेऽनया कात्यायन्याऽन्तं करवाणीति ।

२ "सहोवाच मैत्रेयी। यन्नुम इयं भगोः सर्वा पृथिवी वित्तेन पूर्णास्यात् कथं तेनाऽमृता स्यामिति नेति हो वाच याज्ञवल्क्यो यथैवोपकरणवतां जीवितं तथैव ते जीवितंस्यादमृतत्वस्य नाऽऽशास्ति वित्तेनेति ॥२॥

३ "सहोवाच मैत्रेयी येनाहं नाऽमृतास्यां किमहं तेन कुर्यां यदेव भगवान् वेद तदेव मे ब्रूहीति" ।

४ "सहोवाच याज्ञवल्क्य प्रिया बताऽरेनः सती प्रियं भाषस एह्यास व्याख्यास्यामि ते व्याचक्षाणस्य मे निदिध्यासस्वेति ।

સર્વ સમજીને મનમાં નિશ્ચય કરી રાખજે.[1] હે મૈત્રેયી! સ્ત્રીને પતિ પ્રિય લાગે છે તે પતિને માટે નહિં પરંતુ પોતાના કામને માટે પ્રિય લાગે છે, એવી જ રીતે પુત્રાદિ પણ પોતાના કામને લીધે જ પ્રિય છે, તેથી આત્માને લીધે સર્વ પ્રિય છે માટે આત્માનું જ દર્શન કરવું, શ્રવણ કરવું, મનન કરવું અને નિદિધ્યાસન (નિશ્ચયપૂર્વક સ્મરણ) કરવું યોગ્ય છે કે જે આત્માનાં દર્શન, શ્રવણ, મનન અને અનુભવથી સર્વ જણાય છે. એ રીતે મૈત્રેયી બ્રાહ્મણમાં **મોક્ષનો** ઉપદેશ કરેલો છે.

**શ્રીદેવકીનંદનજી** પોતાનો અભિપ્રાય એવો લખે છે કે, વેદમાં કહેલા ધર્માદિ પુરુષાર્થ અલૌકિક સમજવા.

**શંકા**–યજ્ઞ કરવો એમ વેદમાં કહ્યું છે અને યજ્ઞનું ફળ સ્વર્ગ પ્રાપ્તિ કહી છે તો સ્વર્ગ એ પણ એક લોક જ છે, તેથી યજ્ઞ લૌકિક થયો અલૌકિક સિદ્ધ શી રીતે થાય?

**ઉત્તર**–વેદમાં સ્વર્ગ શબ્દથી લૌકિકત્વનું સૂચન નથી પણ સુખનું નામ સ્વર્ગ છે જેમકે[2] જે દુઃખ કરીને યુક્ત નથી અને જેનો નાશ નથી તેમ જ જે ઇચ્છાથી પ્રાપ્ત થયું છે એવું જે કાંઈ સુખ છે તે જ સ્વર્ગ વાચ્ય છે. આ ઉપરથી સ્વર્ગ એટલે આત્મસુખ જ એમ સિદ્ધ છે, તેથી અલૌકિક છે.

**શંકા**–યજ્ઞનું ફળ તો અલૌકિક ઠર્યું; પરંતુ તે યાગ સાધનભૂત છે, તેથી તે સાધનો તો લૌકિક છે?

**ઉત્તર**–સર્વ સાધનનું પણ અલૌકિકપણું જ છે અને યજ્ઞ છે તે વિષ્ણુરૂપ જ છે. શ્રુતિમાં કહ્યું છે કે "यज्ञो वै विष्णुः" તેથી સાધન સહિત યજ્ઞ ભગવત્સ્વરૂપ છે તે વિષે શ્રીમહાચાર્યજીએ નિબંધમાં કહ્યું છે કે "तत्साधनं च स हरिः प्रयाजादि स्रुगादियत्" યજ્ઞનું સાધન તે હરિ જ છે અને જે પ્રયાજાદિ યજ્ઞનાં અંગ છે તેમજ સ્રુક આદિ પદાર્થ છે તે પણ ભગવદ્રુપ અલૌકિક છે.

**સર્વ પુરુષાર્થમાં પણ બે પુરુષાર્થ મુખ્ય છે.** તે એ કે ૧ દુઃખનો અભાવ, ૨ સુખની પ્રાપ્તિ કેમકે શ્રીમહાચાર્યે નિબંધમાં આજ્ઞા કરે છે કે "दुःखाभावः सुखं चेति पुरुषार्थद्वयं मतम्" (દુઃખની નિવૃત્તિ અને સુખનીપ્રાપ્તિ અર્થાત્ મોક્ષ. અને કામ (આત્મસુખ) એ સાક્ષાત્પુરુષાર્થ છે અને ધર્મ છે, તે સુખ પ્રાપ્તિમાં સાધન છે, અને અર્થ છે તે ધર્મનું સાધન છે જેમકે નિબંધમાં કહ્યું છે કે "धर्मोह्यर्थेन साधितः" તેથી ધર્માદિ સાધનભૂત પુરુષાર્થ છે, અને મુખ્ય મોક્ષ અને આત્મસુખ એ બે પુરુષાર્થ છે, કારણ કે વેદમાં બે કાંડ છે. પૂર્વકાંડ અને ઉત્તરકાંડ. પૂર્વકાંડમાં યજ્ઞાત્મક ધર્મ કહ્યો છે અને ઉત્તરકાંડમાં મોક્ષનું સાધન જ્ઞાન કહેલું છે, એટલે આત્મસુખ અને મોક્ષ એ બે પુરુષાર્થ મુખ્ય છે, અને ધર્મ અને અર્થ એ સાધન છે, એ ચારે પુરુષાર્થ અલૌકિક છે. લોકદૃષ્ટિથી લૌકિક જણાય પરંતુ વિચાર કરતાં અલૌકિકનું સ્વરૂપ સમજાય છે, જેમકે સ્ફટિક અને હીરાકણી અજ્ઞાનને સરખાં જણાય પણ વિચારવાન્ પરીક્ષકને તેનો ભેદ સમજાય છે.

---

૧ "नवा अरे पत्युः कामाय पतिः प्रियो भवत्यात्मनस्तु कामाय पतिः प्रियो भवति इत्यारभ्य" आत्मावा अरे द्रष्टव्यः श्रोतव्योः मंतव्यो निदिध्यासितव्यो मैत्रेय्यात्मनो वा दर्शनेन श्रवणेन मत्वा विज्ञानेनेदं सर्वं विदितमिति"

૨ "यन्नदुःखेन संभिन्नं न च ग्रस्तमनंतरम्, अभिलाषोपनीतं च तत्सुखं स्वः पदास्पदम्"



એ પ્રમાણે અલૌકિક ધર્મ–અર્થ–કામ અને મોક્ષનું સ્વરૂપ અને લક્ષણ કહ્યું. હવે લૌકિક સંબંધી વિચાર કહે છે, તે લૌકિક જીવ વિચારિત છે તે કહે છે.

### मूलम्–लौकिका ऋषिभिः प्रोक्तास्तथैवेश्वरशिक्षया ॥ २ ॥

सान्वयपदार्थः—लौकिकाः લૌકિક (જીવના વિચારેલા) પુરુષાર્થો ऋषिभिः ઋષિઓએ ईश्वरशिक्षया ઇશ્વરની શિક્ષા (પ્રેરણા) વડે तथा તેમ एव જ प्रोक्ताः (પોતપોતાની સ્મૃતિઓમાં) કહેલા છે.

શબ્દાર્થ—લૌકિક એટલે જીવના વિચારેલા પુરુષાર્થો મનુ, કપિલાદિક ઋષિ લોકોએ સર્વના નિયામક ઈશ્વરની પ્રેરણા વડે તેમની આજ્ઞાનુસાર પોતપોતાની સ્મૃતિઓમાં કહેલા છે.

### લૌકિક જીવ વિચારિત પુરુષાર્થ

વિવેચન—મન્વાદિ ઋષિઓએ પોતપોતાની સ્મૃતિઓમાં ધર્માદિક કહ્યા છે તે લૌકિક છે. અર્થાત્ લૌકિક સ્મૃતિ સિદ્ધ છે.

**શંકા**—ઋષિઓ તો સર્વજ્ઞ અને વેદના અભિપ્રાયને જાણનાર છે, છતાં તેમણે ધર્માદિ વૈદિક પુરુષાર્થથી ભિન્ન પુરુષાર્થો કેમ બતાવ્યા?

**ઉત્તર**—तथैवेश्वरशिक्षया સંસારની વિચિત્રતાને માટે અને અધિકારી ભેદને માટે ઇશ્વરે તેમને જેવી પ્રેરણા કરી તે પ્રમાણે તેમણે કહ્યું, તેમાં તેમના ઉપર કાંઇ પણ દોષારોપ થઇ શકતો નથી; "नो लङ्घनीयाः कुलदेशधर्माः" (કુળધર્મ અને દેશધર્મનું ઉલ્લંઘન કરવું નહિ) અર્થાત્ કુલાચાર તથા દેશાચાર પ્રમાણે જ ચતુર પુરુષે ચાલવું જોઇએ. शूद्रेषु दासगोपालः શૂદ્રોમાં દાસનું અને ગોપાલનું અન્ન ભોજયાન્ન છે.) અને "चतुर्थीमुद्वहेत्कन्यां" (ચતુર્થ પિંડીની કન્યા સાથે વિવાહ થઇ શકે છે) તેમ જ "योगेनैव दहेदंहः" (યોગે કરીને પાપનો નાશ કરવો) એ પ્રમાણે અનેક ભિન્ન ભિન્ન વાકયો મળી આવે છે તેથી નિશ્ચય થાય છે કે જેવી ઈશ્વરની ઇચ્છા તેવી જ પ્રેરણાથી સ્મૃત્યાદિ ગ્રંથો થએલા છે.

**શ્રીપુરુષોત્તમજી**–શ્રીભાગવત એકાદશસ્કંધમાં ૧૪ મા અધ્યાયમાં ઉદ્ધવજીએ શ્રીકૃષ્ણ પ્રત્યે પ્રશ્ન કર્યો છે કે,[1] હે શ્રીકૃષ્ણ! બ્રહ્મવાદી લોક અનેક પ્રકારનાં શ્રેય કહે છે. વેદ

---

૧ वदंति कृष्ण श्रेयांसि बहूनि ब्रह्मवादिनः। तेषां विकल्प प्राधान्यमुताहो एकमुख्यतः ॥
भवतोदाहृतः स्वामिन् भक्तियोगोनपेक्षितः। निरस्यसर्वतः सङ्गं येन त्वय्या विशेन्मनः ॥

**श्रीभगवानउवाच–**

कालेन नष्टा प्रलये वाणीयं वेदसंज्ञिता। मयादौ ब्रह्मणे प्रोक्ता धर्मो यस्यां मदात्मकः ॥
तेन प्रोक्ता च पुत्राय मनवे पूर्वजाय सा। ततो भृग्वादयोऽगृह्णन्सप्त ब्रह्म महर्षयः ॥
तेभ्यः पितृभ्यस्तत्पुत्रा देवदानव गुह्यकाः। मनुष्याः सिद्धगंधर्वाः सविद्याधरचारणाः ॥
किंदेवाः किन्नरा नागा रक्षः किंपुरुषादयः। बह्व्यःस्तेषां प्रकृतयो रजःसत्वतमोभुवः ॥
याभिर्भूतानि भिद्यन्ते भूतानां मतयस्तथा। यथाप्रकृति सर्वेषां चित्रा वाचः स्रवंतिहि ॥
एवं प्रकृति वैचित्र्याद्भिद्यन्ते मतयोनृणाम्। पारंपर्येण केषांचित्पाषंडमतयोऽपरे ॥
मन्माया मोहितधिष्यः पुरुषाः पुरुषर्षभ ॥ श्रेयो वदन्त्यनेकान्तं यथाकर्म यथारुचि ॥

જાણનારા ઋષિલોક અનેક પ્રકારનાં સુખ અને તે પ્રાપ્ત કરવાનાં સાધન કહે છે, તેમાં કોઈની મુખ્યતા છે કે સર્વે સમાન જાણવાં? હે શ્રીકૃષ્ણ! આપ તો ભક્તિયોગનો જ છેવટ ઉપદેશ કરો છો જેમાં બીજાં સાધનની અપેક્ષા જ રહેતી નથી અને જે ભક્તિયોગથી સર્વ સંગ છોડીને મન આપમાં જ પ્રવેશ કરે છે તો મારે શું ખરૂં સમજવું?

**ઉત્તર**—શ્રીકૃષ્ણ કહે છે કે, જ્યારે કાલે કરીને પ્રલય થયો ત્યારે મારી વાણીરૂપી વેદનો પણ તિરોભાવ થયો, અને જ્યારે મારી ઈચ્છાથી ફરીથી સૃષ્ટિનો આરંભ થયો ત્યારે મેં વેદનો ઉપદેશ બ્રહ્માને કહ્યો કે જેમાં ભગવદ્‌ભક્તિનો જ ઉપદેશ છે. પછી બ્રહ્માજીએ પોતાના પુત્ર મનુને એ વેદવાણીનો ઉપદેશ કર્યો. પછી મનુએ ભૃગુ આદિ સાત મહર્ષિને ઉપદેશ કર્યો. એ સપ્તર્ષિનાં નામ ૧ ભૃગુ, ૨ મરીચિ, ૩ અત્રિ, ૪ અંગીરા, ૫ પુલસ્ત્ય, ૬ પુલહ, ૭ ક્રતુ. એ સાત ઋષિઓની પાસેથી તેમના પુત્રો ભણ્યા, અને તેઓની પાસેથી દેવતા, દાનવ, ગુહ્યક, મનુષ્ય, સિદ્ધ, ગંધર્વ, વિદ્યાધર, ચારણ, નાગ, યક્ષ આદિ અનેક ભણ્યા, એ સર્વે ભણ્યા તો ખરા પરંતુ તે સર્વેની પ્રકૃતિ જુદિ જુદિ હોવાથી તે તે સત્ત્વ, રજ અને તમ પ્રકૃતિને અનુસારે સમજવામાં ભેદ પડતો ગયો એટલે તે તે વ્યક્તિઓએ વેદના અભિપ્રાયના અર્થ (વ્યાખ્યા–ભાષ્યાદિ) પોતાની પ્રકૃતિ અનુસારે કર્યા. એવી રીતે વિચિત્રતાથી બુદ્ધિમાં ભેદ થવા લાગ્યા અને પછીથી તો વેદના અધ્યયનના અભાવે પોતાની બુદ્ધિ પ્રમાણે ઉપદેશ કરવાથી કેટલાક તો પાખંડી પણ થાય છે. હવે વેદ વિરૂદ્ધ અર્થ કરવામાં અને પાખંડી થવામાં પણ ભગવાન્‌ની ઈચ્છા કારણરૂપ છે. તે ભગવાન્‌ની શક્તિ માયાથી મોહિત થઈ અનેક પ્રકારના કર્માનુસાર પોતાની બુદ્ધિ પ્રમાણે કલ્યાણના રસ્તા બતાવી મતાંતર ચલાવે છે. તે ઉપરથી तथैवेश्वर-शिक्षया આ વચનમાં શંકાનો અવકાશ રહેતો નથી.

**શ્રી દેવકીનંદનજી**–"त्वं च रुद्र महाबाहो मोहशास्त्राणि कारय" (પદ્મપુરાણમાં ભગવાને રૂદ્ર પ્રતિ આજ્ઞા કરી છે કે હે રૂદ્ર તમે મોહકશાસ્ત્રો કરીને લોકને મારાથી વિમુખ કરો) તેથી સિદ્ધ થાય છે કે ઈશ્વરાજ્ઞાથીજ આવાં મોહકશાસ્ત્રો રચાયાં.

ઈશ્વરવિચારિત અને જીવવિચારિત એવા બે ભેદ બતાવ્યા તે અલૌકિક અને લૌકિક એ સંજ્ઞા રાખીને સાર એવો સૂચવ્યો કે અલૌકિકનો સ્વીકાર કરવો અને લૌકિકનો સ્વીકાર કરવો નહિં. ૩

એ પ્રકારે બંને પુરૂષાર્થનું સ્વરૂપ કહીને કહે છે કે અલૌકિક તો વેદસ્થિત નિઃસંદિગ્ધ છે એટલે તેમાં સંદેહ નથી; પરંતુ લૌકિક ઘણા પ્રકારના હોવાથી તેમાં સંદેહ થાય તો સ્વમાર્ગીયને ગ્રહણ કરવા યોગ્ય શું છે તેમાં સંદેહ થાય તેને માટે લૌકિક પુરૂષાર્થનું સ્વરૂપ બતાવવાની પ્રતિજ્ઞા કરે છે.

### मुलम्–लौकिकाँस्तु प्रवक्ष्यामि वेदादाद्यायतः स्थिताः ।

सान्वयपदार्थः–यतः જેથી आद्याः પ્રથમના અલૌકિક પુરૂષાર્થો वेदात् વેદનો આશ્રય **કરીને स्थिताः રહેલા છે (અને) लौकिकान् લૌકિક પુરૂષાર્થોને तु તો प्रवक्ष्यामि પ્રકર્ષે કરીને કહું છું.**



**શબ્દાર્થઃ**—જે હેતુ માટે પ્રથમના અલૌકિક એટલે ઈશ્વરના વિચારેલા ચાર પુરૂષાર્થો વેદમાં રહેલા છે તે વેદથી જાણી શકાય છે. અને લૌકિક એટલે જીવના વિચારેલા પુરૂષાર્થોને સારી રીતે સમજી શકાય તે રીતે કહું છું.

**વિવેચન**—લૌકિક અર્થાત્ સ્મૃત્યુકત ધર્માદિ ચાર પુરૂષાર્થને સારી રીતે કહુંછું કેમકે જે અલૌકિક છે, તે કાંડદ્વયાત્મક વેદમાં પ્રમાણ સાથે સિદ્ધ છે; એટલે તેમાં સંદેહ નથી, કેમકે જૈમિનિકલ્પકાર અને બાદરાયણ એ આચાર્યોએ શબ્દનું બલાબલ વિચારીને વ્યવસ્થા કરી છે, જેમકે વૈદિકધર્મની ઈચ્છા હોય તો પોતાની શાખા અનુસાર જૈમિનીયકલ્પથી ધર્મ સિદ્ધ કરવો; એવી રીતે બીજા અર્થ અને કામ પણ તે પ્રમાણે સિદ્ધ કરી લેવા અને જો મોક્ષની ઈચ્છા હોય તો પોતાના અધિકાર અનુસાર ઉત્તરમીમાંસાથી સ્વતોમોક્ષ વા પરતો મોક્ષ સિદ્ધ કરવો.

બ્રહ્મવાદવડે સ્વતો મોક્ષ, ભેદાદિવાદથી પરતો મોક્ષ થાય છે. એમ નિબંધમાં છે.

હવે લૌકિક પુરુષાર્થ પ્રતિપાદન કરવાવાળાં શાસ્ત્રોનો ઉપન્યાસ કરે છે કેમકે જે સિદ્ધ કરવાનો પદાર્થ પ્રમાણને આધીન રહે છે.

### मूलम्–धर्मशास्त्राणि नीतिश्च कामशास्त्राणि च क्रमात् ॥ ४ ॥

सान्वयपदार्थः–धर्मशास्त्राणि ધર્મશાસ્ત્ર [મન્વાદિ સ્મૃતિઓ અને ગૃહ્યસૂત્ર વગેરે] च અને नीतिः (બૃહસ્પતિ વગેરેએ કહેલી) રાજનીતિ च અને कामशास्त्राणि કામશાસ્ત્ર [વાત્સ્યાયનસૂત્ર વગેરે] તે (બધાં) क्रमात् અનુક્રમથી.

**શબ્દાર્થ**—ધર્મશાસ્ત્ર (સ્મૃતિઓ અને ગૃહ્યસૂત્ર) અને નીતિ શાસ્ત્ર તથા કામશાસ્ત્રો ક્રમથી (ધર્મ, અર્થ અને કામ સાધન છે.)

**વિવેચન**—ધર્મશાસ્ત્ર, એટલે ધર્મપ્રતિપાદક મન્વાદિ સ્મૃતિઓ અને ગૃહ્યસૂત્રાદિનું ગ્રહણ સૂચવે છે. વામમાર્ગ પ્રતિપાદક આગમ અગ્રાહ્ય છે. તેવીજ રીતે નીતિશાસ્ત્ર કહેતાં બૃહસ્પતિ આદિ આચાર્યો કૃત રાજનીતિ ગ્રાહ્ય છે તેથી એક વચન મુકયું છે. બીજાં નીતિશાસ્ત્રમાં બ્રહ્મનીતિ, વૈશાલાક્ષનીતિ, વાહુદંતકનીતિ, પ્રાચેતસનીતિ લુપ્તપ્રાય છે, તે વગર બીજાં દ્યૂતશાસ્ત્ર વિગેરે અગ્રાહ્ય છે, હવે કામશાસ્ત્રમાં વાત્સાયનસૂત્ર ગ્રાહ્ય છે બીજાં બ્રાહ્મ, નાંદ, બાભ્રવ્ય વિગેરે પ્રણીત કામશાસ્ત્ર યદિ લુપ્તપ્રાય છે પરંતુ કદી પ્રાપ્ય હોય તો પણ તે અગ્રાહ્ય છે. કામશાસ્ત્રાણિ એ બહુવચનથી દંતકાદિ પ્રણીત કામશાસ્ત્રનું ગ્રહણ છે. પરંતુ કૌલાદિ મત પ્રતિપાદિત કામશાસ્ત્ર અગ્રાહ્ય છે કેમકે તેમાં मातृयोनिं परित्यज्य विहरेत्सर्वयोनिषु ઈત્યાદિક ખરાબ સિદ્ધાંત હોવાથી તે અગ્રાહ્ય છે.

હવે એ ત્રણ શાસ્ત્રક્રમથી—

### मूलम्–त्रिवर्गसाधकानीति न तन्निर्णय उच्यते ।

सान्वयपदार्थः–त्रिवर्गसाधकानि ત્રિવર્ગ (ધર્મ, અર્થ, અને કામ) ને સિદ્ધ કરનારાં છે એવા इति હેતુથી तन्निर्णयः त [ધર્મ, અર્થ, કામ] નો નિર્ણય [અમો] न નથી उच्यते કહેતા.

શબ્દાર્થ—(ઉપર બતાવેલાં ત્રણ શાસ્ત્રો) ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ અને કામને સિદ્ધ કરનારાં છે માટે તેનો નિર્ણય અમો કહેતા નથી.

વિવેચન—ધર્મ, અર્થ અને કામને સિદ્ધ કરનાર તે તે શાસ્ત્રો સાધક છે તેથી તેમાં કહ્યા પ્રમાણે અનુષ્ઠાન કરવાથી તે યથાર્થ સિદ્ધ થાય છે. એ ત્રિવર્ગ સાધનભૂત છે અને તેમાં પ્રયાસ પણ ઘણો છે, અને તેનું ભક્તિમાર્ગમાં ગ્રહણ નહિં હોવાથી તેનો નિર્ણય કરીશું નહિ.

એ પ્રમાણે ત્રિવર્ગની વ્યવસ્થા કહીને સર્વના ફલરૂપ જે મોક્ષ પુરૂષાર્થ છે તે એક પ્રકારનો છે કે અનેક પ્રકારનો એમ સમજાવવા તેના ભેદ કહેવાનો ઉપક્રમ કરે છે.

**मूलम्–मोक्षे चत्वारि शास्त्राणि लौकिके परतः स्वतः ॥ ५ ॥**

सान्वयपदार्थः––(મોક્ષ કે જે સંસારથી છુટવાનો પુરૂષાર્થ છે તેને કહીએ છીએ) लौकिके લૌકિક [જીવ વિચારિત] मोक्षे મોક્ષમાં चत्वारि ચાર शास्त्राणि શાસ્ત્રો છે [અને તે મોક્ષ એક તો] परतः બીજાથી થવાનો (અને બીજો) स्वतः પોતાથી થવાનો (એમ બે પ્રકારનો છે)

**શબ્દાર્થ**—લૌકિક એટલે જીવ વિચારિત મોક્ષમાં ચાર શાસ્ત્રો છે અને તે મોક્ષના બે પ્રકાર છે. એક બીજાથી થવાનો અને બીજો પોતાથી થવાનો એટલે મોક્ષના બે પ્રકારમાં દરેકના બબે મળી ચાર શાસ્ત્રો છે.

**વિવેચન**––મોક્ષ બે પ્રકારનો છે. એક સ્વતો મોક્ષ એટલે પોતાને આધીન અને બીજો પરતોં મોક્ષ એટલે પરાધીન, એટલે બીજા દ્વારા થવાનો એ બે પ્રકારના મોક્ષમાં દરેકમાં બબે મળી ચાર શાસ્ત્રો છે એનો ખુલાસો આગળ આવશે; એ વગરના "प्रजामनुप्रजायन्ते तदुमर्त्यामृतं विदुरिति श्रुत्युक्तः । "स्वर्गं मोक्षं सुखानि च" प्रयच्छन्ति तथा राज्यं प्रीतानृणां पितामहाः" (પ્રજાની કેડે ઉત્પન્ન થાય છે તે મોક્ષને પામે છે. સ્વર્ગ, મોક્ષ, સુખ અને રાજ્ય પ્રસન્ન થયેલા એવા પિતામહો આપે છે.)

ઉપર કહેલા વાક્ય પ્રતિપાદક શાસ્ત્ર સ્વીકારવા યોગ્ય નથી તેમ જ તંત્રાદિ ગ્રંથમાં કહેલો મોક્ષ પણ તેના જેવોજ અગ્રાહ્ય છે, માટે તેની ગણના ન કરતાં જે મોક્ષ પ્રતિપાદક ચાર શાસ્ત્રો છે તે જ કહ્યાં છે.

સ્વાધીન અને પરાધીન એવા બે ભેદ બતાવીને પરાધીન મોક્ષને બે પ્રકારનો અને સ્વાધીન મોક્ષને પણ બે પ્રકારનો કહે છે––

**मूलम्–द्विधा द्वे द्वे स्वतस्तत्र सांख्ययोगौ प्रकीर्तितौ ।**
**त्यागाऽत्यागविभागेन सांख्ये त्यागः प्रकीर्तितः ॥ ६ ॥**

सान्वयपदार्थः––द्वेधा બે પ્રકારનો છે [તેમાં પણ એક એક મોક્ષમાં] द्वे બે द्वे બે (શાસ્ત્રો છે) तत्र ત્યાં स्वतः સ્વતો (મોક્ષમાં) त्यागात्यागविभागेन ત્યાગ અને અત્યાગના ભેદે કરીને सांख्ययोगौ સાંખ્ય અને યોગ (એ બે શાસ્ત્રો) प्रकीर्तितौ કહેલાં છે (તેમાંના) सांख्ये સાંખ્ય શાસ્ત્રમાં त्यागः (અનાત્મ વસ્તુનો) ત્યાગ प्रकीर्तितः કહેલો છે.

**શબ્દાર્થ**—તે મોક્ષ બે પ્રકારનો છે તેમાં પણ એક એક પ્રકારના મોક્ષમાં બે બે શાસ્ત્રો છે ત્યાં સ્વતઃ મોક્ષમાં ત્યાગ અને અત્યાગના ભેદે કરીને સાંખ્ય અને યોગ એ બે શાસ્ત્રો કહેલાં છે, તેમાંના સાંખ્ય શાસ્ત્રમાં અનાત્મ વસ્તુનો ત્યાગ કહેલો છે.



## ત્યાગ કરવા લાયક શાસ્ત્રાંશ

**વિવેચન**––ઉપર ચાર શાસ્ત્ર મોક્ષ પ્રતિપાદક કહ્યાં, તે શિવાય વૈશેષિકદર્શન અને ન્યાયદર્શન મોક્ષપ્રતિપાદક શાસ્ત્ર છે, પરંતુ તેમાં કેટલીક વાત વેદ વિરૂદ્ધ છે, તેથી શિષ્ટ પુરુષો એનો આદર કરતા નથી, જેમકે પારાશરોપપુરાણમાં કહ્યું છે કે अक्षपादप्रणीते च काणादे सांख्ययोगयोः । त्याज्यः श्रुतिविरुद्धोंऽश श्रुत्यैकशरणैर्नृभिः (અક્ષપાદ એટલે ગૌતમ અને કણાદમુનિપ્રણીત શાસ્ત્રોમાં શ્રુતિ વિરુદ્ધ અંશ હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે. તે તે દર્શનમાં જે અંશ વેદવિરુદ્ધ હોય તે સમજીને વૈદિક મતાનુસારી મનુષ્યે ગ્રહણ કરવું નહિ. તેમ જ ચાર્વાક, બૌધ, જૈન એ દર્શન તો અનાદરણીય જ છે; તેથી તેનો સિદ્ધાન્ત અહીં બતાવવાની જરૂર નથી, કેમકે તે વૃથા છે. અને અપરિપક્વ બુદ્ધિવાળાને મોહક હોવાથી અપ્રકૃત છે.

## સાંખ્ય

**સાંખ્ય**–એ પ્રાચીન દર્શન છે, એના બે ભેદ છે. સેશ્વરસાંખ્ય અને નિરીશ્વરસાંખ્ય. સેશ્વરસાંખ્યને યોગ કહે છે, અને નિરીશ્વરસાંખ્યમાં સાંખ્યની રૂઢિ રહેલી છે. એ સાંખ્ય શાસ્ત્રના પ્રથમ પ્રવર્તક શ્રીકપિલદેવજી છે, એ કાપિલસૂત્રનો પ્રાચીન સાંખ્ય ગ્રંથ ઉપસ્થિત નથી. એ કપિલ મહામુનિ કર્દમઋષિના પુત્ર અને ભગવદાવતાર છે. તેમણે પોતાની માતાને સાંખ્ય શાસ્ત્રનું જ્ઞાન આપેલું છે, તે શ્રીમદ્‌ભાગવતમાં તૃતીયસ્કંધમાં વિદ્યમાન છે. જેમ ચિકિત્સાશાસ્ત્રમાં ચાર વ્યૂહ છે, ૧ રોગ, ૨ આરોગ્ય, ૩ રોગનિદાન, ૪ ઔષધ, તેમ સાંખ્યશાસ્ત્રમાં પણ ચાર વિષય છે, જેને વ્યૂહ [સાધન સમુદાય] કહે છે તે ૧ હેય, ૨ હાન, ૩ હેયહેતુ, ૪ હાનોપાય. જે ત્રણ દુઃખ ત્યાગ કરવા યોગ્ય છે તેને **હેય** કહે છે, અભિમાનાદિકનો ત્યાગ તેને **હાન** કહે છે. પ્રકૃતિ અને પુરુષના સંયોગદ્વારા જે અજ્ઞાન થઈ રહ્યું છે તે **હેયહેતુ** છે. વિવેકની ખ્યાતિ અને વિવેકનો ઉપદેશ અર્થાત્ ત્યાગોપાય તેને **હાનોપાય** કહે છે.

**હેય**–હેય એટલે ત્રણ દુઃખનો ત્યાગ. ૧ આધ્યાત્મિક, ૨ આધિદૈવિક, ૩ આધિભૌતિક. હવે પ્રથમ જે આધ્યાત્મિક દુઃખ કહ્યું તે આંતર ઉપાયથી મટે છે. તે આંતર ઉપાયના બે પ્રકાર છે. ૧ શારીર, ૨ માનસ. તેમાં શારીર એ છે કે વાત, પિત્ત, કફની વિષમતાથી જે ઉત્પન્ન થાય છે તે જેની વ્યાધિ સંજ્ઞા છે, તેમાં અનેક ભેદ છે અને બીજો માનસ તે કામ, ક્રોધ, લોભ, મોહ, ભય, ઈર્ષ્યા ઇત્યાદિકથી જે દુઃખ ઉત્પન્ન થાય તે. તેમાં પણ અવાંતર ભેદ અનેક છે. હવે બીજું દુઃખ **આધિભૌતિક** તે મનુષ્ય, પશુ, પક્ષી આદિ દ્વારા થયેલું હોય તે. અને ત્રીજું **આધિદૈવિક** દુઃખ એ કે જે યક્ષ, રાક્ષસ, ભૂતાદિકના સંબંધથી થાય તે. તે બાહ્ય ઉપાયથી મટી શકે છે. એ ત્રણ દુઃખની નિવૃત્તિ એ પુરુષાર્થ છે.

**સાંખ્યતત્વ વિચાર**–એ સાંખ્યનો સાર ઈશ્વરકૃષ્ણ આચાર્યે સાંખ્યતત્ત્વ નામક ગ્રંથમાં ૭૨ કારિકામાં લખ્યો છે, તેની ટીકા વાચસ્પતિમિશ્રે કરી છે તેનું નામ કૌમુદી છે. એ બે મળીને સાંખ્ય તત્વકૌમુદી નામે ગ્રંથ પ્રસિદ્ધ છે, તેની ત્રીજી આર્યામાં સંક્ષેપથી આખા ગ્રંથનો સાર બતાવ્યો છે. આ સંસારમાં ચાર જાતના પદાર્થ છે. ૧ કારણ, ૨ કારણ તથા

કાર્ય, ૩ કાર્ય, ૪ કાર્ય પણ નહિં અને કારણ પણ નહિં. ૧ સર્વની મૂલભૂત જે પ્રકૃતિ છે તે જ કારણ છે કેમકે સર્વ એનાથી ઉત્પન્ન થાય છે. એ પ્રકૃતિ કોઈનાથી ઉત્પન્ન થઈ નથી.[1]

૨ મહદાદિ સાત પદાર્થ કારણ પણ છેઅને કાર્ય પણ છે તે સાતનાં નામ. ૧ મહત્તત્વ, ૨ અહંકાર અને પાંચ તન્માત્રા (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ) એ સાત સર્વના ઉત્પન્નમાં હેતુ છે તેમજ એ સર્વ ઉત્પન્ન થયેલા છે તેથી કાર્ય પણ છે અને કારણ પણ છે.

૩ જે ઉત્પન્ન થયેલા છે પણ બીજાને ઉત્પન્ન કરવાવાળા નથી તે પદાર્થ ૧૬ છે. પાંચ મહાભૂત (પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ) પાંચ જ્ઞાનેંદ્રિય [આંખ, નાક, કાન, જીભ અને ત્વચા] પાંચ કર્મેન્દ્રિય (હાથ, પગ, મુખ, ઉપસ્થ, ગુદા) અને સોળમું મન. એ સોળ તત્ત્વનો જે ગણ છે તે કાર્ય છે. જો કે ઘટાદિક પદાર્થમાં પૃથ્વી કારણ કહેવાય છે પણ તે ઘટાદિ પૃથ્વીથી ભિન્ન નથી કેમકે કારણથી ભિન્ન કાર્ય હોય તો જ કાર્ય કારણની કલ્પના કરાય છે.

૪ ચોથો પદાર્થ જે કોઈનું કારણ પણ નથી અને કાર્ય પણ નથી. તે પુરુષ છે, કે જે કૂટસ્થ છે, નિત્ય છે, અને અપરિણામી છે, જેમાં કાર્ય કારણનો અભાવ છે. એ પ્રમાણે ચાર પ્રકારના પદાર્થ મળીને ૨૫ તત્ત્વ સાંખ્યશાસ્ત્રમાં ગણાય છે. એમાં મુખ્યતા પ્રકૃતિની માને છે અને પુરુષને અપ્રયોજક માને છે, તેથી એ સાંખ્યને નિરીશ્વર કહેવામાં આવે છે. હવે દરેક શાસ્ત્રમાં પ્રમાણ તો હોય છેજ, તો આ સાંખ્યમાં પ્રત્યક્ષ, અનુમાન, અને આપ્તવચન (શબ્દ) એ ત્રણ પ્રમાણ માને છે. કારણ કે પ્રમેયની સિદ્ધિ પ્રમાણથી થાય. વળી અન્ય કોઇ ઉપમાન પણ માને છે, પણ તેનો આ શાસ્ત્રમાં અનુમાનમાં અંતર્ભાવ માને છે એ પ્રમાણે પ્રમાણાદિ સિદ્ધ કરીને નિત્યાનિત્ય વસ્તુનો વિચાર કરેલો છે.[2]

**સાંખ્યનો ઉત્પત્તિક્રમ**–મૂલ પ્રકૃતિ છે તેનાથી મહત્તત્વ ઉત્પન્ન થયું અને તેનાથી ત્રણ પ્રકારનો ૧ સાત્ત્વિક, ૨ રાજસ, ૩ તામસ એ સાત્ત્વિક અહંકાર ઉત્પન્ન થયો. અહંકારથી મન સહિત અગીઆર ઈન્દ્રિય ઉત્પન્ન થયાં અને તામસ અહંકારથી પાંચ તન્માત્રા (શબ્દાદિ) થયાં. રાજસ અહંકારથી પૂર્વોક્ત બન્ને ઉત્પન્ન થયા.

**શંકા**–પ્રથમ તો એ સર્વની ઉત્પત્તિ સાત્ત્વિક અને તામસ અહંકારથી બતાવી તો ફરી તેજ રાજસથી ઉત્પન્ન થયાં એમ કેમ સંભવે?

**ઉત્તર**–સાત્વિક અને તામસ એ બન્ને અક્રિય હોવાથી પોતાની મેળે ક્રિયા કરવામાં અસમર્થ હોવાથી રાજસ ચંચળ હોવાથી તેણે સાત્ત્વિક અને તામસને પ્રવર્તાવેલા છે તેથી બન્નેમાં રાજસ હેતુભૂત છે. અને શબ્દાદિક તત્ત્વોથી પંચમહાભૂત ઉત્પન્ન થયાં. અને પ્રાણ છે તે કાંઈ જુદું તત્ત્વ નથી પરંતુ ઈન્દ્રિયોની સાધારણ વૃત્તિ છે. એ રીતે ચોવીસ તત્ત્વોનો ક્રમ છે.

## સાંખ્યનો પુરુષ

પચીસમું તત્ત્વ જે પુરુષ છે તે સર્વમાં છે પરંતુ એકજ નથી, પણ પ્રતિ શરીર જુદો જુદો હોવાથી અનેક છે, જો કદાચિત્ એક માનીએ તો એક પંડિત થતાં સર્વ પંડિત થવા જોઇએ, અથવા

૧ "मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त षोडशकस्तु विकारो न प्रकृतिर्न विकृतिः पुरुषः ॥"

૨ दृष्टमनुमानमाप्तवचनं च सर्वप्रमाणसिद्धत्वात् ।
त्रिविधं प्रमाणमिष्टं प्रमेयसिद्धिःप्रमाणाद्धि ॥



એક પરલોક પ્રાપ્ત થતાં બીજાને પણ પરલોક પ્રાપ્ત થવો જોઈએ પણ તેમ થતું નથી; તેથી પ્રતિ શરીર જુદો અને અનેક માનવો જોઈએ (આ દુષણ માયાવાદીના મતમાં પણ આવે છે) પુરુષ (પ્રકૃતિજન્ય) પ્રપંચમાં વર્તમાન છે. તો પણ પાણીમાં કમળપત્રની પેઠે નિર્લેપ અને સાક્ષીરૂપ છે, કેમકે એનો સ્વભાવ નિસ્ત્રૈગુણ્ય છે અને પ્રકૃતિજન્ય પ્રપંચ સર્વ સુખ દુઃખ મોહાત્મક છે અને જડ છે તેથી જે કોઇપર અને ચેતન છે, ભોક્તા છે તેનું નામજ આત્મા અથવા પુરુષ છે. અને તે પુરુષના સન્નિધાનથી સર્વ જડ છે તે પણ ચેતનની સમાન દેખાય છે. વળી એ પુરુષ અસંગ છે, અકર્તા છે, સુખ દુઃખાદિ રહિત છે, તોપણ તેની પાસે પ્રકૃતિ આદિની વિદ્યમાનતાથી કર્તા સમાન અને સુખ દુઃખાદિ સહિત દેખાય છે. એ પ્રકૃતિપુરુષના સંયોગથી સંસાર ચાલ્યા કરે છે. કારણ પુરુષ ભોક્તા છે, અને પ્રકૃતિમાં જડ ધર્મ છે તેથી ભોગ્યા છે; એ રીતે અંધપંગુ ન્યાયથી વ્યવહાર ચાલી રહ્યો છે.

અંધપંગુ ન્યાયમાં આંધળો ચાલવામાં સમર્થ પણ તેને રસ્તો સૂઝે નહિ, અને પાંગળો રસ્તો દેખે પણ તે ચાલવામાં અશક્ત; તેથી આંધળાના કાંધ ઉપર પાંગળો બેસે એટલે પાંગળો જે બાજુ ચાલવાનું કહે ત્યાં આંધળો ચાલે તે પ્રમાણે બન્ને ઇચ્છિત સ્થાને પહોંચે. એ પ્રમાણે પુરુષ ચેતન ભોક્તા અને પ્રકૃતિ અચેતન [જડ] ભોગ્યા છે એ બે મળીને સર્વ કાર્ય ચલાવે છે; અને પ્રકૃતિના સંબંધથી સુખ દુઃખાદિ જે ભોગ્ય છે તેને પુરુષ પોતામાં સમજી રહ્યો છે છતાં કદાચિત દુઃખ ત્રયના નાશની પ્રાર્થના કરે તો પ્રકૃતિ તેને સિદ્ધ કરી દે છે.

## વિવેક

**શંકા**––પ્રકૃતિનો સ્વભાવ પ્રવૃત્તિનો જ છે ત્યાં નિવૃત્તિ થવાનો સંભવ જ ક્યાં છે?

**ઉત્તર**—નિવૃત્તિ થવાનો સંભવ છે. જેમકે નૃત્યની રંગભૂમિ ઉપર નૃત્યકાર પ્રેક્ષકોને એટલે નૃત્ય જોવાની ઉત્સુકતાવાળાને પોતાનું કૌશલ્ય બતાવીને પછી તે જોતાં જોતાં પ્રેક્ષકની નિરુત્સુકતા દેખે છે કે શાંત થાય છે, તેમ ભોગવવામાં પ્રવૃત્ત થયેલી પ્રકૃતિ જ્યારે ભોગમાં નિરાદર ભોક્તાને જુવે છે ત્યારે તેને છોડી દે છે, અર્થાત્ જ્યારે ભોક્તાને તત્ત્વજ્ઞાન થાય ત્યારે તેને ભોગનો નિરાદર થાય છે અને પોતાનું સ્વરૂપ સમજે છે તેમ જ પ્રકૃતિનું સ્વરૂપ પણ સમજે છે એનું નામ જ વિવેક છે. એ વાત સાંખ્ય પ્રવચનમાં તેમ જ સાંખ્યતત્ત્વ કૌમુદીમાં કહી છે કે "तत्वाभ्यासान्नेति नेति त्यागाद्विवेकसिद्धिः" (પ્રકૃતિ પર્યંત સર્વ જડમાં હું આ નથી આ સર્વ મારૂં નથી એવી રીતે અભિમાનનો ત્યાગ એ જ તત્ત્વાભ્યાસ અને તેથી વિવેક સિદ્ધિ વિશુદ્ધ જ્ઞાન થાય છે એ જ મુક્તિ છે.) તેમ જ સાંખ્યતત્વકૌમુદીમાં કહ્યું છે કે एवं तत्वाभ्यासान्नास्मि न मे नाहमित्यपरिशेषम् ॥ (એ પ્રકારે તત્વાભ્યાસથી હું કર્તા નથી અને આ પ્રકૃતિજન્ય પદાર્થ માત્ર (પ્રપંચ) મારાં નથી અને હું આ પ્રપંચાભિન્ન નથી એ પ્રમાણે મનનથી યથાર્થ વિશુદ્ધજ્ઞાન થાય છે અને સ્વરૂપમાં સ્થિતિ થાય છે. એ સાંખ્યશાસ્ત્રનો સાર છે.

એ સર્વ સિદ્ધાંત હૃદયમાં ધારણ કરીને શ્રીમદાચાર્યચરણે આજ્ઞા કરી છે કે સાંખ્યશાસ્ત્રમાં મુખ્યત્વે અનાત્મ વસ્તુનો ત્યાગ કહેલો છે, તો સ્વતઃ મોક્ષ પ્રતિપાદક જે સાંખ્યશાસ્ત્ર તેમાં મોક્ષ સાધન ત્યાગનો ઉપદેશ છે. ૬

હવે છઠ્ઠા શ્લોકમાં જે મોક્ષનાં સાધન બતાવ્યાં તે મોક્ષનું સ્વરૂપ આગળ કહે છે.

**मूलम्-अहंताममतानाशो सर्वथा निरहंकृतौ ।**
**स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते ॥ ७॥**

**सान्वयपदार्थः**—अहंताममतानाशे અહંતા અને મમતાનો નાશ થઈને सर्वथा બધી રીતે (હું કાંઈ કરતો નથી એમ) निरहंकृतौ અહંકારની નિવૃત્તિ થયે जीवः (શરીરાભિમાની) જીવાત્મા यदा જ્યારે स्वरूपस्थः પોતાના સ્વરૂપમાં રહેલો (હોય છે ત્યારે) सः તે (જીવ) कृतार्थः કૃતાર્થ (મુક્ત) निगद्यते કહેવાય છે.

**શબ્દાર્થ**—અહંતા અને મમતાનો નાશ થઈને હું કાંઈ કરતો નથી એમ બધી રીતે અહંકારની નિવૃત્તિ થયે દેહાભિમાની જીવાત્મા જ્યારે પોતાના સ્વરૂપમાં એટલે આત્મજ્ઞાનમાં નિષ્ઠાવાળો થાય છે ત્યારે તે જીવાત્મા કૃતાર્થ એટલે મુક્ત કહેવાય છે.

### સાંખ્ય અને માયાવાદનો મોક્ષ

**વિવેચન**—પ્રથમ કહ્યું છે તે રીતે પ્રકૃતિના અને પ્રકૃતિજન્ય પ્રપંચનના પ્રાકૃત પદાર્થનો નાશ થાય અને તે સ્થૂલશરીરમાં અને લિંગશરીરમાં જે અહંતા રહી છે કે હું છું એ અજ્ઞાન તેનો નાશ થાય છે. સ્થૂલ શરીર તો સર્વ જાણે છે કેમકે દૃશ્યમાન છે અને લિંગશરીર તો સૂક્ષ્મવાસના દેહવાચ્ય છે. તે લિંગશરીર સત્તર તત્ત્વનું બંધાએલું છે, તે વિષે સાંખ્યપ્રવચન ભાષ્યમાં કહ્યું છે "सप्तदशैकं लिंगम्" સત્તર તત્ત્વ મળીને એક લિંગશરીર થયું છે. ૧૧ ઇંદ્રિય, ૫ તન્માત્રા ૧ બુદ્ધિ એ રીતે સત્તર તત્ત્વાત્મક છે. એ એક છે તો પણ કર્મભેદથી તેનો વ્યક્તિ ભેદ છે, તે વિષે સાંખ્યતત્ત્વકૌમુદીમાં કહ્યું છે "पूर्वोत्पन्नमसक्तं नियतं महदादिसूक्ष्मपर्यंतम् । संसरतिनिरुपभोगं भावैरधिवासितं लिंगम्" પ્રથમ પ્રધાને પ્રતિપુરુષ એક એક લિંગશરીર ઉત્પન્ન કર્યું છે, એ લિંગશરીર સર્વમાં પ્રવેશ કરનાર છે. પાષાણાદિકમાં પણ પ્રવેશ કરી શકે છે અને નિયત છે, તેથી સૃષ્ટિના પ્રારંભથી મહાપ્રલય સુધી રહે છે, અને સત્તર તત્ત્વનો બાંધેલો છે.

**શંકા**—શરીરનું લક્ષણ भोगायतनं शरीरम् કહેલું છે તો આ લિંગશરીરનો પુરુષ ઉપભોગ કરે છે કે નહિ?

**ઉત્તર**—એનો ઉપભોગ થતો નથી. કેમકે એ નિરુપભોગ છે તેથી એ લિંગદેહ છ કોશવાળા સ્થૂલ દેહનો આશ્રય કરે છે.

**શંકા**—સંસાર છે તે આઠ ભાવ (ધર્મ)ના નિમિત્તથી છે તો એ સંસારનો સંબંધ સૂક્ષ્મને તો થઈ શકે નહિ?

**ઉત્તર**—"भावैरधिवासितं" ધર્મ, અધર્મ, જ્ઞાન, અજ્ઞાન, વૈરાગ્ય, અવૈરાગ્ય, ઐશ્વર્ય, અને અનૈશ્વર્ય એ આઠ ભાવયુક્ત બુદ્ધિ છે અને એ બુદ્ધિનો સંબંધ એ શરીરમાં છે, તેથી એ સૂક્ષ્મ શરીરને પણ વાસના રહે છે. જેમ સુગંધી પુષ્પ લુગડામાં બાંધ્યું હોય તે ફુલ કાઢી લેવા છતાં લુગડામાં સુગંધ રહે છે તે રીતે એ ભાવની વાસના રહે છે તેથી સંસારનો સંબંધ એને પણ છે. એવો એ લિંગદેહ છે.[1]

---

१ चित्रं यथाश्रयमृते स्थाण्वादिभ्यो विनायथाच्छाया ।
तद्वद्विना विशेषैर्न तिष्ठति निराश्रयं लिङ्गम् ॥ ४१ ॥



લિંગદેહ આશ્રય વિના રહેતો નથી જેમ વિનાઆધાર ચિત્ર થાય નહિં તેમ જ સ્તંભાદિ વગર છાયા પડતી નથી, તેમ બીજાના આધાર વગર લિંગદેહ રહેતો નથી; અર્થાત્ સ્થૂલ દેહનો આધાર કરીને રહે છે. એ પ્રકારનું લિંગશરીર અને આ દૃશ્યમાન સ્થૂલદેહ એ બંને ને અહંતાનો નાશ થાય અને અહંતાના સંબંધથી થયેલી મમતાનો પણ નાશ થાય. એ બંને અજ્ઞાન દૂર થતાં વળી બુદ્ધિતત્ત્વમાં પોતાનું પ્રતિબિંબ છે, તેમાં પણ અભિમાન ન રહે એટલે કર્તાભોક્તાપણાના અહંકાર રહિત થઈ ઉદાસીન થાય ત્યારે પોતાના પ્રકાશધર્મમાં સ્થિત થાય; ત્યારેજ સાંખ્યશાસ્ત્ર પ્રમાણે તે કૃતાર્થ થયો કહેવાય એટલે પોતાના પ્રકાશાત્મા ધર્મવાળો થાય ત્યારે મુક્ત થયો કહેવાય. સારાંશ કે-વિસ્મૃતકંઠમણિન્યાયથી જ્યારે પોતાનું સ્વરૂપ જાણે એટલે બંધ નિવૃત્ત થાય તે મોક્ષ કહેવાય છે. જે સ્વતોમોક્ષ કહેવાય છે, જેમાં પારકાની અપેક્ષા રહેતી નથી એ જ સાંખ્યશાસ્ત્રનો સિદ્ધાન્ત છે. [૭] યદિ માયાવદી પણ મોક્ષ તો એ રીતનો માને છે, તેમના માનવા પ્રમાણે તે વસ્તુતઃ મોક્ષ નથી તેથી પુનર્જન્મ થવાનો સંભવ છે. કારણ કે શ્રીમદ્ભાગવત દશમસ્કંધમાં અધ્યાય ૨ માં કહ્યું છે કે आरुह्य कृच्छ्रेण परं पदं ततः पतन्त्यधोऽनादृतयुष्मदङ्घ्रयः-દુઃખે કરીને ઉંચું સ્થાન પ્રાપ્ત કરીને પણ જે તમારૂં ચરણારવિંદ સેવવાનો આદર નથી કરતા તે ફરી જન્મમરણ ભોગવે છે. ભાવાર્થ કે શરીરને કષ્ટ આપીને મુક્તિ સમાન સુખ મેળવે તોપણ જે આપના ચરણકમળની સેવા કરતા નથી તે મુક્ત થતા નથી તેથી ભક્તિમાર્ગ જ શ્રેષ્ઠ છે.

ઉપર પ્રમાણે એ શ્લોકમાં શ્રીમદાચાર્યચરણે સાંખ્યશાસ્ત્રનો સાર બતાવ્યો છે.

**શંકા**—પ્રથમ કહ્યું કે ગૌતમપ્રણીત ન્યાયદર્શનમાં અને કણાદપ્રણીત વૈશેષિકદર્શનમાં કાંઇક વેદ વિરુદ્ધ અંશ છે, તેથી શિષ્ટ લોક તેનો અનાદર કરે છે પણ સાંખ્યદર્શનમાં પણ વેદ વિરૂદ્ધ અંશ તો દેખાય છે છતાં તેમાં શિષ્ટનો આદર કેમ છે, અને ગૌતમાદિ દર્શનમાં જે ચિદ્ધર્મ જીવ છે તેને એકવીશ પ્રકારના દુઃખનો નાશ થાય અને સર્વ વિશેષ ગુણનો પણ નાશ થાય, કેવલ આત્મા જ અવશેષ રહે તેને મોક્ષ માને છે તો એ પણ સ્વતો મોક્ષ છે, તો તેનો અનાદર કેમ છે. અને સાંખ્ય પ્રતિપાદ્ય મોક્ષનો આદર કેમ?

**मूलम्-तदर्थं प्रक्रिया काचित्पुराणेऽपि निरूपिता ॥**
**ऋषिभिर्बहुधा प्रोक्ता फलमेकमबाह्यतः ॥ ८ ॥**

**सान्वयपदार्थः**—तदर्थं તે (સાંખ્યશાસ્ત્રની રીતે કહેલા મોક્ષ) ને સારૂ ऋषिभिः ઋષિઓએ बहुधा ઘણા પ્રકારે કરીને प्रोक्ता કહેલી એવી काचित् કોઇ (એક) प्रक्रिया (સાંખ્યશાસ્ત્રની) પદ્ધતિ पुराणे પુરાણમાં अपि પણ निरूपिता નિરૂપણ કરેલી છે તે બધી પ્રક્રિયામાં अबाह्यतः અબહિર્પણાથી એટલે સેશ્વરસાંખ્યથી एकं એક (સરખુંજ) फलं ફલ થાય છે.

**શબ્દાર્થ**—તે સાંખ્ય શાસ્ત્રની રીતે કહેલા મોક્ષને સારૂ ઋષિઓએ ઘણા પ્રકારે કહેલી એવી કોઈ એક સાંખ્ય શાસ્ત્રની પદ્ધતિ પુરાણમાં પણ નિરૂપણ કરેલી છે, તે બધી પ્રક્રિયામાં સેશ્વરસાંખ્યથી એકસરખું જ ફલ થાય છે.

**વિવેચન**—तदर्थं प्रक्रिया काचित् पुराणेऽपि निरूपिता ॥ એ સાંખ્યપ્રતિપાદક મોક્ષના હેતુ પુરાણમાં પણ વિવેચન કરેલા છે અર્થાત્ સાંખ્યનો સિદ્ધાંત પુરાણમાં પ્રસિદ્ધ છે અને

પુરાણને વેદમૂલક માનેલાં છે તેથી શિષ્ટ લોકો તેનો આદર કરે છે. હવે પુરાણમાં મુક્તિનાં લક્ષણ કહ્યાં છે જેમકે—मुक्तिर्हित्वाऽन्यथारूपं स्वरूपेण व्यवस्थितिः અન્યથા રૂપને છોડીને એટલે પ્રાકૃત [પ્રકૃતિજન્ય]માં અહંતા મમતા છોડીને સ્વરૂપમાં રહેવું એજ મુક્તિ એ સ્વતો-મોક્ષ સાંખ્યનોજ સિદ્ધાંત છે. પુરાણમાં કોઈ સ્થળે આત્માનું અને પ્રકૃતિનું વિવેચન છે અને સાંખ્યમાં કહેલાં પચીશ તત્ત્વનું પણ વિવેચન છે તેથી સાંખ્યમાં શિષ્ટાદર છે.

**શંકા**—સાંખ્યશાસ્ત્ર પણ અનેક પ્રકારનાં છે. કોઈ ૨૬ તત્ત્વ માને છે, કોઈ ૨૫ તત્ત્વ માને છે, કોઈ ૧૬ તત્ત્વ માને છે અને કોઈ ૧૭ તત્ત્વ માને છે. એ સર્વનું ફલ એકજ હોય તો તે સર્વનો આદર કરવો કે એકનો આદર અને બીજાનો નિરાદર તે વિષે શી વ્યવસ્થા કરવી?

**ઉત્તર**—"ऋषिभिर्बहुधा प्रोक्ता फलमेकमबाह्यतः" જો કે ઋષિજનોએ અનેક પ્રકારની પદ્ધતિ કહેલી છે પરંતુ સર્વનું ફલ એક છે અને સર્વે પદ્ધતિઓમાં આત્મા વિના સર્વનો પરિ-ત્યાગ છે અને સર્વેમાં સ્વરૂપ સ્થિતિનેજ મોક્ષ કહેલો છે કે જે સ્વતો એટલે સ્વાધીન મોક્ષ કહેવાય છે. આ ઉપરથી એ સિદ્ધ થયું કે બાહ્ય (નિરીશ્વર) સાંખ્ય છોડીને સ્વતો મોક્ષસાધક સર્વે સાંખ્ય સત્પુરૂષોથી માન્ય કરેલાં છે.

**શ્રીદેવકીનંદનજી**—પણ ઉપર પ્રમાણેનો અભિપ્રાય જણાવતાં અબાહ્યતઃનો અર્થ એવો કરે છે કે બાહ્યસાંખ્ય તે નિરીશ્વરસાંખ્યાદિ બહિર્મુખ છે અને તે વિમાર્ગ એટલે વેદ વિરુદ્ધ ઉપદેશ કરે છે, એના સેવનથી મોક્ષને બદલે નરકપ્રાપ્તિ થાય છે તે શ્રીમદાચાર્યજીએ તત્ત્વદીપમાં કહ્યું છે કે–ધર્મ હીન[1] અને અસન્માર્ગનું પોષણ કરવાવાળાં યોગ અને સાંખ્ય નરકના હેતુ છે એમાં નિરીશ્વર સાંખ્યનો પરિત્યાગ સૂચન કર્યો છે. (૮)

એ પ્રકારે સ્વાધીન મોક્ષસાધક સાંખ્યશાસ્ત્ર કહીને હવે બીજું સ્વાધીન મોક્ષસાધક યોગશાસ્ત્ર કહે છે.

**मूलम्–अत्यागे योगमार्गो हि त्यागोऽपि मनसैव हि ॥**
**यमादयस्तु कर्त्तव्याः सिद्धे योगे कृतार्थता ॥ ९ ॥**

સાન્વયપદાર્થઃ–अत्यागे ત્યાગ નહિ કરવામાં हि નિશ્ચય કરીને योगमार्गः યોગમાર્ગ (કહેલો છે) हि જે હેતુ માટે त्याग ત્યાગઃ अपि પણ (હું કાંઈ કરતો નથી એમ) मनसा મન-વડે एव જ (કરવો) तु અને यमादयः યમ (યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ) વગેરે कर्त्तव्या; અવશ્ય કરવાં (જેથી કરીને) योगे (મનની સઘળી વૃત્તિના નિરોધરૂપી) યોગ सिद्धे સિદ્ધ થયે कृतार्थता [જીવને] કૃતાર્થપણું [સિદ્ધ થાય છે]

**શબ્દાર્થ**—ત્યાગ નહિ કરવામાં નિશ્ચયે કરીને યોગમાર્ગ કહેલો છે, અને ત્યાગ વિના મોક્ષ કેમ થાય માટે ત્યાગ પણ હું કાંઈ કરતો નથી એમ મન વડેજ કરવો. અને યમ, નિયમ આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ વિગેરે સાધનો અવશ્ય કરવાં. જેથી કરીને મનની સઘળી વૃત્તિઓના નિરોધરૂપી યોગ સિદ્ધ થયે જીવને કૃતાર્થપણું સિદ્ધ થાય છે.

---

૧ योगसांख्ये धर्महीने विमार्गपरिपोषिते । नरकायैव भवतः ॥



## યોગ વિચાર

**વિવેચન**—ત્યાગ વિના પણ યોગમાર્ગ સિદ્ધ થાય છે. **યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ** એજ યોગશાસ્ત્રનો પરમ સિદ્ધાન્ત છે. યોગશાસ્ત્રનું નામ સેશ્વરસાંખ્ય પણ કહે છે, પાતંજલદર્શન પણ કહે છે. એ શાસ્ત્રના મૂલપ્રર્વતક પરમપૂજ્ય શ્રીપતંજલિ છે તેથીજ તેને પાતંજલદર્શન કહે છે, એ પાતંજલદર્શન એક અધ્યાયનું છે, તેના ચાર પાદ છે, **પ્રથમ પાદમાં** યોગનું લક્ષણ અને વૈરાગ્યાદિ સાધન સબીજ સાથે નિર્બીજ સમાધિ યોગ કહ્યો છે. અને **બીજા પાદમાં** તપ, સ્વાધ્યાયેશ્વરસમાધિ, ક્રિયાયોગ અને યમનિયમાદિ પાંચ બહિરંગ સાધન કહ્યાં છે. **ત્રીજા પાદમાં** ધારણા ધ્યાન અને સમાધિ એ ત્રણ અંતરંગ સાધન જે સંયમપદવાચ્ય છે તે અને તેમાં અવાંતર ફલ વિભૂતિ કહેલી છે. **ચોથા પાદમાં** સિદ્ધિ પંચક પુરઃસર પરમ પ્રયોજન કૈવલ્ય (મોક્ષ) કહ્યો છે.

હવે એ યોગશાસ્ત્રમાં પ્રથમ પાદના બીજા સૂત્રમાં યોગનું સ્વરૂપ કહ્યું છે કે "योगश्चित्त-वृत्तिनिरोधः" (ચિત્તની જે વૃત્તિ છે તેનો નિરોધ તેને યોગ કહે છે) ચિત્ત શબ્દવડે જે દેહમાં દ્રષ્ટા પુરૂષ છે; તેનો જ્યારે વિવેક ઉત્પન્ન થાય, કર્તૃત્વાદિ અભિમાનની નિવૃત્તિ થાય ત્યારે શુદ્ધ બુદ્ધિમાં પોતાનું સ્વરૂપ જે ચિન્મય છે તેણે કરીને સ્થિતિ થાય, તેજ ચિત્તવૃત્તિનો નિરોધ. એ સંબંધમાં પાતંજલ પ્રથમપાદના ત્રીજા સૂત્રમાં કહે છે કે "तदाद्रष्टुः स्वरूपेऽवस्थानम्" એવી ચિત્તની જે વૃત્તિ છે તે પાંચ પ્રકારની છે. તે પાંચ વૃત્તિઓ પણ બબે પ્રકારની છે. ૧ ક્લેશયુક્ત, ૨ ક્લેશરહિત, આ વાત પહેલા પાદના પાંચમા સૂત્રમાં કહેલ છે કે "वृत्तयः पंचतय्यः क्लिष्टा अक्लिष्टाश्च" એ સૂત્રથી સિદ્ધ છે. હવે પાંચ વૃત્તિઓના નામ અને સ્વરૂપ "१ प्रमाण, २ विपर्यय, ३ विकल्प, ४ निद्रा, ५ स्मृतयः (પાદ ૧ સૂ. ૬) એ દરેકનાં લક્ષણ.

૧ प्रमाणवृत्ति—"प्रत्यक्षानुमानागमाः प्रमाणानि" [પાદ ૧ સૂ. ૭] પ્રત્યક્ષ અને અનુ-માન તથા આગમ એટલે આપ્તવચન અથવા શબ્દ એ પ્રમાણ. એમાં સાંખ્યની પેઠે ઉપ-માનને પ્રથમ ગણ્યું નથી.

૨ विपर्यय वृत्ति—"विपर्ययो मिथ्याज्ञानमतद्रूपं प्रतिष्ठितम् (પાદ ૧ સૂ. ૮) મિથ્યા-જ્ઞાન એટલે જે પદાર્થ જેવો નથી છતાં તેવો તેને માનવો અર્થાત્ ભ્રમાત્મકજ્ઞાન જેમકે શુક્તિ (છીપ, એ રૂપું નથી છતાં તેને રૂપું માનવામાં આવે તે.) અને અતદરૂપ પ્રતિષ્ઠિત એટલે જે પદાર્થનું જે રૂપ છે તેવું તેમાં જ્ઞાન ન થાય અને સંશય રહે તે જેમકે આ સ્થાણુ (ઝાડનું ઠુંઠું) છે કે પુરુષ છે એ પ્રકારનું સંશયાત્મક જ્ઞાન.

૩ विकल्प—એ શાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે "शब्दज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः (પાદ ૧ સૂ. ૯) શબ્દ જ્ઞાનમાં રહે છે અને તેનું વાચ્ય નથી અર્થાત્ અધ્યવસાય અથવા આરોપમાત્ર. બીજા પદાર્થને સમજાવવા માટે એક બીજાનો આરોપ કરવો તે.

૪ निद्रा–"अभावप्रत्ययालंबनावृत्तिर्निद्रा" (પાદ ૧ સૂ. ૧૦) અભાવ જ્ઞાનનો આશ્રય કરીને જે વૃત્તિ રહે તે નિદ્રા એટલે જ્યારે તમોગુણની વૃદ્ધિ થાય ત્યારે સમસ્ત વસ્તુના પરિત્યાગથી જે વૃત્તિ થાય તે નિદ્રા.

૫ સ્મૃતિ–"अनुभवविषया संप्रमोषः स्मृतिः (પાદ ૧ સૂ. ૧૧) સંસ્કારથી જે પદાર્થનો અનુભવ થયો હોય અને તે પદાર્થનું બુદ્ધિમાં આરોપણ થાય એટલે તે યાદ આવે તે સ્મૃતિ.

એ પ્રકારે વૃત્તિ પાંચ છે તેનો નિરોધ કરવો. અર્થાત્ અંદર પ્રસાર કરવો તે નિરોધ.

હવે એ નિરોધના બે ઉપાય કહ્યા છે. ૧ અભ્યાસ ૨ વૈરાગ્ય.

अभ्यास–વૃત્તિ રહિત ચિત્તની સ્થિતિમાં જે યત્ન કરે તે અભ્યાસ અને वैराग्य–પદાર્થમાં દોષ દેખીને તેમાંથી ચિત્તની સ્થિતિ દૂર કરવી તે. એ રીતે યોગશાસ્ત્રની પ્રવૃત્તિ છે.

**આ માર્ગ પુરાણ સંમત છે**–અહિં સંદેહ ઉત્પન્ન થાય કે ત્યાગ કર્યાં વિના યોગ સિદ્ધ કેમ થાય? ત્યાં કહે છે કે हि કહીને સૂચન કરે છે કે ત્યાગ કરવો તે મનથી જ કરવો. તે એવી રીતે કે "હું કાંઈ કરતો નથી" એ વિષે ગીતાજીમાં કહ્યું છે કે "नैव किंचित्करोमीति" અને યમાદિક તો કરવા જ જોઇએ કેમકે બાહ્ય ઉપાય અને અંતર ઉપાય છે, તે યમાદિક આઠ યોગનાં અંગ છે. યોગનાં અંગ સિદ્ધ કરવાનું કારણ કહે છે "योगांगानुष्ठानादशुद्धिक्षये ज्ञानदीप्तिराविवेकख्यातेः (પાદ ૨ સૂ. ૨૮) ચિત્ત સત્વની અશુદ્ધિનો ક્ષય અને જ્ઞાન પ્રાપ્તિ અને વિવેક થાય ત્યાં સુધી યોગાંગનું અનુષ્ઠાન કરવું અર્થાત્ વિવેક ખ્યાતિ સિદ્ધ થતાં સુધી.

હવે યોગાંગનાં નામ અને સ્વરૂપ કહે છે "यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोष्टावंगानि" (પાદ ૨ સૂત્ર ૨૯) યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગનાં અંગ છે. એ યમનિયમાદિ (ઉપાય) ઉત્તરોત્તર સમાધિમાં કામ લાગે છે, હવે યમાદિકનાં સ્વરૂપ કહે છે.

## યોગનાં આઠ અંગ

૧ યમ—"अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहायमाः" યમ પાંચ પ્રકારનો છે. ૧ અહિંસા, ૨ સત્ય, ૩ અસ્તેય (ચોરી નહિં કરવી તે), ૪ બ્રહ્મચર્ય, ૫ અપરિગ્રહ એ પાંચનાં સ્વરૂપ કહે છે. **અહિંસા** એટલે કોઈ પ્રાણીના પ્રાણ વિયોગનો વ્યાપાર નહિં કરવો, **સત્ય** એટલે વાણી અને મન એ બેઉની યથાર્થ પ્રવૃત્તિ અર્થાત્ મનમાં કાંઇ અને વાણીમાં એથી જુદું એમ ન હોય તે સત્ય. **અસ્તેય** એટલે પારકી વસ્તુ તેની રજા સિવાય ન લેવી અર્થાત્ ચોરી ન કરવી તે, **બ્રહ્મચર્ય** એટલે બાર પ્રકારના સ્ત્રીસંગનો ત્યાગ. **અપરિગ્રહ** એટલે ભોગના સાધન સમૂહનો સ્વીકાર કરવો નહિં તે. એ રીતે પાંચ યમ છે તે સર્વ પ્રાણીમાં સર્વ કાલમાં કર્યાં હોય તો તેને મહાવ્રત કહે છે. તે વિષે કહ્યું છે કે "जातिदेशकालसमयानवच्छिन्नाः सार्वभौमा महाव्रतम्" (પાદ ૨ સૂ. ૩૧) એ યમ જાતિ દેશકાલાદિના વિચાર (ભેદ) વગર સર્વમાં સર્વદા ચિત્ત ભૂમિમાં રાખ્યા હોય તો મહાવ્રત સિદ્ધ થાય છે. પાંચે યમ સર્વના વિષયમાં સર્વ દેશમાં અને સર્વ કાલમાં જોઇએ. જેમકે બ્રાહ્મણને મારીશ નહિં. (જાતિ) તીર્થમાં કોઈને મારીશ નહિં (દેશ) અમાસને દિવસે કોઈને મારીશ નહિં (કાલ) દેવાદિના પ્રયોજન વિના મારીશ નહિ (સમય) એ રીતે કોઇપણ બાબતના વિભાગ વિના સર્વ જાતિ, દેશ, કાલ, સમયમાં અહિંસાદિ યમ રાખ્યા હોય તો તે મહાવ્રત છે.

૨ નિયમ—"शौचसंतोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः (પાદ ૨ સૂ. ૩૨) શૌચ (પવિત્રતા), સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન એ પાંચ નિયમ છે એનાં સ્વરૂપ નીચે પ્રમાણે.



૧ **શૌચ**—એટલે શુદ્ધિ વા પવિત્રતા. તે બે પ્રકારની છે. ૧ બાહ્યશુદ્ધિ, ૨ આભ્યંતરશુદ્ધિ. તેમાં બહાર શુદ્ધિ એટલે મૃત્તિકાદિકથી શરીરનું પ્રક્ષાલન સ્નાનાદિક કરવું તે, અને આભ્યંતરશુદ્ધિ એટલે મૈત્ર્યાદિ ચાર પરિક્રમથી થાય છે તે તે મૈત્ર્યાદિનાં સ્વરૂપ "मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम्" (પાદ ૧ સૂ. ૩૩) મૈત્રી, કરૂણા, મુદિતા (હર્ષ), ઉપેક્ષા (ઉદાસીનતા), એ ચારની સુખીમાં, દુ:ખીમાં, પુણ્યવાનમાં, પાપીમાં અનુક્રમે ભાવના કરવાની એટલે સુખીમાં મિત્રતા કરવી પણ ઈર્ષ્યા કરવી નહિ. દુ:ખીમાં કરૂણા લાવવી પણ ઉદાસીનતા ન કરવી એ રીતે ભાવના કરવાથી ચિત્ત પ્રસન્ન રહે અને શુદ્ધ થાય જ. હવે એ બાહ્ય અને આંતરશુદ્ધિથી શું ફળ થાય છે? કેમકે ફળ વગર પ્રયત્ન શામાટે કરવો કહ્યું છે કે "फलमनुद्दिश्य नहि मंदोपि प्रवर्त्तते" ફળના વિચાર વગર મૂર્ખ પણ કોઈ કાર્યમાં પ્રવૃત્ત થતો નથી. ત્યાં કહે છે કે "सत्त्वशुद्धिसौमनस्यैकाग्र्येंद्रियजयात्मदर्शनयोग्यत्वानि च" (પાદ ૨ સૂ. ૪૧) ૧ **સત્વશુદ્ધિ** એટલે રજોગુણ અને તમોગુણથી હરકત ન આવે તેવી પ્રકાશ સુખાદ્યાત્માની શુદ્ધિ. ૨ **સામનસ્ય** એટલે ખેદના અનુભવના અભાવવાળી માનસી પ્રીતિ. ૩ **એકાગ્રતા** એટલે જે વિષયમાં ચિત્તની પ્રવૃત્તિ હોય તેમાં સ્થિરતા. ૪ **ઇન્દ્રિયજય** એટલે ઇંદ્રિયોનું બીજા વિષયમાં નહિં જતાં ફક્ત આત્મામાંજ અવસ્થાન (દ્દઢ સ્થિતિ), ૫ **આત્મદર્શનયોગ્યત્વ** એટલે ચિત્તને આત્માનું દર્શન કરવાનું સામર્થ્ય. એ પ્રકારે પાંચ ફળ બાહ્ય અને આંતરશુદ્ધિથી થાય છે. ૨ **સંતોષ**—એનો અર્થ પ્રસિદ્ધ છે અને એનું ફલ "संतोषादनुत्तमसुखलाभः" (પાદ. ૨ સૂ. ૪૨) સંતોષથી અંત:કરણમાં કોઇ એવીજ સુખપ્રાપ્તિ થાય છે કે તેના સોમાભાગ જેટલું પણ બહારનું સુખ નથી. ૩ **તપ**—એટલે ચાંદ્રાયણાદિ કાયાકષ્ટ કરવું તે. તેનું ફલ "कायेन्द्रियसिद्धिरशुद्धिक्षयात्तपसः" (પાદ ૨ સૂ. ૪૩) તપના અભ્યાસથી ચિત્તના કલેશરૂપ અશુદ્ધિ (મલિનતા)નો નાશ થાય છે અને આખરે અણિમાદિ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. તેનું વિશેષ વર્ણન ત્રીજા પાદમાં છે. ૪ **સ્વાધ્યાય**—પ્રણવપૂર્વક મંત્રનો જપ કરવો તેનું ફલ "स्वाध्यायादिष्टदेवतासंप्रयोगः" (પા. ૨ સૂ. ૪૪) સ્વાધ્યાયથી ઇષ્ટ દેવતા પ્રત્યક્ષ દર્શન આપે છે. ૫ **ઈશ્વર પ્રણિધાન**—જે જે ક્રિયા કરવી તે ઇશ્વરને કોઇ પણ ફલની ઇચ્છા વગર સમર્પણ કરવી. તે વિષે ગીતાજીમાં અ. ૨ શ્લો. ૪૮ માં કહ્યું છે કે "योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय" (હે અર્જુન! કર્મના ફલમાં અનુસંધાન ન રાખીને યોગસ્થ રહીને કર્મ કર) વળી ગીતાજીમાં પાંચમા *અધ્યાયમાં કહ્યું છે કે—

અહિં બ્રહ્મ શબ્દ બ્રહ્મયજ્ઞવાચક છે એટલે ફલાનુસંધાન છોડીને બ્રહ્મયજ્ઞ વિષયક કર્મ કરે છે તે તે કરવામાં પ્રત્યવાયરૂપ પાપથી લિપ્ત થતો નથી જેમ કમળપત્ર જલમાં રહે છે તો પણ તેને પાણી લેપતું નથી. અર્થાત્ યોગમાર્ગમાં ફલાનુસંધાન રહિત જ કર્મ કરવાં. વળી કહે છે કે શરીરના સાધનથી, મનથી, બુદ્ધિથી અથવા કેવળ મનથી યોગી આત્માની શુદ્ધિને

*ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः। लिप्यते न स पापेन पद्मपत्रमिवांऽभसा ॥ १० ॥
कायेन मनसा बुद्ध्या केवलैरिंद्रियैरपि। योगिनः कर्म कुर्वंति संगं त्यक्त्वात्मशुद्धये ॥ ११ ॥
युक्तः कर्मफलं त्यक्त्वा शांतिमाप्नोति नैष्ठिकीम् ॥

માટે ફ્લાસક્તિ છોડીને કર્મ કરે છે [જેમકે નારદાદિ]. વળી કેટલાક યોગી છે તે ફળ છોડીને કર્મ કરે છે, તેને નિર્ધારિત શાંતિની પ્રાપ્તિ થાય છે નહિં તો બંધ થાય છે. ઇત્યાદિક વચનોથી સિદ્ધ થાય છે. હવે એ પણ કહેવું જોઈએ કે ઈશ્વરાર્પણ કર્મ કરવાનું ફ્લ શું તે કહે છે કે "समाधिसिद्धिरीश्वरप्रणिधानात्" (પા. ૨ સૂ. ૪૫) ઈશ્વરાર્પણ કર્મ કરવાથી સમાધિ સિદ્ધ થાય છે અર્થાત્ ઈશ્વરાર્પણ કરવાથી તેમની ભક્તિ સિદ્ધ થઈ તેથી ઈશ્વર પ્રસન્ન થાય છે. કેમકે ભગવાન્ ભક્તિથી જ સુલભ છે. કહ્યું છે કે "भक्त्याहमेकया ग्राह्यः" "भक्त्या लभ्यस्त्वनन्यया" ઇત્યાદિ અનેક વચન પ્રમાણ છે. તો જ્યારે ભગવાન્ પ્રસન્ન થાય છે ત્યારે વિઘ્નરૂપ ક્લેશોને દૂર કરીને સમાધિનો બોધ કરે છે. એ રીતે પૂર્વોક્ત તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન એ ત્રણને ક્રિયાયોગ કહે છે. "तपःस्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः" (પાદ. ૨ સૂ. ૧) એ ક્રિયાયોગનાં બે પ્રયોજન છે. ૧ સમાધિ સિદ્ધ થાય, ૨ ક્લેશનું જોર ઓછું થાય ત્યાં એમ શંકા થાય કે ક્લેશ કોને કહેવો? ત્યાં કહે છે કે, ક્લેશ પાંચ છે "अविद्याऽस्मितारागद्वेषाऽभिनिवेशाः पंचक्लेशाः" (પાદ ૨ સૂ. ૩) ૧ અવિદ્યા, ૨ અસ્મિતા, ૩ રાગ, ૪ દ્વેષ, ૫ અભિનિવેશ. એ પાંચ ક્લેશ છે, એનાં સ્વરૂપ સંક્ષેપથી નીચે લખ્યાં છે. વિસ્તારપૂર્વક તો પાતંજલદર્શનના સાધનપાદમાં કહ્યાં છે.

૧ **अविद्या**—મોહ અથવા અનાત્મામાં આત્માભિમાન અર્થાત્ જે પદાર્થ જ્યાં ન હોય ત્યાં તે સમજવો એના વિશેષ વડે ચાર પ્રકાર છે "अनित्याऽशुदुःखानात्मसु नित्यसुचिसुखात्मख्यातिरविद्या" (પાદ ૨ સૂ. ૫) ૧ અનિત્ય પદાર્થમાં નિત્યનું અભિમાન. જેમ અનિત્ય ઘટાદિકમાં નિત્યપણાનું અભિમાન. ૨ અશુચિ (અપવિત્ર) કાયાદિકમાં શુચિત્વ (પવિત્રતા)નું અભિમાન. ૩ દુઃખરૂપ વિષયાદિકમાં સુખરૂપનું અભિમાન. ૪ અનાત્મા જે શરીર તેમાં આત્માપણાનું અભિમાન અર્થાત્ દેહાત્મવાદ એ અવિદ્યા છે. ૨ **अस्मिता**—આત્મા એ વસ્તુતાએ કાંઈ કર્તા ભોક્તા નથી તોપણ હું કર્તા છું, ભોક્તા છું ઇત્યાદિ અભિમાન છે તે ક્લેશ છે. ૩ **राग**—"सुखानुशयी रागः" (પાદ ૨. સૂ. ૭) સુખની અનુસ્મૃતિપૂર્વક સુખના સાધનમાં જે તૃષ્ણા તે રાગ. ૪ **द्वेष**—શત્રુતા એ પણ ક્લેશ છે.

૫ **अभिनिवेश**—પૂર્વજન્મમાં મરણ દુઃખનો કરેલો જે અનુભવ તેની વાસનાથી તેને ભય રહે કે મારો અને આ શરીર ઇંદ્રિયોનો વિયોગ તો નહિં થાય એવો જે સંસ્કાર કે વાસના તે અભિનિવેશ.

(૩) **आसन**—એ પાંચ ક્લેશનો નાશ કરવા માટે ઈશ્વર પ્રણિધાન સાધન બતાવ્યું છે. આ પ્રકારે નિયમની સવિસ્તર હકીકત કહી ને હવે જે ત્રીજું યોગાંગ **આસન** તેનો પ્રકાર કહે છે "तत्र स्थिरसुखमासनम्" (પાદ ૨. સૂ. ૪૬) આસનના વિવિધ પ્રકાર જેવા કે પદ્માસન, દંડાસન, સ્વસ્તિકાસન, પર્યસ્તિકાસન વિગેરે એવા પ્રકારનાં કરવાં જોઈએ કે જેમાં સ્થિર સુખ ઉત્પન્ન થાય. એ આસનનો અભ્યાસ થવાથી તે યોગીને શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા વિગેરે દુઃખ થતાં નથી અને ફ્લ એ કે જ્યારે આસનને જીતે છે ત્યારે પ્રાણાયામ થઈ શકે છે.

૪ **प्राणायाम**—હવે પ્રાણાયામનો પ્રકાર કહે છે. "तस्मिन् सति श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः" (પાદ. ૨ સૂ. ૪૮) આસનના જય પછી જે શ્વાસ અને પ્રશ્વાસ જે શરીરની



અંદર રહેલા છે તેને રેચન, સ્તંભન, પૂરકથી વિચ્છેદ કરવો અને બાહ્યાભ્યંતર ધારણ કરવો તે વિષે કહ્યું છે કે "स तु बाह्याभ्यंतरस्तंभवृत्तिर्देशकालसंख्याभिः परिदृष्टो दीर्घसूक्ष्मः" (પાદ ૨. સૂ. ૪૯) શ્વાસ બાહેર મુકવો તે રેચક અને અંદર લેવો તે પૂરક અને બાહ્યાભ્યંતર સ્તંભન તે કુંભક કહેવાય છે; કુંભાકનો અભિપ્રાય એ કે જેમ કુંભ (ઘડા)માં જળ ભર્યું હોય તો તે નિશ્ચલ રહે છે, તેમજ કુંભક પ્રાણાયામમાં પ્રાણ નિશ્ચલ રહે છે એ રીતે ત્રણ પ્રકારના પ્રાણાયામ. ૧ પૂરક, ૨ કુંભક, ૩ રેચક. એ પ્રાણાયામ દેશથી, કાલથી અને સંખ્યાથી દીર્ઘ અને સૂક્ષ્મ કહેવાય છે. દેશ એટલે નાસાપ્રદેશાદિ, કાલ એટલે ઘડી કે બે ઘડી; અને સંખ્યા તે મંત્રનું આવર્તન. એમાં નાભિ પ્રદેશથી ઉઠીને મૂર્દ્ધામાં જાય, તેમાં કાલાદિક અધિક હોય તો દીર્ઘ અને થોડા હોય તે સૂક્ષ્મ કહેવાય. હવે એ પ્રાણાયામનાં બે ફ્લ છે "ततः क्षीयते न प्रकाशावरणम् (પાદ ૨. સૂ. ૫૧) "धारणासु च योग्यता मनसः" પ્રાણાયામથી ચિત્તનો જે સત્વગુણ છે, તેના ઉપર જે ક્લેશરૂપ આવરણ થએલુ હોય તેનો નાશ થાય છે અને ધારણા તેમાં મનની અડચણ દૂર કરે છે અને ચિત્ત સ્થિર થાય છે.

(૫) प्रत्याहार—પાંચમું યોગાંગ પ્રત્યાહાર છે. स्वविषयासंप्रयोगे चितस्य स्वरूपानुकार इवेन्द्रियाणां प्रत्याहारः (પાદ ૨. સૂ. ૫૩) ચક્ષુ આદિ ઇંદ્રિયો પોતપોતાના રૂપાદિ વિષયોમાંથી પાછી ફરીને માત્ર સ્વસ્વરૂપમાંજ રહે તેને પ્રત્યાહાર કહે છે તેનું ફ્લ કહે છે "ततः परमावश्यकेंद्रियाणां (પાદ ૨ સૂ. ૫૪) જ્યારે પ્રત્યાહારનો અભ્યાસ થાય ત્યારે ઇંદ્રિયો વશ્ય થાય છે અને તેથી તે બહારના વિષયમાં નહિં ભટકતાં ચિત્તમાંજ રહે છે.

૬ धारणा—એવી રીતે યોગનાં પાંચ બહિરંગ કહ્યાં. હવે ત્રણ અતરંગ કે જે ધારણા ધ્યાન અને સમાધિ, તેમાં છઠું અંગ **ધારણા** તેનું વર્ણન કરે છે देशबंधश्चित्तस्य धारणा (પાદ. ૩ સૂ. ૧) નાભિ ચક્રાદિ સ્થાનમાં ચિત્તનો બંધ એટલે સ્થિર ભાવ તે ધારણા—એટલે નાભિચક્ર, હૃદયકમળ, મૂર્દ્ધા આદિ સ્થાનોમાં અને બાહ્ય વિષયોમાંથી ચિત્તનો એટલે ચિત્તની વૃત્તિનો સ્થિરીભાવ કરવો, એ જ્યારે યમાદિ પાંચ સિદ્ધ કર્યા હોય ત્યારેજ બની શકે છે; એનું નામ ધારણા અને તે ભગવત્સ્વરૂપની કરવી અર્થાત્ ચિત્તનો સ્થિરીભાવ ભગવત્સ્વરૂપમાં કરવો.

૭ ध्यान—તે હવે સાતમું અંગ **ધ્યાન** "तत्र प्रत्ययकतानता ध्यानम्" (પાદ. ૩ સૂ. ૨) જે સ્થાનમાં ધારણા કરી હોય તેજ પ્રદેશમાં તેનું જ્ઞાન એકજ પ્રવાહમા રહે તે ધ્યાન.

૮ સમાધિ—હવે આઠમું અંગ **સમાધિ**—तदेवार्थमात्रनिर्मासं रूपशून्यमिव समाधिः (પાદ. ૩ સુ. ૨) ધ્યાન એજ સમાધિ કહેવાય છે પરંતુ તે ક્યારે જ્યારે ધ્યાનમાં કોઈ પદાર્થનું ભાન ન રહે અર્થાત્ ભિન્નભાવ ન રહે ત્યારે ધ્યેય પદાર્થના આવેશથી બીજું કાંઈ જણાય નહિં તે સમાધિ.

એ રીતે યમાદિ આઠ ઉપાય કહ્યા તે ઉપાયો કરે ત્યારે યોગ સિદ્ધ થાય એટલે ચંચલ મનનો નિરોધ સિદ્ધ થાય છે. એટલે તે જીવ કૃતાર્થ થાય છે; કારણ કે સ્વરૂપવાસ્થાનનું નામજ મોક્ષ છે. એ પ્રકારે નિર્બીજ અને સબીજયોગ યોગ શબ્દથી ગ્રહણ કરાય છે અને તેજ આદરણીય છે; બાહ્યયોગ અગ્રાહ્ય છે.

**શ્રીદેવકીનંદજી**–વ્યાખ્યાનમાં ઉપરના અભિપ્રાયથી વિશેષ કહે છે કે યોગમાં ત્યાગ મનથી કરવાનો કહ્યો છે પરંતુ મન ચંચળ છે તેનો નિરોધ યમાદિકથી કરવો. એ યમાદિક આઠ અંગ ઉપર કહ્યાં છે અને શ્રીમદ્ભાગવત ૧૧ સ્કંધના ૧૯ મા અધ્યાયમાં યોગનાં દ્વાદશ અંગ કહ્યાં છે પરંતુ તે વધારાના ચાર આઠમાં અનુસ્યૂત છે તેથી તેમાં વિરોધ નથી.(૯)

એ પ્રકારે સ્વતોમોક્ષ પ્રતિપાદક દ્વિતીય શાસ્ત્ર જે યોગશાસ્ત્ર તેનો નિર્ણય થયો અને સાંખ્યનો નિર્ણય તે પહેલાં કર્યો છે, તો હવે પરતો મોક્ષ પ્રતિપાદક શાસ્ત્રનો નિર્ણય અને મોક્ષ સ્વરૂપનો નિર્ણય દશમા શ્લોકથી શ્રીમદાચાર્યચરણ કરે છે.

**मूलम्–पराश्रयेण मोक्षस्तु द्विधा सोऽपि निरूप्यते ।**
**ब्रह्मा ब्राह्मणतां यातस्तद्रूपेण सुसेव्यते ॥ १० ॥**

सान्वयपदार्थः–पराश्रयेण પર ( વિષ્ણુ અને મહાદેવ ) ના આશ્રયે કરીને मोक्षः મોક્ષ तु તો द्विधा બે પ્રકારનો (છે) सः તે (બન્ને રીતનો મોક્ષ) अपि પણ निरूप्यते નિરૂપણ કરાય છે (અને) ब्रह्मा બ્રહ્માજી ब्राह्मणतां બ્રાહ્મણપણાને यातः પામેલા છે (તેથી) तद्रूपेण તે (બ્રાહ્મણ) રૂપે કરીને सुसेव्यते ( વેદાધ્યયનને માટે ) સેવાય છે.

**શબ્દાર્થ**––પર એટલે વિષ્ણુ અને શિવના આશ્રયે કરીને મોક્ષ તો બે પ્રકારનો છે તે બન્ને રીતનો મોક્ષ પણ નિરૂપણ કરીએ છીએ અને બ્રહ્માજી બ્રાહ્મણપણાને પામેલા છે તેથી તે બ્રાહ્મણરૂપે કરીને વેદાધ્યયન કે બ્રહ્મજ્ઞાનસારૂ સારી રીતે સેવાય છે.

### પરતો મોક્ષ

**વિવેચન**–પરનો આશ્રય તે પરાશ્રય. હવે પર કોને કહેવા ? પર એટલે સર્વથી શ્રેષ્ઠ બે છે. વિષ્ણુ અને શિવ. તે શાસ્ત્રોમાં શ્રેષ્ઠ ગણાયેલા છે તેમનો આશ્રય એટલે સર્વાત્મભાવથી આલંબન ( આધાર, શરણપ્રાપ્તિ ) તેનાથી મળતો મોક્ષ એટલે બંધની નિવૃત્તિ અને પછી સાલોક્યાદિ ચાર પ્રકારની મુક્તિ મળે તે મોક્ષ. હવે તે બે પ્રકારે એટલે શિવના અને વિષ્ણુના આશ્રયથી તેમણે આપેલો મોક્ષ તે બે પ્રકારનો જાણવો.

### સ્વતો મોક્ષ કરતાં પરતો મોક્ષ જુદો છે

तु શબ્દ મુકયો તેનો અભિપ્રાય એવો છે કે આ મોક્ષ પૂર્વોક્તથી ભિન્ન છે. પૂર્વસાંખ્ય અને યોગ જનિત મોક્ષમાં કેવળ સ્વરૂપાવસ્થાનને મોક્ષ કહ્યો છે જેમકે " स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते" એજ મોક્ષ અને અહિં જે મોક્ષ કહેવાય છે તે ચાર પ્રકારનો છે. ૧ સાલોક્ય, ૨ સાર્ષ્ટિ ૩ સામીપ્ય. ૪ સારૂપ્ય. એ મોક્ષ તેના તેના આનંદના અનુભવાત્મક છે. એ મોક્ષ જેમ તેના આપનારના બે પ્રકારથી બે પ્રકારનો છે તેમ તે મોક્ષનાં પ્રતિપાદક શાસ્ત્ર પણ બે છે.

### બ્રહ્મા મોક્ષ કેમ નથી આપતા ?

**શંકા**–अपि શબ્દ મુકયો છે તેથી તેમાં અનાદર સૂચવે છે; કારણ કે જ્યાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણનું વર્ણન આવે છે ત્યાં " लीलया परमेश्वराः " " वरदेशा वरं त्रयः ઇત્યાદિ પુરાણ વચનમાં ત્રણે સમાન કહેલા છે, તો એ ત્રણના આશ્રયથી મોક્ષ પણ ત્રણ પ્રકારનો જોઈએ, અને અહિં મોક્ષ બે પ્રકારનો કેમ કહ્યો તે ત્રણ પ્રકારનો કેમ નહિં ?



બ્રહ્મા મોક્ષ આપતા નથી કારણ કે બ્રહ્માને સરસ્વતીનો શાપ છે તેથી બ્રહ્મામાં પૂજ્યપણું નથી; અને જ્યારે પૂજ્યપણું ન હોવાથી કોઈ પૂજા પણ કરે નહિં અને કરે તો પણ તે પૂજા ગ્રહણ કરી તે બ્રહ્મા પ્રસન્ન પણ થાય નહિં; અને જ્યારે તેમાં સેવ્ય સેવકભાવ ન રહે એટલે મોક્ષદાનનો સંભવ જ નથી આ એક કારણ કહ્યું. યજ્ઞાદિકમાં બ્રહ્માનું સ્થાપન પૂજનાદિક થાય છે તેનું સમાધાનમાં શ્રીપુરૂષોત્તમજી યુક્તિસિદ્ધ કારણ બતાવે છે, બ્રહ્મા જગત્‌ને ઉત્પાદન કરે છે, અને વિષ્ણુ પાલન કરે છે, અને શિવ સંહાર કરે છે, એ રીતે દરેકનાં કાર્ય ભિન્ન ભિન્ન છે. તો પોતપોતાના કાર્યમાં તત્પર રહેવું એ લોક સિદ્ધજ થાય છે, તો બ્રહ્મા મોક્ષ કેવી રીતે આપે ? કેમકે મોક્ષનું સ્વરૂપ એવું છે કે બંધની નિવૃત્તિ અને તેના આનંદનો અનુભવ; તો જ્યારે બંધની નિવૃત્તિ થઈ એટલે જન્મ મરણથી છૂટે તો જેટલા જીવ જન્મ મરણથી છૂટ્યા તેટલા બ્રહ્માની સૃષ્ટિમાંથી કમી થાય; એથી ધીરે ધીરે સૃષ્ટિનો વિઘાત થતો જાય, તો મોક્ષથી સૃષ્ટિવિઘાતનું કાર્ય સૃષ્ટિના ઉત્પાદક બ્રહ્મા કેમ કરે ? કારણ કે તેમાં સ્વકાર્યનો પ્રતિબંધ થાય. એ કારણથી પણ બ્રહ્મા મોક્ષ આપતા નથી. તેથી મોક્ષને માટે બ્રહ્માનો આશ્રય પણ કરવો નહિં જોઈએ. તેજ શ્રીમદાચાર્યજી ઉપપાદન કરે છે કે " ब्रह्मा ब्राह्मणतां यातस्तद्रूपेण सुसेव्यते " બ્રહ્મા રજોગુણયુક્ત અભિમાની અથવા અનભિમાની બ્રાહ્મણપણાને પ્રાપ્ત છે, તેથી તેમની બ્રાહ્મણરૂપથી સેવા કરાય છે, પણ મોક્ષદાતૃપણાથી સેવા કરાતી નથી. કારણ સત્વ રજ અને તમ એ પ્રકૃતિના ત્રણ ગુણ છે. એ ત્રણેમાં એક એક ગુણપ્રધાન એક એક દેવ છે, અને તે ગુણાનુસાર કાર્ય પણ તેઓ કરે છે. જેમકે સૃષ્ટિ રચવાનું મુખ્ય કાર્ય રજોગુણપ્રધાન બ્રહ્માજી કરે છે, સૃષ્ટિરક્ષા (પાલન)નું મુખ્ય કાર્ય સત્વગુણપ્રધાન વિષ્ણુ કરે છે, અને સૃષ્ટિ સંહારનું મુખ્ય કાર્ય તમોગુણપ્રધાન શિવ કરે છે. હવે આ બ્રહ્મા રજોગુણપ્રધાન અને સૃષ્ટિ ઉત્પન્ન કરનાર છે તો તે મોક્ષ આપે તો સૃષ્ટિનો નાશ થાય, અને પોતાના જ કાર્યમાં ખામી આવે. અને બ્રહ્મા બ્રાહ્મણતાને પ્રાપ્ત થયેલા છે. બ્રહ્મ એટલે વેદ અથવા પરબ્રહ્મ તેને જાણે તે બ્રાહ્મણ. તો બ્રહ્મા વેદને જાણે છે અને પરબ્રહ્મને પણ જાણે છે; તેથી બ્રાહ્મણપણાને પ્રાપ્ત થયેલ છે, તેથી બ્રહ્માના દેવતારૂપથી જ બ્રાહ્મણમાં બ્રાહ્મણતા છે તેથી તે રૂપે કરીને બ્રહ્મજ્ઞાનને માટે અથવા વેદાધ્યયનને માટે તથા બ્રહ્મતેજને માટે બ્રહ્માની (બ્રાહ્મણ)ની સેવા કરાય છે મોક્ષને માટે કરાતી નથી. (૧૦)

હવે બ્રહ્મા મોક્ષ આપતા નથી તેનું વિશેષ કારણ તેમ જ શિવ અને વિષ્ણુ મોક્ષના આપનાર છે તેના બે પ્રકાર કહે છે.

**मूलम्–ते सर्वार्था न चाद्येन शास्त्रं किंचिदुदीरितम् ।**
**अतः शिवश्च विष्णुश्च जगतो हितकारकौ ॥ ११ ॥**

सान्वयपदार्थः–ते તે (આગળ કહેલા) सर्वार्थाः બધા પુરૂષાર્થો आद्येन બ્રહ્માવડે (સિદ્ધ થતા) न નથી च અને (બ્રહ્માજીએ) शास्त्रं (વૈખાનસતંત્ર વગેરે) મોક્ષશાસ્ત્ર किंचित् કાંઈક સંક્ષેપ માત્ર उदीरितम् કહેલું છે अतः એ માટે शिवः શિવજી च અને (તેનું ભજન) विष्णुः વિષ્ણુ च અને વિષ્ણુનું ભજન (એ બન્ને) जगतः સર્વ જગતનું हितकारकौ હિત કરનારા છે.

**શબ્દાર્થ**-તે આગળ કહેલા ધર્માદિ ચાર પુરૂષાર્થો આદ્ય એટલે બ્રહ્માજીથી સિદ્ધ થતા નથી અને બ્રહ્માજીએ વૈખાનસ તંત્રરૂપી મોક્ષનું શાસ્ત્ર સંક્ષેપથી કહેલું છે. તેથી શિવજી અને વિષ્ણુ એ બન્ને પોતાના ભજનવડે ચારે પુરૂષાર્થોરૂપી ફળને આપે છે માટે તે જગતના હિત કરનારા છે.

## બ્રહ્મા શું આપે છે?

**વિવેચન**—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ સર્વ પુરૂષાર્થ આદ્ય જે બ્રહ્મા તેમનાથી મળતા નથી, અથવા બ્રહ્મા ધર્માદિ સર્વ પુરૂષાર્થ આપતા નથી; પરંતુ એક કે બે આપે છે તે શબ્દથી એમ સૂચન થાય છે કે બ્રહ્માની સેવા કરનારા તે બ્રહ્માથી સર્વ પુરૂષાર્થ મેળવી શકતા નથી, પરંતુ એક કે બે પુરુષાર્થ મેળવી શકે છે. આ વાત વેદ, ભારત પુરાણાદિકમાં પ્રસિદ્ધ છે. વેદમાં ઈતિહાસ છે કે મનુએ વેદાધ્યયનને માટે બ્રહ્માની સેવા કરી હતી, અને ઈંદ્રે આત્મજ્ઞાનને માટે બ્રહ્માની ઉપાસના કરી હતી, પરંતુ મોક્ષને માટે બ્રહ્માની સેવા કરેલી જણાતી નથી. તેમ જ ભારતના આદિ પર્વના અધ્યાય ૨૦૮ થી ૨૧૩ સુધી સુંદોપસુંદનું આખ્યાન છે, તેમાં તેઓને બીજું વરદાન આપ્યું છે પરંતુ મોક્ષ આપ્યો નથી. સુંદ અને ઉપસુંદ એ બે ભાઈ હતા, ઘણા વર્ષ સુધી તપશ્ચર્યા કરી ત્યારે બ્રહ્મા પ્રસન્ન થયા; ત્યારે વરદાન માગવાનું કહેતાં સુંદોપસુંદે દેવપણું માગ્યું કે અમો દેવ થઈએ, અને અમર થઈએ, ત્યારે બ્રહ્માએ કહ્યું કે એમ તો ન થાય પરંતુ અવધિથી અમરપણું મળશે; તે કેવી રીતે કે તમને બીજું કોઈ મારી શકશે નહિ પણ તમે પરસ્પર લડશો તો તમારો નાશ થશે. તે પછી વરદાન પામીને તેમણે દિગ્વિજય કર્યો, અને દેવતાઓને તેમના સ્થાનમાંથી નસાડી મૂક્યા. છેવટે દેવો બ્રહ્માને શરણે ગયા, ત્યારે બ્રહ્માએ વિશ્વકર્માને સ્ત્રી નિર્માણ કરવા આજ્ઞા કરી, ત્યારે વિશ્વકર્માએ સર્વ દેવો પાસેથી તલ તલ જેટલું સૌંદર્ય લઈને તિલોત્તમા નામે અપ્સરા બનાવી. અને તેને સુંદોપસુંદ પાસે મોકલી. એનું અત્યંત સૌંદર્ય જોઈ બંને ભાઈઓએ તેનો એકેક હાથ પકડી લીધો, અને સુંદે કહ્યું કે આ મારી સ્ત્રી છે તે તારી ભાભી થાય, ત્યારે ઉપસુંદ કહે કે એમ નહિ એતો સ્ત્રી મારી છે તેથી તારી સ્નુષા થાય; એમ પરસ્પર કહેતાં મારામારી ઉપર આવ્યા તેથી બેઉ મરણ પામ્યા; અને તિલોત્તમા બ્રહ્મા પાસે આવી ત્યારે સર્વે દેવો બ્રહ્મા સહિત પ્રસન્ન થયા. તેવી રીતે બ્રહ્મા વરદાન આપે છે પરંતુ તેની અવધિ રાખે છે. જેમકે હિરણ્યકશિપુ વિગેરેને વરદાન આપ્યાં છે તેમાં અર્થ અને કામ બે આપેલા છે પરંતુ કોઈને મોક્ષ આપ્યો એવો ઈતિહાસ નથી. વળી શ્રીભાગવત દ્વિતીયસ્કંધમાં કહ્યું છે કે, "ब्रह्मवर्चसकामस्तु यजेत ब्रह्मणस्पतिम्' બ્રહ્મતેજની ઈચ્છા હોય તો બ્રહ્માનું યજન કરે એમ કહ્યું છે, તો એમ શંકા થાય કે બ્રહ્મા મોક્ષ આપવામાં સમર્થજ નથી કે કેમ ત્યાં કહે છે કે "शास्त्रं किंचिदुदीरितम्" શાસ્ત્ર [મોક્ષ પ્રતિપાદક શાસ્ત્ર] સંક્ષેપથી કહ્યું છે. અર્થાત્ બ્રહ્માએ વૈખાનસ તંત્રાદિ શાસ્ત્ર કહેલાં છે. પરંતુ તેમાં સંક્ષેપથી મોક્ષનું પ્રતિપાદન કર્યું છે કેમકે તેમાં ધર્મ, અર્થ અને કામ એ પુરૂષાર્થોનું પ્રતિપાદન લાખ અધ્યાયથી કર્યું છે તેવું મોક્ષનું પ્રતિપાદન કર્યું નથી; કિંતુ સંક્ષેપથી કર્યું છે તેમાં મોક્ષ એવી રીતથી સિદ્ધ કર્યો છે કે ભગવાન્ છે તે મુખ્ય દેવ છે. તે મોક્ષ આપવા વાળા છે અને બ્રહ્મા ઉપદેશ કરનાર ગુરૂ બને છે અર્થાત્ ગુરૂ થઈને મોક્ષ આપે છે પરંતુ દેવપણાથી સ્વયં મોક્ષ આપતા નથી.



## શિવ-વિષ્ણુ.

એ ઉપરથી એમ સિદ્ધ થયું કે મોક્ષને માટે બ્રહ્માનો આશ્રય કરાતો નથી અને બ્રહ્મા મોક્ષ આપતા પણ નથી તો મોક્ષ આપનાર શિવ અને વિષ્ણુ એ બેજ છે. તેથી મોક્ષ બે પ્રકારથી છે, એમ ઉપપાદન કરે છે કે "अतः शिवश्च विष्णुश्च जगतो हितकारकौ" કહીને એમ સૂચવ્યું છે કે શિવ અને વિષ્ણુ જગત્‌ના હિતકારક છે અર્થાત્ પુરૂષાર્થ આપનાર છે. જો કે એ બંનેનાં કાર્ય ભિન્ન ભિન્ન છે, અને પોતપોતાના કાર્યમાં તત્પર છે, તેથી વિષ્ણુ સૃષ્ટિનું પાલન કરે છે અને શિવ સંહાર કરે છે, તો વિષ્ણુ મોક્ષ આપે તો પાલનમાં કાંઈ ખામી ન આવે અને શિવનું કાર્ય સંહાર છે તે મોક્ષ આપે તો સંહારરૂપ કાર્યમાં હાનિ થાય તેથી તે ત્રિવર્ગ આપે છે. (૧૧)

**मूलम्-वस्तुनः स्थितिसंहारौ कार्यौ शास्त्रप्रवर्त्तकौ ।**
**ब्रह्मैव तादृशं यस्मात्सर्वात्मकतयोदितौ ॥ १२ ॥**

सान्वयपदार्थः—शास्त्रप्रवर्त्तकौ (પંચરાત્ર અને પાશુપત વગેરે) શાસ્ત્રને ચલાવનારા અને वस्तुनः વસ્તુ માત્રની स्थितिसंहारौ कार्यौ રક્ષા અને નાશરૂપી જેમનું કામ છે તેવા વિષ્ણુ અને શિવજી તે यस्मात् જે હેતુ માટે तादृशं તેવું (શિવ વિષ્ણુરૂપે) ब्रह्म एव જ (થયેલું છે તે હેતુ માટે તેઓને) सर्वात्मकतया (તે તે શાસ્ત્રમાં) સર્વાત્મકપણાયે કરીને उदितौ કહેલા છે.

**શબ્દાર્થ**—પંચરાત્ર અને પાશુપત વગેરે શાસ્ત્રને ચલાવનારા અને વસ્તુ માત્રની રક્ષા અને નાશરૂપી જેમનું મુખ્ય કાર્ય છે તેવા વિષ્ણુ અને શિવજી તે જે હેતુ માટે તે બ્રહ્મ શિવ વિષ્ણુરૂપે થએલ છે તે માટે તેઓને તે તે શાસ્ત્રમાં સર્વાત્મકપણાયે કરીને કહેલા છે.

## પંચરાત્ર અને પાશુપત શાસ્ત્રની ઉત્પત્તિ

**વિવેચન**-પૂર્વ શ્લોકમાં કહ્યું કે જગત્‌ની ઉત્પત્તિ રક્ષા અને નાશ કરવાવાળા યથાક્રમ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણ દેવ છે તેમાં બ્રહ્માનું કાર્ય પણ પ્રથમ જણાવવામાં આવ્યું. હવે વિષ્ણુનું કાર્ય રક્ષા કરવાનું છે અને શિવજીનું કાર્ય સંહાર કરવાનું છે, અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રતિપાદન કરવાવાળું વેદ સંમત જે પંચરાત્ર શાસ્ત્ર તેની પ્રવૃત્તિ કરનારા વિષ્ણુ છે. અને ચતુર્વર્ગ પ્રતિપાદક વેદસંમત પાશુપત શાસ્ત્રની પ્રવૃત્તિ કરનારા શિવ છે.

ઉત્પન્ન થતાં પ્રાણી પરાધીન અને અપ્રૌઢ હોય છે તેથી તેની સ્વતઃ મોક્ષાદિકમાં ઈચ્છા અને દુઃખનો ભય હોતો નથી તથા ધર્માદિમાં પ્રવૃત્તિ થતી નથી, તેથી જે સ્થિત છે અને જેને સંહાર જ ભાવિ છે તેને સંસારના સુખદુઃખાદિના અનુભવથી અને પ્રૌઢપણાથી ચતુર્વર્ગમાં ઈચ્છા અને દુઃખની ભીતિ એ સ્થિતિ સંહારથી જ થાય છે તેથી તેવા જીવ ઉપર દયા કરીને વેદાનુસાર શાસ્ત્ર કર્યાં છે; તેથી તે બંને શાસ્ત્રપ્રવર્તક છે, અને તે વડે જ પોતપોતાનાં કાર્ય નિર્વિઘ્ને થયાં જાય છે.

## મોહકશાસ્ત્રની આવશ્યક્તા

કોઈ પુસ્તકમાં "वस्तुनः स्थितिसंहारे कार्ये" એમ પાઠ હોય ત્યાં એટલું વિશેષ કે "સ્થિતિ સહિત જે સંહાર તે કાર્યમાં" એમ સમજવું અને "वस्तुस्थितौ च संहारे कार्ये

शास्त्रप्रवर्त्तकौ" એવો પાઠ કોઈ સ્થળે જોવામાં આવે છે ત્યાં તેના ભાવાર્થમાં કાંઇક અંશ વિશેષ છે જેમકે વસ્તુની સ્થિતિ અને સંહારરૂપી કર્તવ્ય કાયમ રહેતાં જે શાસ્ત્ર યથાક્રમ ધર્માદિ જનક, અને મોહ કરાવનારાં વામાદિક તેના પ્રવર્તક વિષ્ણુ અને શિવ છે, તેથી જેટલાને મોહ નથી તેને તે શાસ્ત્રથી સાક્ષાત્ ધર્માદિમાં પ્રવૃત્તિ તથા અધર્મની નિવૃત્તિ થાય છે અને જેને મોહ છે તેને મોહાનુસાર ધર્માદિકમાં પ્રવૃત્તિ અને અધર્માદિકથી નિવૃત્તિ થાય છે. મોહાનુસાર કહેવાનું પ્રયોજન એ કે ઘણો મોહ હોય તો બહુ કાળ પછી અને થોડો મોહ હોય તો થોડા કાળ પછી પૂર્વોક્ત ફળ થાય છે. એમ કહેવાનો અભિપ્રાય એવો છે કે જેને મોહ થયો તેની પ્રવૃત્તિ વામાદિક શાસ્ત્રમાં થાય તો તેને કાલાંતરે અધર્માદિ નિવૃત્ત થયા બાદ સન્માર્ગ લાભ થાય એ વાત કૂર્મ પુરાણના ચૌદમાં અધ્યાયમાં વિસ્તારથી છે* કૂર્મ પુરાણમાં દેવદારૂ વનમાં રહેનાર મુનીઓને ગૌતમે શ્રાપ આપ્યો છે તે પ્રસંગમાં વિષ્ણુએ શિવને કહ્યું છે કે, "હે શિવ! જે પુરૂષ વેદ બહિર્મુખ છે તેમાં પુણ્યનો લેશ પણ નથી, કારણ કે ધર્મ વેદથીજ થયેલો છે. તોપણ (ભક્તજનની ઉપર દયા લાવીને) આ મુનિઓની આપણે રક્ષા કરવી જોઈએ, નહિ તો એ બધા નરકમાં જશે. તો વેદ બાહ્ય પાપીઓની રક્ષાને માટે વિમોહકારીશાસ્ત્ર આપણે બન્ને કરીએ. એ પ્રમાણે વિષ્ણુએ કહેવાથી શિવે તથા કેશવે મોહશાસ્ત્ર કર્યાં (તેનાં નામ) કાપાલ, લાગુડ, વામ, ભૈરવ, પાંચરાત્ર, પાશુપત આદિ અનેક શાસ્ત્ર કર્યાં. હવે આમાં પાંચરાત્ર કહ્યું છે તે નારદપંચરાત્ર નહિ પરંતુ કાપિલાદિ પંચરાત્ર સમજવું."

ઉપરનાં વચનોથી એમ સિદ્ધ થયું કે, એ શાસ્ત્રો મોહ કરવાને માટેજ કર્યાં છે. અને વેદબાહ્ય પાપીઓની રક્ષા કરવાને માટે કર્યાં છે. રક્ષા કયા પ્રકારથી? તે વિષે કહે છે કે ભાગ્યવશાત્ એ શાસ્ત્રમાં વેદબાહ્ય પુરુષોનો પ્રવેશ થાય તો બહુ જન્મે તેના પ્રતાપે ક્રમે ક્રમે અધર્મ નિવૃત્ત થાય અને પછી સન્માર્ગનો લાભ થાય. નહિ તો વેદબાહ્ય સદા નરકમાં જ પડ્યો રહે; તો તેની રક્ષા એ પ્રમાણે કરી છે. કે તેમાંને તેમાં ભટકયા કરે પરંતુ તેથી અધમતાને પ્રાપ્ત ન થાય તેથી પૂર્વે જે કહ્યું છે તે નિઃસંદેહ છે.

## વેદબાહ્ય પાશુપત શાસ્ત્રમાં દૂષણ

પાશુપત મતમાં પશુ જીવને કહે છે, અને તેને કાર્ય માને છે. પતિ ઈશ્વર છે અને તેને કારણ માને છે અને કારણ તો નિમિત્ત થઈ શકે છે અર્થાત્ ઈશ્વર નિમિત્ત કારણ અને પતિ છે અને જીવ કાર્ય તથા પશુ છે એવો તેનો સિદ્ધાંત છે. તેના ઉપર દૂષણ એ આવે છે કે* ઈશ્વર કેવળ પતિજ કહેવાતા નથી તેમજ કેવલ નિમિત્ત કારણ પણ કહેવાતા નથી; કારણ કે વિષમ કાર્ય કરવાથી વૈષમ્યાદિ દોષ આવે જેમકે કોઇને રાજ્ય આપ્યું અને કોઈને રંક બનાવ્યો

* न वेद बाह्ये पुरुषे पुण्यलेशोऽपिशङ्कर। सङ्गच्छते महादेव धर्मो वेदाद्विनिर्बभौ ॥
तथापि भक्ता वात्सल्याद्रक्षितव्या महेश्वर। अस्माभिः सर्वएवेमे गंतारो नरकानपि ॥
तस्माद्वै वेदबाह्यानां रक्षणार्थाय पापिनाम्। विमोहनानि शास्त्राणि करिष्यावो वृषध्वज ॥
एवं संबोधितो रुद्रो माधवेन मुरारिणा। चकार मोहशास्त्राणि केशवोऽपिशिवेरितः ॥
कपाल लागुड वामं भैरवं पूर्वपश्चिमम्। पांचरात्रं पाशुपतं तथान्यानि सहस्रशः ॥



એ વિષમતા અને નિર્દયતા પણ થઇ, ત્યાં કદિ એમ કહે કે રાજાદિક તો પોતાના કર્મથી થાય છે ઈશ્વર કર્મસાપેક્ષ છે જેવાં જેનાં કર્મ તેવાં તે ફલ પામે તેથી વૈષમ્યાદિ દોષ નથી તો એ વાત તો આપાતરમણીય છે; કેમકે જો ઈશ્વરને કર્મસાપેક્ષ માનો તો ઈશ્વરત્વમાં હાનિ થતાં અનીશ્વરત્વ પ્રાપ્ત થાય છે. ઈત્યાદિ પાશુપત મતમાં દૂષણ છે.

## વેદબાહ્ય પંચરાત્રમાં દૂષણ

પંચરાત્રમાં પણ દૂષણ છે, જેમકે "उत्पत्त्यसंभवात्" (૨—૨—૪૨) પંચરાત્રમાં એવો પ્રકાર છે કે વાસુદેવ મુખ્ય છે અને વાસુદેવથી સંકર્ષણ ઉત્પન્ન થયા, અને સંકર્ષણથી પ્રદ્યુમ્ન ઉત્પન્ન થયા, અને પ્રદ્યુમ્નથી અનિરૂદ્ધ ઉત્પન્ન થયા, એ ચારે મળીને ચતુર્વ્યૂહ કહેવાય છે. એમાં સૃષ્ટિ પ્રક્રિયામાં દૂષણ આવે છે કે વાસુદેવ સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ એ સઘળાનું ઈશ્વરપણું જુદું જુદું છે કે કેમ? (અથવા વાસુદેવને ઈશ્વરપણું અને સંકર્ષણાદિકને જીવપણું) જુદું જુદું ઈશ્વરપણું તો વેદ વિરૂદ્ધ છે વેદમાં એવી શ્રુતિ છે કે "एकोहं बहुस्याम्" ઇ૦ સૃષ્ટિના પ્રારંભમાં ઈશ્વર એકજ હતા તેમને રમણ કરવાની ઇચ્છા થઈ ત્યારે વિચાર કર્યો કે એકાકી રમણ થાય નહિ, ત્યારે બીજાની ઇચ્છા કરી કે હું બહુરૂપે થાઉં. તેથી એમ સિદ્ધ થયું કે ઈશ્વર તો એક છે ત્યારે પ્રકૃતમાં વાસુદેવને ઈશ્વર માને તો સંકર્ષણાદિને જીવ માનવા જોઈએ. ઈત્યાદિ દૂષણ છે.

ઉપર પ્રમાણે ચાલતા પ્રસંગમાં જે બે સૂત્રથી પાશુપત મતમાં અને પંચરાત્ર નામે ભાગવત મતમાં જે દોષ બતાવ્યો તે પૂર્વોક્ત મોહ શાસ્ત્રમાં છે પરંતુ વેદસંમત પાશુપત અને પંચરાત્રમાં નથી એનું વિશેષ વિવેચન શ્રીપુરૂષોત્તમજી મહારાજે પ્રહસ્તવાદમાં કર્યું છે.

## શિવ-વિષ્ણુ-રૂપે બ્રહ્મ

**શંકા**—શ્રુત્યવિરૂદ્ધ શાસ્ત્ર જે પાશુપત અને પંચરાત્ર એમાં શિવ તથા વિષ્ણુને જગતના હિતકારકપણાથી કેમ પ્રતિપાદન કર્યા છે?

**ઉત્તર**—"ब्रह्मैव तादृशं" શિવરૂપ અને વિષ્ણુરૂપ બ્રહ્મ જ છે. કેમકે અથર્વશિખા, અથર્વશિરઃ, શ્વેતાશ્વતરીય, મંત્રોપનિષદ્ અને કૈવલ્યોપનિષદ્ એ ઉપનિષદોમાં શિવરૂપથી બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે, અને મહાનારાયણોપનિષદ્, નારાયણોપનિષદ્, મહોપનિષદ્, સુબલોપનિષદ્. એ ઉપનિષદોમાં વિષ્ણુરૂપથી બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે, હવે પૂર્વોક્ત ઉપનિષદ્માં શિવરૂપ બ્રહ્મ છે એ પ્રતિપાદન કર્યું છે અને મહાનારાયણાદિ ઉપનિષદ્માં વિષ્ણુરૂપ બ્રહ્મ એમ પ્રતિપાદન કર્યું છે અર્થાત્ શિવ અને વિષ્ણુને બ્રહ્મ ગણે છે તે રીતે શ્રુત્યવિરૂદ્ધ શાસ્ત્રમાં પણ સર્વાત્મા શિવ અને વિષ્ણુ કહ્યા છે. શ્રુત્યવિરૂદ્ધ શાસ્ત્ર જે પાશુપત અને પંચરાત્ર તેમાં જગત્નું નિમિત્તોપાદન કારણ શિવ અને વિષ્ણુ છે એમ પ્રતિપાદન કર્યું છે એટલે પાશુપત શાસ્ત્રમાં શિવને અને પંચરાત્રમાં વિષ્ણુને જગત્નું નિમિત્ત કારણ તથા ઉપાદાન કારણ કહ્યા છે.

**શ્રીદેવકીનંદજી મહારાજ** वस्तुनः स्थितिसंहारौ कार्यौ એનો અર્થ કરતાં લખે છે કે પોતપોતાના ગુણાધિકારક શાસ્ત્રના પ્રવર્તક શિવજી અને વિષ્ણુ છે. બ્રહ્મ જ એવું છે. સ્થિતિ

અને સંહાર રૂપ કાર્યને માટે વિષ્ણુરૂપ અને શિવરૂપથી પ્રકટ થયેલ છે. અને તેથી વિષ્ણુ અને શિવ એવી સંજ્ઞાથી ભિન્નની પેઠે દેખાય છે પરંતુ વસ્તુતઃ તેમ નથી. (૧૨)

**मूलम्–निर्दोषपूर्णगुणता तत्तच्छास्त्रे तयोः कृता।**
**भोगमोक्षफले दातुं शक्तौ द्वावपि यद्यपि ॥ १३ ॥**

सान्वयपदार्थः--तयोः તે ( આગળ કહેલા શિવ અને વિષ્ણુ ) ને निर्दोषपूर्णगुणता નિર્દોષપણું અને પૂર્ણ ગુણપણું तत्तच्छास्त्रे તેનાં તેનાં શાસ્ત્રમાં कृता નિરૂપણ કરેલું છે [અને] यदि જો अपि કે (શ્રીભગવાન્‌ના ગુણાવતાર છે તેથી द्वौ ( શિવ અને વિષ્ણુ ) બન્ને भोगमोक्षफले ભોગ અને મોક્ષરૂપી ફલને दातुं આપવાને शक्तौ સમર્થ છે अपि (તથાપિ) તો પણ ( તેના ગુણ વિચાર્યાથી તો.)

**શબ્દાર્થ**--આગળ કહેલા શિવ અને વિષ્ણુને નિર્દોષપણું અને પૂર્ણગુણપણું તેનાં તેનાં શાસ્ત્રમાં નિરૂપણ કરેલું છે. અને જો કે શ્રીભગવાન્‌ના ગુણાવતાર છે તેથી શિવ અને વિષ્ણુ બન્ને ભોગ અને મોક્ષરૂપી ફલને આપવાને સમર્થ છે તો પણ ( તેના ગુણ વિચાર્યાથી તો ) આગળ સંબંધ છે.

**વિવેચન**--શ્રીપુરૂષોત્તમજી વિવૃતિમાં લખે છે કે તે તે શાસ્ત્રોમાં શિવ વિષ્ણુનું બ્રહ્મત્વ પ્રતિપાદિત છે એટલે શિવને નિર્દોષ અને પૂર્ણગુણ પાશુપત શાસ્ત્રમાં કહ્યા છે તથા વિષ્ણુને નિર્દોષ અને પૂર્ણગુણ પંચરાત્રમાં કહ્યા છે તેથી બન્ને શાસ્ત્રોમાં શિવ વિષ્ણુનું બ્રહ્મપણું સિદ્ધ કરી બતાવ્યું છે.

### પાશુપતશાસ્ત્રવિચાર

પશુપતિ એ શિવનું નામ છે તેમણે પશુ જે જીવ તેના પાશ છોડવાને માટે જે શાસ્ત્ર કહ્યું તેનું નામ પાશુપતશાસ્ત્ર. તેમાં પાંચ અધ્યાય છે. તેના પ્રારંભનું સૂત્ર "अथातः पाशुपतयोगविधिं व्याख्यास्यामः હવે આ હેતુથી પાશુપત યોગ વિધિ કહીશું. એમાં અથ શબ્દ છે તે પૂર્વપ્રકૃતાપેક્ષક છે. તો એના પૂર્વમાં ગુરૂ પ્રત્યે શિષ્યનો પ્રશ્ન છે તો તેમાં ગુરૂ કેવો જોઇએ એનું સ્વરૂપ* ગણકારિકા ગ્રંથમાં કહ્યું છે કે પાંચ પાંચ પદાર્થના આઠ ગણ છે, અને એક ગણ ત્રણ પદાર્થનો છે, સર્વ મળીને નવ ગણ છે, તેને જાણનાર અને સંસ્કાર કરવાવાળો હોય તે ગુરુ કહેવાય છે. (આ મતના અનુસારે તો પાંચ પાંચ પદાર્થના આઠ અને ત્રણનો એક મલી નવ ગણ કયાં તે સંક્ષેપથી કહે છે. કે ૧ લાભપંચક, ૨ મલપંચક, ૩ ઉપાયપંચક, ૪દેશ પંચક, ૫ અવસ્થાપંચક, ૬ શુદ્ધિપંચક, ૭ દીક્ષાકારીપંચક, ૮ બલપંચક, એ આઠ ગણ અને ત્રણ વૃત્તિનું એક ગણ એ રીતે નવ ગણ કહેવાય છે. લાભપંચકમાં પાંચ પદાર્થ ગણાવે છે. " ज्ञानं तपोऽथनित्यत्वं स्थितिः शुद्धिश्च पंचमम् " જ્ઞાન, તપ, નિત્યત્વ, સ્થિતિ, શુદ્ધિ, એ પાંચ મલી એક પંચક કહેવાય. તેવી જ રીતે બીજાં પંચકાદિની પણ વિસ્તારથી વ્યવસ્થા તે ગ્રંથમાં છે પણ તે પ્રકૃતમાં ઉપયોગી નહિં હોવાથી વિસ્તાર કર્યો નથી.

* पंचकास्त्विष्ट विज्ञेया गणश्चैकत्रिकात्मकः। वेत्तानवगणस्यास्य संस्कर्त्ता गुरुरुच्यते ॥



એ પાશુપત શાસ્ત્રમાં પાંચ અધ્યાય છે તેમાં ક્રમથી ૧ કાર્ય ૨ કારણ ૩ યોગ ૪ વિધિ ૫ દુઃખાંત એનું વિવેચન છે.

૧ કાર્ય જીવ છે તે પશુ કહેવાય છે, ૨ કારણ પતિ ઈશ્વર કહેવાય છે, ૩ યોગ તે પશુપતિમાં ચિત્તસમાધાન તે બે પ્રકારનું છે. એક ક્રિયાલક્ષણ અને બીજું ક્રિયોપરમલક્ષણ ૪ વિધિ એટલે ભસ્મથી ત્રિસંધ્ય સ્નાનાદિક (અને તેથી) ૫ દુઃખાંત એટલે મોક્ષ. એ રીતે પાંચ અધ્યાયથી પાશુપત મત કહેલો છે.

### પંચરાત્રશાસ્ત્રવિચાર

પંચરાત્રમાં એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે ભગવાન્ વાસુદેવ નિરંજન જ્ઞાન-સ્વરૂપ છે, તે જ એક પરમાર્થતત્ત્વ છે અને સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ એ સર્વ મલીને ચતુર્વ્યૂહ થાય છે, તેમાં મુખ્ય વાસુદેવ છે એ વ્યૂહનું અભિગમન, ઉપાદાન, ઈજ્યા, સ્વાધ્યાય અને યોગ એ પ્રકારથી જીવ માત્ર યજન કરે અને જ્યારે ક્ષીણ કલેશ થાય ત્યારે ભગવાન્‌ને પ્રાપ્ત થાય છે.

એ રીતે બંને મતના પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળનો નિર્ણય કર્યો.

હવે એમાં તો પ્રમેય શિવ અને વિષ્ણુ છે તેમાં દેવતાંતરનો વાદ છે તે શ્રુતિપુરાણના વિરોધથી આદરણીય નથી. અને સાધન તો એ પૂર્વોક્ત શાસ્ત્રોમાં જે પૂજન પ્રકાર છે તે પુરાણ સંમત છે અને ફલ તેમાં કહેલી રીતિનો મોક્ષ છે તે પણ પૂર્વ કહ્યો છે.

આ સર્વ વાત મહાભારત શાંતિપર્વ *મોક્ષધર્મમાં અધ્યાય ૩૫૦ માં શ્લોક ૬૪ થી ૭૧ સુધીના શ્લોકમાં સંગૃહીત છે. વૈશંપાયન ઋષિ જન્મેજય પ્રત્યે કહે છે–હે રાજન્! સાંખ્ય, યોગ, પાંચરાત્ર, વેદ અને પાશુપત એ પાંચ જ્ઞાન છે અને નાના પ્રકારનાં પ્રસ્થાન છે. હવે એ પ્રમાણ છે તે સિદ્ધ કરવા સારૂ તે તે શાસ્ત્રના કર્તાના નામ કહે છે. સાંખ્ય શાસ્ત્રના કર્તા કપિલમુનિ છે. અને યોગશાસ્ત્રના જાણનાર હિરણ્યગર્ભ છે, અને વેદાચાર્ય અપાંતરતમા નામે ઋષિ છે (જે બીજા જન્મમાં વ્યાસ થયા. જુઓ મહાભારત શાંતિપર્વ અ. ૩૫૦) એમને કોઇ પ્રાચીનગર્ભ પણ કહે છે. પાશુપતશાસ્ત્રને કહેનાર શિવ છે. સંપૂર્ણ પંચરાત્રને કહેનાર ભગવાન્ પોતે જ છે. હે જન્મેજય! એ સર્વે જ્ઞાનમાં વેદાનુસાર તથા અનુભવાનુસાર તાત્પર્ય નારાયણ જ છે. અર્થાત્ સર્વે શાસ્ત્રથી પ્રતિપાદ્ય ભગવાન્ જ છે. પરંતુ અજ્ઞાની જનો બ્રહ્મરૂપથી નહિં જાણતા પ્રથક્ પ્રથક્ દેવતારૂપથી જાણે છે. શાસ્ત્રના કહેવાવાળા કપિલાદિ

सांख्यं योगः पांचरात्रं वेदाः पाशुपतं तथा। ज्ञानान्येतानि राजर्षे विद्धि नानामतानि वै ॥ ६४ ॥
सांख्यस्य वक्ता कपिलः परमर्षिः स उच्यते। हिरण्यगर्भो योगस्य वेत्ता नान्यः पुरातनः ॥
अपांतरतमश्चैव वेदाचार्यः स उच्यते। प्राचीनगर्भं तमृषिं प्रवदंतीह केचन ॥
उमापतिर्भूतपतिः श्रीकंठो ब्रह्मणःसुतः। उक्तवानिदमव्यग्रो ज्ञानं पाशुपतः शिवः ॥
पांचरात्रस्य कृत्स्नस्य वेत्ता तु भगवान् स्वयं। सर्वेषु च नृपश्रेष्ठ ज्ञानेष्वेतेषु दृश्यते ॥
यथागमं यथाज्ञानं निष्ठा नारायणः प्रभुः। न चैवमेवं जानंति तमोभूता विशांपते ॥
तमेव शास्त्रकर्त्तारः प्रवदंति मनीषिणः। निष्ठां नारायणमृषिं नान्योस्तीति वचो मम ॥
निःसंशये सर्वेषु नित्यं वसति वै हरिः। स संशयान्हेतुबलान्नाधिवसति माधवः ॥ ७१ ॥

ઋષિજનો નારાયણનું જ પ્રતિપાદન કરે છે અને વેદવ્યાસજી તથા મારો પણ એ જ મત છે કે સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય ભગવાન્ જ છે બીજું કોઇ નથી. પૂર્વોક્ત સર્વ શાસ્ત્રોમાં સંદેહ ન રહે ત્યારે જ એવું જ્ઞાન થાય કે એમાં ભગવાન્ વિરાજે છે પરંતુ જ્યાં સુધી કુતર્ક અને સંદેહ મટતા નથી ત્યાં સુધી શાસ્ત્રમાં ભગવાનનું પ્રતિપાદન છે તે સમજી શકાતું નથી.

વેદ, સાંખ્ય, યોગ, પાંચરાત્ર અને પાશુપત એ પાંચ મત છે પરંતુ સર્વનો તાત્પર્ય વિષય તો નારાયણ છે; પરંતુ તમો ભૂત લોક બ્રહ્મમાં તાત્પર્ય છે એવું સમજતા નથી. તેથી દેવતારૂપ અથવા આત્મરૂપ સમજે છે તેથી જ મતભેદ રહેવાથી પરસ્પર ખંડન મંડનમાં તત્પર રહે છે આધુનિક એવી દશા છે. પ્રાચીન ઋષિઓ જે શાસ્ત્રકાર અને શાસ્ત્રજ્ઞ હતા તેમનો તો એવો જ આશય હતો કે સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય ભગવાનમાં જ છે. તેથી સર્વ શાસ્ત્રોનું ફળ એક જ છે પરંતુ વિરોધ દેખાવાનું કારણ અજ્ઞાનથી થતો ભ્રમ છે. સાંખ્યનો મોક્ષ સ્વરૂપાવસ્થાન છે ઇત્યાદિક ફલભેદ બતાવ્યો છે તેનો અભિપ્રાય એવો છે કે અધિકારી ભેદે કરીને તેઓને મોક્ષ મળે છે, પણ ભગવત્દત્ત ભજનાનંદ મળતો નથી તેથી પૂર્વોક્ત મોક્ષ સ્માર્ત છે. એટલે તે મોક્ષ* લૌકિક છે અને ભગવદાનંદ અથવા ભજનાનંદ સ્વરૂપ જે મોક્ષ છે તે અલૌકિક છે.

એ પ્રકારે મોક્ષના સંબંધમાં સર્વ સિદ્ધાન્તના સંગ્રહનું નિરૂપણ કર્યું. એ પાંચ સિદ્ધાંતના યથાર્થ જ્ઞાનપૂર્વક જે મનુષ્ય ચાલે તે સર્વને ફલ સરખું થાય કે ફલમાં ભેદ છે? અથવા જુદું જુદું ફલ થાય છે કે ન્યૂનાધિક થાય છે? તેનો વિચાર કરીએ, સાંખ્ય અને યોગનું ફળ પહેલાં કહ્યું છે કે સ્વરૂપાવસ્થાનમાત્ર થાય છે તેથી અધિક ફળ તેમાં નથી, પાશુપત અને પંચરાત્રને અનુસાર ચાલનાર મનુષ્યને જે ફલ થાય છે તે શ્રીમદાચાર્યજી કહે છે કે, भोगमो-

* પાછળ ૬૮ માં શ્લોકમાં "पंचरात्रस्य कृत्स्नस्य वेत्ता तु भगवान्स्वयं" એમ કહ્યું છે એટલે "પંચરાત્રને કહેનાર સ્વયં ભગવાન્ છે" તો બાલબોધ શ્લોક બીજામાં "जीवेश्वरविचारेण द्विधा ते हि विचारिताः" અને ચોથા શ્લોકમાં "लौकिकांस्तु प्रवक्ष्यामि" એમ કહ્યું છે તો જ્યારે પંચરાત્ર નારાયણે જ પોતે કહ્યું છે તો તે જીવ વિચારિત કેમ? એ શંકા ઉત્પન્ન થાય છે તેનું સમાધાન. કે શ્રીમદ્ભાગવત સ્કંધ ૧ અ. ૩ શ્લોક ૮ માં કહ્યું છે કે "तृतीयमृषिसर्गं वै देवर्षित्वमुपेत्य सः, तंत्रं सात्वतमाचष्टे" ત્રીજો જે ઋષિસર્ગ તેમાં પ્રકટ થઇને અને તેમાં પણ નારદ રૂપે વૈષ્ણવતંત્ર જે પંચરાત્રાગમ તેને કહ્યું" આ અવતાર કથાનો પ્રસંગ ચાલતો છે તેમાં તૃતીયાવતાર નારદજી છે અને નારદજીએ વૈષ્ણવધર્મ પ્રતિપાદક પંચરાત્રશાસ્ત્ર કહ્યું છે તેથી એનું નામ નારદપંચરાત્ર છે તેથી જીવ વિચારિત છે એમ સિદ્ધ થાય છે તો એ પણ સંદેહ રહ્યો કે, શાંતિપર્વના પૂર્વોક્ત શ્લોકમાં કહ્યું કે પંચરાત્ર નારાયણે કહ્યું છે અને શ્રીભાગવતમાં કહ્યું કે નારદજીએ કહ્યું છે તો એ બેમાં પરસ્પર વિરોધ દેખાય છે તેનું કેમ? તેનો ઉત્તર એમ છે કે ભગવાને નારદજીમાં આવિષ્ટ થઇ ને પંચરાત્રશાસ્ત્ર કહ્યું તેથી ભગવાને કહ્યું એમ ઘટે છે તેમ જ તે ભગવાનનો આવેશ નારદજીમાં થયેલો છે તેથી પ્રકટવક્તા નારદજી લોકમાં દૃશ્યમાન છે તેથી નારદજી વક્તા છે એ પણ ઘટે છે તેથી એમાં વિવાદ કે વિરોધ નથી તે જ રીતે પુરાણમાં જ્યાં જ્યાં એવો વિરોધ દેખાય ત્યાં ઉપર પ્રમાણે જ પરિહાર સમજવો કોઇ ઠેકાણે કલ્પભેદથી પણ વિરોધ દેખાય છે એમ સમાધાન કરવું.



क्षफले दातुं शक्तौ द्वावपि યદ્યપિ પાશુપત શાસ્ત્રમાં કહ્યું છે કે શિવ ભોગ અને મોક્ષ બંને આપી શકે છે અને નારદપંચરાત્રમાં પણ કહ્યું છે કે વિષ્ણુ પોતાના ભક્તોને ભોગ અને મોક્ષ બંને આપે છે (૧૩)

ઉપર પ્રમાણે કહ્યું છે તે વાતનો વિશેષ નિર્ણય કરવામાટે શ્રીમદાચાર્યજી કહે છે.

**मूलम्–भोगः शिवेन मोक्षस्तु विष्णुनेति विनिश्चयः ।**
**लोकेऽपि यत्प्रभुर्भुंक्ते तन्न यच्छति कर्हिचित् ॥ १४ ॥**

**सान्वयपदार्थः**—शिवेन મહાદેવવડે भोगः ભોગ સિદ્ધ થાય છે (અને) मोक्षः મોક્ષ: तु તો विष्णुना વિષ્ણુવડે સિદ્ધ થાય છે इति એવો विनिश्चयः વિશેષે કરીને નિશ્ચય છે. लोके લોકમાં अपि પણ (જેમ) प्रभु સ્વામી यत् જે (ભોગ્યવસ્તુ) તે भुंक्ते (પોતે) ભોગવે છે तत् તે (પોતાને ભોગવવાની ચીજ) તે कदाचित् કોઇ વખતે પણ બીજાને न નથી यच्छति આપતા.

**શબ્દાર્થ**—(પૂર્વ શ્લોકમાં કહ્યું છે કે શિવ અને વિષ્ણુ ભોગ અને મોક્ષ આપવા સમર્થ છે પણ તેમના ગુણનો વિચાર કરતાં) મહાદેવવડે ભોગ સિદ્ધ થાય છે અને મોક્ષ તો વિષ્ણુવડે સિદ્ધ થાય છે. એવો વિશેષે કરીને નિશ્ચય છે. લોકમાં પણ જેમ સ્વામી જે ભોગ્યવસ્તુને પોતે ભોગવે છે તે પોતાને ભોગવવાની ચીજને કોઇ વખતે પણ બીજાને આપતા નથી.

## શિવથી ભોગ અને વિષ્ણુથી મોક્ષ

**વિવેચન**—જે મનુષ્ય શિવનું આરાધન કરે છે તેને ધનાદિક મળે છે, અને તેથી તેને ભોગ પ્રાપ્ત થાય છે, અને વિષ્ણુના ભજનથી મોક્ષ પ્રાપ્ત થાય છે. એ વાત શ્રીભાગવત દશમસ્કંધ ઉત્તરાર્ધ ૮૮ મા અધ્યાયમાં કહી છે કે—શંકા—૧ દેવદૈત્ય અને મનુષ્ય એ ત્રણ પ્રકારના જીવ ઉપાસના કરવામાં સમર્થ હોય છે, તેમાંથી જે જીવ મહાદેવની ઉપાસના કરે છે તે ધનિક અને ભોગશાળી થાય છે, અને જે જ્ઞાન માટે ભજે છે તેને જ્ઞાન પણ મલે છે. તેથી શ્લોકમાં प्रायः એ શબ્દ મુકયો છે; અને વિષ્ણુ પોતે લક્ષ્મીપતિ છે અર્થાત્ ભોગશાલી છે અને પરદુ:ખના હર્તા છે તેમના સેવક બહુધા પ્રકારે ધનિક અને ભોગશાળી હોતા નથી. ૨ એ વાત જાણવાની ઇચ્છા છે. કારણ કે વિરૂદ્ધ સ્વભાવવાળા પ્રભુને ભજનારની ગતિ પણ જુદી રીતની હોય છે. શિવ અને વિષ્ણુનો સ્વભાવ વિરૂદ્ધ કેમ તે કહે છે. શિવ લક્ષ્મીરહિત છે અને વિષ્ણુ લક્ષ્મીસહિત છે, તો લક્ષ્મીરહિત જે શિવ તે પોતાના ભક્તોને લક્ષ્મી આપે છે અને લક્ષ્મીસહિત જે વિષ્ણુ તે પોતાના ભક્તોને બહુધા લક્ષ્મી આપતા નથી. વળી શિવજી પોતે ત્યાગી છે અને વિષ્ણુ ભોગી છે, તો ત્યાગી શિવના ભક્ત ભોગી થાય છે, અને ભોગી વિષ્ણુના ભક્ત ત્યાગી હોય છે; ઇત્યાદિ વિરૂદ્ધ ધર્મ પરસ્પરમાં રહે છે. વળી સ્વામીને જે

१ देवासुरमनुष्येषु ये भजन्त्यशिवं शिवम् ।
प्रायस्ते धनिनो भोजा न तुलक्ष्म्याःपतिं हरिम् ॥ १ ॥

२ एतद्वेदितुमिच्छामः संदेहोऽत्र महान्हि नः ।
विरुद्धशीलयोः प्रभ्वोर्विरुद्धा भजतां गतिः ॥ २ ॥

વહાલું હોય તે પોતાના ભક્તને આપે એ લોકસિદ્ધ છે તો પ્રકૃતમાં આવી રીતે વિરૂદ્ધતા કેમ? શિવ પોતે ભોગ કેમ કરતા નથી? અને ભક્તને આપે છે, તો રાજ્યાદિકનો ભોગ ઉત્તમ છે કે અધમ છે? જો ઉત્તમ હોય તો શિવ પોતે ભોગનો અનુભવ કેમ કરતા નથી અને જો અધમ છે તો તે ભક્તને કેમ આપે છે?

## શિવ

**ઉત્તર**–[3]શિવ સદા પ્રલય કરવાની શક્તિયુક્ત છે, જો ક્ષણ માત્ર પણ તે શક્તિને દૂર કરે તો તે જગત્‌નો નાશ કરી નાખે, તેમજ કંઠમાં કાલકૂટ (વિષ) ન રાખે તો સર્વ વસ્તુનો આધિદૈવિક દોષરૂપ જે વિષ છે તે સર્વ વસ્તુમાં મળી જાય તો પછી અન્નાદિ અગ્રાહ્ય થઇ જાય, તેથી વિષને ક્ષણ માત્ર કંઠથી દૂર કરતા નથી; તેમજ જો સર્પનું ધારણ ન કરે તો કુંડલિની શક્તિ સર્વમાં વ્યાપ્ત થઈ જાય અને સર્વનો નાશ કરે, તે પ્રમાણે અગ્નિ, ચંદ્ર, જટા, ગંગાજી, વ્યાઘ્રાંબર ઈત્યાદિનું ધારણ પણ સાભિપ્રાય છે એ વાત શૈવતંત્રમાં લખી છે. પ્રકૃતમાં એમ છે કે શશ્વત્ શક્તિયુક્ત શિવ રહે છે અને ત્રિલિંગાત્મા છે અને સત્વ, રજ અને તમ આદિ ગુણસંવૃત છે. વૈકારિક એટલે સાત્વિક, તૈજસ એટલે રાજસ અને તામસ એ ત્રણ અહંકારના અધિષ્ટાતા શિવ છે. ૩ વળી એ પ્રલયકર્ત્રી શક્તિ શિવના સંબંધથી સૃષ્ટિ પણ કરે છે. [4]"તેનાથી સોળ વિકાર ઉત્પન્ન થયા તેમાંથી કોઈ વિકારની ઉપાસના કરી હોય તો સર્વ વિભૂતિની પ્રાપ્તિ થાય" એ શક્તિથી સોળ વિકાર થયા. પાંચ કર્મેન્દ્રિય, પંચમહાભૂત અને એ સર્વ પાંચ જ્ઞાનેન્દ્રિય, મહાદેવ સહિત સોળ ઉત્પન્ન થયા. (આ શ્રીમદાચાર્યજીનું મતન્ય છે) કોઈ મન સહિત જ્ઞાનેન્દ્રિયાદિપંચક ગણીને સોળ વિકાર ગણે છે. વળી વેદમાં કહ્યું છે કે, "षोडशकलोऽयं पुरुषः" (આ પુરૂષ ષોડશકળા વિશિષ્ટ છે.) એમાંથી કોઈ મહાદેવરૂપ જે વિકાર છે તેને ભજે છે, તે સર્વ વિભૂતિને પામે છે. અર્થાત્ મહાદેવની ભક્તિથી, સર્વ પ્રકારનું ઐશ્વર્ય મલે છે તેથી એ સિદ્ધ થયું કે શિવજી પોતાના ભકતોને ભોગ આપે છે. ૪

## વિષ્ણુ

વિષ્ણુનું સ્વરૂપ તથા તેમનાથી પ્રાપ્ય જે મોક્ષ તે એક શ્લોકથી શુકદેવજી કહે છે

[5]હરિ પોતે નિર્ગુણ છે અને સાક્ષાત્ પુરૂષ છે અને પ્રકૃતિથી પર છે અને સર્વને જોવાવાળા છે અને અંતર્યામિરૂપ છે તેને ભજે તો તે ભક્ત પણ નિર્ગુણ અર્થાત્ મુક્ત થાય છે.

## ભોગ ઉત્તમ છે તો પોતાના ભક્તને કેમ આપતા નથી?

ઉત્તરમાં કહે છે કે–ભગવાન્ ભોગ આપે છે પરંતુ દુઃખરૂપ જે ભોગાદિ છે તે લઈ લે છે અને સુખરૂપ જે ભોગ છે તે આપે છે, તેજ હેતુથી એમનું હરિ નામ છે "हरति दुःखमिति हरिः" દુઃખનું હરણ કરે તે હરિ કહેવાય, અને હરિ નામનો અવતાર ધણ ધર્યો છે તે સમયે ગજેન્દ્રને ગ્રાહ (મગર)ના મુખથી છોડાવીને વૈકુંઠ પ્રાપ્તિ કરાવી છે તે સ્થળે પણ દેહ, ભાવ, ઐશ્વર્યાદિ દુઃખરૂપ ભોગ ગજેંદ્રને હતો, તે દૂર કરાવી પરમાનંદરૂપ ભોગ આપ્યો. દુઃખરૂપ

૩ शिवः शक्तियुतः शश्वत्रिलिङ्गो गुणसंवृतः। वैकारिकस्तैजसश्च तामसश्चेत्यहं त्रिधा ॥

૪ ततो विकारा अभवन्षोडशामीषु कश्चन। उपधावन्विभूतीनां सर्वासामश्नुते गतिम् ॥

૫ हरिर्हि निर्गुणः साक्षात्पुरुषः प्रकृतेः परः। स सर्वदृगुपद्रष्टा तं भजन्निर्गुणो भवेत् ॥ ५ ॥



ભોગનું હરણ કરીને પરમાનંદરૂપ ભોગ આપે છે. શિવજીના જેવો ભોગ કેમ આપતા નથી? ત્યાં કહે કે પોતે નિર્ગુણ છે. ગુણોને માટે તો શિવરુપ ધારણ કર્યું છે, તેથી તે તે કાર્ય તે તે સ્વરૂપથી થાય છે અને પોતે ગુણાતીત છે; અને ગુણ ગ્રહણ કરવાનું પ્રયોજન પણ નથી કેમકે સાક્ષાત્ પુરુષ છે. સર્વ ઉપાસકોના આત્મા છે, અને આત્મા હિતકારી જ હોય છે, તેથી જેમાં સેવકનું હિત હોય તેમાંજ પ્રવૃત્તિ કરાવે છે, વળી ભગવાન્‌ની કોઈ પણ શક્તિ એવી નથી કે તેના સંબંધથી સગુણ થાય. "प्रकृतेः परः" પ્રકૃતિ જે માયા તેથી પર (જુદા) છે, અને સર્વના દૃષ્ટા છે સર્વના કર્મને જુવે છે તેથી ઉપદૃષ્ટા છે; પાસે રહીને જુએ છે તેથી સાક્ષી અંતર્યામિ છે, જ્યારે જાણે કે અમુક પદાર્થ વગર ભક્તનું કાર્ય નહિં ચાલે ત્યારે તે પદાર્થ તેને આપે છે. સર્વથા ન આપે એવા કૃપણ સમાન ઈશ્વર નથી, પરંતુ જે પદાર્થની આવશ્યકતા હોય તે પદાર્થ તરતજ આપે છે; એવા વિચક્ષણ ભગવાન્‌ને જે ભજે છે તે ભક્ત પણ નિર્ગુણ થાય છે. (માયાના ગુણ રહિત થાય છે) મુક્ત અને પરમાનંદરૂપ થાય છે.

આ વાત પુરાણના પ્રમાણથી સિદ્ધ થઈ કે શિવ ભોગ આપે છે અને વિષ્ણુ મોક્ષ આપે છે.

પુરાણમાં જે હોય તે સર્વ વેદમૂલક સમજવું. કારણ કે જે વેદમાં છે તેજ પુરાણમાં વિસ્તારથી કહેલું છે, તેથી વેદસંમત છે. માટે સિદ્ધ થયું કે–શિવ ભોગદાતા છે અને વિષ્ણુ મોક્ષદાતા છે.

વળી રૂપ વિશેષથી ફ્લ વિશેષ છે. એમ પણ નિશ્ચય છે. અર્થાત્ એક વ્યક્તિ એક ફળ આપે છે. કહ્યું કે "ईश्वराज्ज्ञानमन्विच्छेन्मोक्षमिच्छेज्जनार्दनात्" જેને ભોગની કે જ્ઞાનની ઇચ્છા હોય તે શિવની ઉપાસના કરીને તે મેળવે અને મોક્ષની ઇચ્છાવાળો વિષ્ણુની ઉપાસના કરીને તે મેળવે.

## સામર્થ્ય વિચાર

કોઈ પુરાણમાં અને તંત્રમાં એમ પણ વર્ણન છે કે શિવ મોક્ષ પણ આપે છે, અને વિષ્ણુ ભોગ પણ આપે છે. તે સામર્થ્ય બતાવે છે, કાંઈ દાનાભિપ્રાયથી નથી. શિવ મોક્ષ અપવાનો સમર્થ છે અને વિષ્ણુ ભોગ આપવાને સમર્થ છે; પણ આપતા નથી. જો સામર્થ્ય ન હોય તો ઈશ્વરપણામાંજ ન્યૂનતા આવે તેથી સામર્થ્ય તો છે પરંતુ કોઈને આપતા નથી. આ વાત યુક્તિ સાથે સમજાવે છે. કારણ કે લોકમાં યુક્તિ વિના અંતઃકરણમાં નિશ્ચય ન થાય અને તે યુક્તિ લોકને સમજાવવા લૌકિકી જોઈએ, તેથી શ્રીમદાચાર્યજી લૌકિક, યુક્તિથી પૂર્વોક્ત પ્રકાર ૬૭ કરે છે કે "लोकेऽपि यत्प्रभुर्भुङ्क्ते तन्न यच्छति कर्हिचित्" લોકમાં જે પદાર્થનો સ્વામી ઉપભોગ કરે છે તે પદાર્થ સેવકને કદી આપતા નથી, એટલે સ્વામીને માટે જે પદાર્થ નિયત કરેલો હોય અને સ્વામી તેનો ઉપભોગ કરતા હોય તો તે પદાર્થ સેવકને કદિ પણ નહિં આપે; તે પ્રકૃતમાં મહાદેવ ભોગનો ત્યાગ કરીને મુક્તિનો ભોગ કરે છે, તેથી મુક્તિ એ સદા તેમનો ભોગ્યપદાર્થ છે તે બીજાને આપતા નથી, અને ભોગનો ત્યાગ છે તેથી ભોગ બીજાને આપે છે. શ્રીમદ્ભાગવત સ્કંધ ૩ અધ્યાય ૧૪ માં દિતિ અને કશ્યપના સંવાદમાં કહ્યું છે કે,–*

* यस्याऽनवद्याचरितं मनीषिणो गृणन्त्यविद्यापटलं बिभित्सवः।
निरस्तसाम्यातिशयोऽपि यत्स्वयं पिशाचचर्यामचराद्गतिः सताम् ॥
हसन्ति यस्याचरितं हि दुर्भगाः स्वात्मन्न तस्याऽविदुषः समीहितम्।
यैर्वस्त्रमाल्याभरणानुलेपनैः श्वभोजनं स्वात्मतयोपलालितम्। २७ ॥

એક સમયે દિતિ કામવશથી કશ્યપની પ્રાર્થના કરવા લાગ્યાં ત્યારે કશ્યપે તેના સાંત્વન માટે કહ્યું છે કે આ સંધ્યાકાલ સમયે ગ્રામ્ય વ્યવહાર યુક્ત નથી, કેમકે આ વખતે મહાદેવજી પોતાના ભૂતગણ સાથે ફરે છે તે તને જોઈ કોપિત થશે, એ પ્રસંગમાં મહાદેવનું વર્ણન છે.

**શિવસામર્થ્ય**–મહાદેવજીના નિર્દોષ આચરણનું અવિદ્યાનો ભેદ કરવાની ઇચ્છાવાળા વિદ્વાનગ્રહણ કરે છે, અને જેને ઉત્કર્ષાહંકાર નથી અને સમભાવ છે, એવા મહાદેવ સત્પુરુષોને શીખવાડવા માટે પિશાચાચરણ કરે છે. કેટલાક ભાગ્યહીન પુરુષો સર્વજ્ઞ અને આત્મારામ શિવનાં આચરણની નિંદા કરે છે, તે ભાગ્યહીન છે, કે જે વસ્ત્ર, પુષ્પ, આભરણ, ચંદન ઈત્યાદિકને તથા પોતાના દેહને આત્મા સમજી તેનું લાલન કરે છે, તેવા જ નિંદા કરે છે. સર્વ વિષયના પરિત્યાગપૂર્વક આત્મચિંતનરૂપ જે મહાદેવજી આચરણ કરે છે, તેને વિદ્વાનો ગ્રહણ કરે છે. કારણ કે તેઓ અવિદ્યાપટલના ભેદની ઇચ્છા કરે છે અર્થાત્ માયાથી દૂર થઈ મોક્ષના ઉપાયમાં લાગી રહ્યા છે. મહાદેવજી તો લોકશિક્ષાર્થે તેવું આચરણ કરે છે. પોતે તો નિત્ય નિવૃત્તાનર્થ છે તેથી એમને કાંઇ અનર્થ નિવૃત્તિ માટે કર્તવ્ય નથી, તોપણ જે પિશાચચર્યા ધારણ કરી છે તે કેવળ લોકશિક્ષાર્થ છે. જ્યારે સમાનભાવ અને ઉત્કર્ષભાવ છૂટી જાય ત્યારેજ મુક્ત થવાય તે આચરણ મહાદેવજી રાખે છે; કેમકે પોતે મુક્ત છતાં પિશાચચર્યાનો સ્વીકાર કર્યો છે તેથી લોકમાં એ ઉપદેશ છે કે એ રીતથી ગો, મૃગ, કાકના આચરણ જેવાં આચરણ કરવાં. ત્યાં એ શંકા થાય કે એવાં આચરણથી મહાદેવની લોકમાં નિંદા થાય છે તો તમે તેની મ્હોટાઈ કેમ કહો છો? ઉત્તર–જે ભાગ્યહીન મનુષ્ય છે તેજ નિંદા કરે છે તેમજ તેમની બરાબર જે નથી તે નિંદા કરે છે. પારકાનો ઉત્કર્ષ સહન ન થાય અને તેના સ્થાનને ન પહોંચાય ત્યારે તેની નિંદા લોકમાં કરે છે. કહ્યું છે કે–"असक्तास्तत्पदं गंतुं ततो निंदां प्रकुर्वते[1] એ દુર્જનનો ધર્મ છે તેથી જે ભાગ્યહીન છે તેજ શિવાચરણથી નિંદા કરે છે. લોકમાં એ વાત પ્રસિદ્ધ છે કે પોતાના સમાનને જોઇને તથા પોતાને ઇચ્છિત મળવાનું હોય ત્યાં સ્તુતિ કરે છે, અને તેથી વિપરીત હોય ત્યાં ઉપહાસ કરે છે. તો મહાદેવ પૂર્ણ જ્ઞાન છે અને આત્મારામ છે તેથી તેમના ચરિત્રનો અજ્ઞજન ઉપહાસ કરે છે. વળી જ્યારે કાંઇ વૈલક્ષણ્ય દેખાય ત્યારે ઉપહાસ થાય છે તો આત્મારામ એવા મહાદેવના ચરિત્રમાં અને અજ્ઞ લોકના ચરિત્રમાં વૈલક્ષણ્ય ઘણું છે. જેમકે અજ્ઞ લોક પોતાના દેહને જ આત્મા માનીને વસ્ત્ર, માલા, ચંદન આદિથી તે દેહનું જ લાલન પાલન કરનારા હોય છે, અને મહાદેવ તો સર્વ ભોગનો પરિત્યાગ કરીને પિશાચનાં જેવાં આચરણ કરે છે, તેથી વૈલક્ષણ્ય બહુ છે. તેમજ મહાદેવ પૂર્ણજ્ઞાન છે, અને તે લોક અજ્ઞ છે, તેથી એ નિશ્ચય થયો કે શિવ પિશાચચર્યાનો સ્વીકાર કરે છે, અર્થાત્ સર્વ ભોગનો ત્યાગ કરીને આત્મચિંતન કરે છે. અને સદા મુક્તિનો ઉપભોગ (અનુભવ) કરે છે.

---

૧ એક વખતે એક શિયાળ ઝાડ ઉપરથી પાકી રહેલી દ્રાક્ષ જોઇને તેને ખાવા માટે તે મેળવવા યત્ન કરવા લાગ્યું પણ દ્રાક્ષ ઉંચી હોવાથી તે મેળવી શક્યું નહિ ત્યારે થાકીને પાછું જતાં જ્યાં ત્યાં કહેવા લાગ્યું કે અમુક ઠેકાણે દ્રાક્ષ છે તે ખાટી છે અને ખાવા લાયક નથી. એ રીતે દુર્જનની કોઈ વસ્તુ અપ્રાપ્ય હોય અથવા કોઇનો ઉત્કર્ષ હોય તે સહન નહીં થવાથી તેની નિંદા કરે છે.



## વિષ્ણુનું સામર્થ્ય.

વિષ્ણુ સદા ભોગનો ઉપભોગ કરે છે, પરંતુ પોતે અનપેક્ષ રહે છે. તો પણ લક્ષ્મી સદા સન્નિધાનમાં રહે છે. એ વાત શ્રીભાગવત સ્કંધ ૪ અધ્યાય ૬ શ્લોક ૩૪ માં કહી છે. *(હે ભગવન્! આપનું ચરિત્ર વિલક્ષણ છે. પાપ કર્મ કરો તો પણ તે કર્મથી લિપ્ત થતા નથી. બીજા કેટલાક સમૃદ્ધિને માટે લક્ષ્મીની ઉપાસના કરે છે, પરંતુ આપને તો લક્ષ્મી પોતાની મેળે અનુસરે છે તેનો પણ આપ આદર કરતા નથી) આ ઋષિજનોની સ્તુતિ છે, તેમાં કહે છે કે, યજ્ઞાદિક કર્મ કરવાથી પુણ્ય થાય છે, અને તેનું ફળ તે કરનાર ભોગવે છે, અને ઇશ્વરમાં તેમ નથી, એમ સમજી સ્તુતિ કરે છે કે આપનું ચરિત્ર અલૌકિક છે, કેમકે આપ કર્મ કરો છો પરંતુ તેનું ફલ આપને નથી, અને લોકમાં તો એવી મર્યાદા છે કે જેવું કર્મ કરે તેવું ફલ તેને ભોગવવું જ પડે, અર્થાત્ શુભ કર્મનું શુભ ફલ અને દુષ્કર્મનું દુષ્ટ ફલ ભોગવેથી જ છૂટકો થાય છે. અને એમ પણ કહેવાય છે કે જે કર્મ કરતો નથી, તે ફળ ભોગવતો નથી, પરંતુ આપ તો કર્મ કરો છો તોપણ કર્મફલનો ભોગ આપને કંઇ ભોગવવો પડતો નથી. તેથી આપનું ચરિત્ર વિલક્ષણ છે, લોકમાં લક્ષ્મીનું જેઓ ઉપાસન કરે છે તેને અભિલષિત સમૃદ્ધિ મળે છે. આપની પાસે તો લક્ષ્મી પોતે સ્વઇચ્છાથી ઉપસ્થિત છે, છતાં આપ અનપેક્ષ રહી તેનો આદર કરતા નથી, તો પણ લક્ષ્મી ક્ષણવાર આપનાથી દૂર થતી નથી. શ્રીમદ્ભાગવત પ્રથમસ્કંધ ૧૧ મા અધ્યાયમાં કહ્યું છે કે–†જો કે આપ (ભગવાન્) તેમની પાસે વિરાજો છો. અને એકાંતમાં પણ પધારો છો તો પણ આપના ચરણારવિંદ ક્ષણક્ષણમાં નવા ને નવાજ લાગે છે, એવા આપના ચરણારવિંદથી કોણ (દુર્ભાગી) સ્ત્રી વિરામ પામે. લક્ષ્મીજી ચંચળ છે છતાં એક ક્ષણ પણ છોડતાં નથી) દ્વારકામાં ભગવાન પધાર્યા છે તે વખતે ભગવત્પત્નીને પ્રેમાશ્રુપાત થયો, તે સમયે ઉપર પ્રમાણે કહ્યું છે. ત્યાં શંકા થાય કે, અશ્રુપાત તો વિરહમાં થાય, સંયોગમાં અશ્રુપાત અનુચિત છે. ત્યાં કહે છે કે, જો કે અશ્રુપાત ઉચિત નથી, કેમકે તે સમયે વિરહ નથી પણ પાસે જ વિરાજે છે, તેમ તેમની ભાવનાનુસાર એકાંતમાં પણ વિરાજે છે, તોપણ ભગવાન્ના ચરણારવિંદ તેમને પ્રતિક્ષણે નવા નવા લાગે છે, એ મનોરથ હતો કે એ ચરણારવિંદ અમારા હૃદયમાંજ ધારણ કરી રાખીએ, અને તે તો અત્યંત રસાવિર્ભાવ થાય ત્યારે જ બને; એ તેમનો મનોરથ પૂર્ણ નહિ થવાથી અશ્રુપાત થયો, તે ઉચિત છે. એવી ભગવચ્ચરણરૂપ ભક્તિ તેનાથી કોણ વિરામ પામે? અર્થાત્ તે માટે મનમાં મનોરથ થયાજ કરે, બીજું શું કહેવું. લક્ષ્મીજી ચંચળ છતાં પણ ક્ષણમાત્ર છોડતાં નથી.

હવે ચાલતા પ્રસંગમાં એ સિદ્ધ થયું કે ભગવાન્ અનપેક્ષ છે તો પણ લક્ષ્મી ક્ષણમાત્ર છોડતાં નથી, તેથી વિષ્ણુ ભોગનો ઉપભોગ કરે છે. શિવનો ભોગ્ય પદાર્થ મોક્ષ છે, અને વિષ્ણુનો

---

* अनन्वितं ते भगवन्विचेष्टितं यदात्मनाऽऽचरसि हि कर्मनाज्यसे ।
विभूतये यत उपसेदुरीश्वरीं न मन्यते स्वयमनुवर्तिनीं भवान् ॥

† यद्यप्यसौ पार्श्वगतो रहोगतस्तथापि तस्याङ्घ्रियुगं नवं नवम् ।
पदे पदे का विरमेत तत्पदाच्चलापि यच्छ्रीर्न जहाति कर्हिचित् ॥

ભોગ્ય પદાર્થ ભોગ છે; તેથી શિવ વિષ્ણુ પોતપોતાનો ભોગ્ય પદાર્થ ભક્તને આપતા નથી. અર્થાત્ શિવ મુક્તિ આપતા નથી, અને વિષ્ણુ ભોગ આપતા નથી.

**શિવ મોક્ષ કેમ ન આપે?** ઘોર શક્તિને નિયમમાં રાખવા માટે અને ઉપાસકના દોષને લીધે શિવ મોક્ષ આપતા નથી. શ્રીભાગવત સ્કંધ ૪ અધ્યાય ૨૪ માં કહ્યું છે કે–(શિવ* આત્મારામ છે તોપણ જીવ લોકની સમૃદ્ધિને માટે ઘોર શક્તિ સહિત વિચરે છે) શિવ આત્મારામ છે. આત્મામાં જ આનંદિત છે અર્થાત્ મુક્ત છે; તેમને કંઈ કર્તવ્ય નથી, તે છાંદોગ્ય ઉપનિષદ્‌માં ભૂમવિદ્યામાં કહ્યું છે કે†–એમાં રતિ શબ્દ ભગવદ્‌ભક્તિવાચક છે અને એ મુક્તની દશાનું વર્ણન છે. તેમાં આત્મરતિ અને આત્મામાં ક્રીડા કહી, આત્માનંદ પણ કહ્યો છે, તેથી એવા મુક્ત પરમહંસને કંઈ કર્તવ્ય નથી; તોપણ શિવ જીવના રક્ષણને માટે પ્રલય કરનારી પોતાની શક્તિને નિયમમાં રાખીને વિચરે છે. એ વાક્યથી એમ સિદ્ધ થાય છે કે ઘોર શક્તિને નિયમમાં રાખે છે, તેથી અને ઉપાસક ભક્તના દોષને લીધે શિવ મોક્ષ આપતા નથી.

**વિષ્ણુ ભોગ કેમ નથી આપતા?** ભોગમાં દોષ છે, કારણ કે લક્ષ્મીના સંબંધથી મદ ઉત્પન્ન થાય છે અને મદ થતાં પછી પાત થાય છે, તે વિષે ભાગવત દશમસ્કંધ અ. ૮૧ માં કહ્યું છે કે–‡(ભગવાન્ અદીર્ઘબોધ (અપક્વ સમજણવાળા) ભક્તને સંપત્તિ અને રાજ્ય ઐશ્વર્ય આપતા નથી. કેમકે ધનિકને મદથી થયેલો નિપાત પોતે જુવે છે, તેથી સંપદાદિ ભક્તને આપતા નથી,) આ શ્લોકના પૂર્વના પ્રસંગમાં સુદામબ્રાહ્મણે ભક્તિ માગી છે કે; જન્મ જન્મમાં ભગવદ્‌ભક્તિ મળે. આ જન્મમાં ભગવાને સંપદ્ આપી તેવી બીજા જન્મમાં પણ મળે તો ભક્તિ થાય નહિં તેથી બીજા જન્મમાં સંપદાદિનું કામ નથી, કારણ કે તેથી ભક્તજનનો સત્સંગ થાય નહિં અને સત્સંગ વિના નિસ્તાર પણ થાય નહિં. કેમકે મુક્તિદ્વાર સત્સંગ છે, ઈત્યાદિ૦ ભગવાન્ ભક્તને સંપદ્ આપતા નથી અને તેનું કારણ એ છે કે સંપત્તિ, રાજ્ય, લક્ષ્મી, ઐશ્વર્ય એ બુદ્ધિવ્યામોહક છે, જે ધનિક છે તેનો મદથી પાત થાય છે તે જોઇને તે આપતા નથી. મદ કરવાનો લક્ષ્મીનો સ્વભાવ છે. કોઇએ કહ્યું છે કે સંપત્તિ એ એક રોગ છે. રોગનો અને સંપત્તિનો સ્વભાવ તુલ્ય છે. હે રાજન્! સંપદ્ એ એક અદ્‌ભુત રોગ જ છે. કર્ણના છેદ પૂરી નાખે છે, તેથી કોઇનું કહેલું સંભળાતું નથી, અને વાણી બંધ કરે છે એટલે પરોપકાર સંબંધી તેનાથી કંઈ બોલાતું નથી, અથવા કોઈ પૂછે તેનો ઉત્તર દઈ શકાતો નથી. અને નેત્રથી અંધ થાય છે એટલે પારકું દુઃખ સૂઝતું નથી. પોતાના સમાન સર્વ સુખી છે એમ સમજે છે, એ પણ વિકાર જ છે ઈત્યાદિ દોષ રોગ બરાબર છે અને તે દોષ ધનના મદથી ઉત્પન્ન થાય છે. એટલા કારણથી ધનિકનો પાત થાય છે અને રાજ્યના

---

* आत्मारामोऽपि यस्त्वस्य जीवलोकस्य राघसे । शक्तया युक्तो विचरति घोरया भगवान्भवः ॥ १९ ॥

† "स वा एष एवं पश्यन्नेवं मन्वान एवं विजानन्नात्मरतिरात्मक्रीड आत्ममिथुनः आत्मारामः स्वराड् भवति, तस्य सर्वेषु, लोकेषु कामचारो भवति" । अ० ७–२५–२.

‡ भक्ताय चित्रा भगवान् हि सम्पदो राज्यं विभूतिर्न समर्थयत्यजः ।
अदीर्घबोधाय विचक्षणः स्वयं पश्यन्निपातं धनिनां महोद्भवम् ॥ ३७ ॥



અંતે નરક છે* એમ શાસ્ત્રમાં કહેવાય છે, માટે એ સિદ્ધ થાય છે કે ભગવાન્ પોતાના ભક્તને ભોગ અને ભોગનું સાધન આપતા નથી. હવે આપવું તો બાજુપર રહ્યું પણ પોતે જેના ઉપર અનુગ્રહ ઇચ્છે છે તેનું દ્રવ્ય હરણ કરે છે. यस्याहमनुगृह्णामि हरिष्ये तद्धनं शनैः (ભા. ૧૦–૮૮–૮) ભગવાન કહે છે કે–જેના ઉપર હું અનુગ્રહ કરૂં છું તેનું દ્રવ્ય ક્રમે કરીને હરણ કરૂં છું. એ ઉપરથી એ નિષ્કર્ષ થયો કે ભગવાન્ ભક્તને ભોગ આપતા નથી.

## પુરુષોત્તમની આજ્ઞાથી જ ભોગ અને મોક્ષ થાય.

**શ્રીદેવકીનંદજી** પોતે અભિપ્રાય એવો લખે છે કે–ભોગ અને મોક્ષ એ બંને ફલ આપવામાં શિવ અને વિષ્ણુ બન્ને સમર્થ છે તોપણ તેમના ગુણનો વિશેષ વિચાર કરતાં ભોગ શિવદ્વારા મળે છે અને મોક્ષ વિષ્ણુદ્વારા મળે છે. એ આપવાવાળા તો પુરુષોત્તમ જ છે, તેથી એમાં વિષ્ણુદ્વારા, શિવદ્વારા એવું પદ ધર્યું છે. "भोगः शिवेन मोक्षस्तु विष्णुनेति विनिश्चयः" એમાં "શિવેન" તથા 'વિષ્ણુના' એ બંને તૃતીયા વિભક્તિ છે એ તૃતીયાને કરણ કહે છે, તો કર્ત્તા પ્રધાન રહે છે, અને કરણથી કર્ત્તા ભિન્ન રહેવા જોઇએ, તેથી આપનાર પુરુષોત્તમ, પરંતુ તેમના દ્વારા આપે છે એવો નિર્ણય થયો. અને તેજ વાત શ્રીભાગવત સ્કંધ ૧૦ અધ્યાય ૫૧ માં મુચુકુંદે કહેલી છે કે—કાળ સર્વ પ્રજાનો નાશ કરે છે તો મારો પણ નાશ કરશે.† તો હું વરદાન કેમ માગું? ત્યારે દેવોએ કહ્યું કે તારું કલ્યાણ થાઓ. અર્થાત્ કાલ તારો સહસા ગ્રાસ નહિં કરે અને તું વર માગ. મુચુકુંદે વિચાર્યું કે કાલ ગ્રાસ ન કરે તો મોક્ષ જ આપો, ત્યારે દેવોએ કહ્યું કે મોક્ષ વગર જે માગો તે આપીએ, મોક્ષના આપનાર તો પુરુષોત્તમ છે, કારણ કે અમો પ્રવૃત્તિનું કાર્ય કરી શકીએ છીએ, અને તેમાં જ અમારો અધિકાર છે, પરંતુ નિવૃત્તિના કાર્યમાં તો તેજ સ્વતંત્ર છે, અમારાથી મોક્ષ આપી શકાય નહિં. મોક્ષ આપવાવાળા પુરુષોત્તમ જ છે. શ્રીમદ્‌ભાગવત સ્કંધ ૧ અ. ૨ શ્લોકમાં કહ્યું છે કે "श्रेयांसि तत्र खलु सत्त्वतनोर्नृणां स्युः" (મનુષ્યનું કલ્યાણ તો ભગવાન્‌થી જ થાય છે.) સત્વગુણોપાધિ ભગવાન્‌ના ભજનથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

## નિર્ગુણ મુક્તિ વિષ્ણુથી નહિ પણ પુરુષોત્તમથી.

વિષ્ણુના ભજનથી જે મુક્તિ મળે છે તે સગુણ મુક્તિ છે, પરંતુ નિર્ગુણ મુક્તિ તો શ્રીપુરુષોત્તમની સેવાથી પ્રાપ્ત થાય છે. તે વિષે નિબંધ શાસ્ત્રાર્થ પ્રકરણમાં કહ્યું છે કે‡–ભગવાનનું સર્વ રૂપવિષયક ભજન ફલસિદ્ધિને માટે છે તોપણ સાયુજ્ય મુક્તિની પ્રાપ્તિ તો સર્વ દેવના તેમજ સર્વ અવતારોના મૂલભૂત શ્રીકૃષ્ણની સેવાથી જ છે. બીજાં રૂપોની સેવાથી તો સગુણ મુક્તિ મળે છે, તેમજ જ્ઞાનમાર્ગમાં સાત્વિકી મુક્તિ મળે છે, તે પણ સત્વગુણવિશિષ્ટ હોવાથી સગુણ છે. અથવા જીવન્મુક્તિ મળે છે તે પણ સગુણ છે.§ ભગવાન્‌થી અતિરિક્ત સર્વ સગુણ છે, એક ભગવાન્ જ નિર્ગુણ છે. કહ્યું છે કે—

---

* बधिरयति कर्णविवरं वाचं मूकयति नयनमन्धयति । विकृतयति गात्रयष्टिं सम्पद्रोगोयमद्भुतो राजन् ॥

† वरं वृणीष्व भद्रं ते ऋते कैवल्यमद्य नः । एक एवेश्वरस्तस्य भगवान्विष्णुरव्ययः ॥ २० ॥

‡ भजनं सर्वरूपेषु फलसिद्धयै तथापि तु । आदिमूर्तिः कृष्ण एव सेव्यः सायुज्यकाम्यया ॥ १२ ॥

§ निर्गुणा मुक्तिरस्माद्धि सगुणा साऽन्यसेवया । ज्ञानेपि सात्विकी मुक्तिर्जीवन्मुक्तिस्तथापि वा ॥ १४ ॥

"हरिर्हि निर्गुणः साक्षात् तं भजन्निर्गुणो भवेत्" "मन्निष्ठं निर्गुणं स्मृतम्" ઇત્યાદિ વાક્યોથી એજ સિદ્ધ થાય છે કે ભગવત્સાયુજ્ય છે તેજ નિર્ગુણ મુક્તિ છે. સર્વ ભગવદ્રૂપ વિષયક ભજન ફલસિદ્ધિને માટે છે, યજ્ઞરૂપ હરિ, સાકારબ્રહ્મ, સૂર્યાદિ રૂપધારી હરિ અને દુર્ગા, ગણપતિ આદિ દેવો તે તે રૂપથી શ્રીહરિ છે, એમાંથી જેનું ભજન કર્યું હોય તે ફલદાયક છે, પરંતુ નિર્ગુણમુક્તિની ઇચ્છા હોય તેણે તો સર્વના આદિ મૂળરૂપ શ્રીપુરુષોત્તમ (કૃષ્ણ)ની જ સેવા કરવી. જો કે સર્વ જગત્ ભગવાને બનાવ્યું છે, તેમજ જીવોને માટે ભક્તિમાર્ગ પણ બનાવ્યો, અને વિભૂતિરૂપના ભજનનું સાધન અને તેનાં ફળ પણ તેમણે જ બનાવ્યાં છે, પરંતુ પૂર્ણ ફળનું દાન તો પોતાને હાથમાં જ રાખ્યું છે, કારણ કે સર્વના મૂલભૂત પોતે છે, તેથી મૂળની ભક્તિ કરવી ઉચિત છે.

## પૂર્ણ ફલ કયું ?

**પુરુષોત્તમ પ્રાપ્તિ.** વેદમાં કહ્યું છે કે "ब्रह्मविदाप्नोति परम्" (બ્રહ્મને જાણનાર પરને પ્રાપ્ત થાય છે.) એમાં જે ભગવત્પ્રાપ્તિ કહી તે જ ખરી મુક્તિ. એ અને નિર્ગુણમુક્તિ બન્ને એક જ અર્થમાં છે. સગુણની સેવાથી સગુણમુક્તિ મળે અને નિર્ગુણની ભક્તિથી નિર્ગુણમુક્તિ મળે તે સ્પષ્ટ છે, મૂલરૂપ શ્રીહરિ શિવાય સર્વ સગુણ છે. જ્ઞાનમાર્ગથી મળતી મુક્તિ નિર્ગુણ કે સગુણ ? ત્યાં કહે છે કે જ્ઞાનથી સાત્વિકમુક્તિ મળે છે, અને જ્ઞાન સત્વગુણથી જ પ્રાપ્ત થાય છે, કેમ કે "सत्वात्सञ्जायते ज्ञानं" એ વાકયથી સિદ્ધ છે અને તે જ્ઞાનોત્તર મોક્ષ થાય છે, કેમકે "ऋते ज्ञानान्न मुक्तिः" એ વાકયમાં જ્ઞાન વિના મોક્ષ નથી, એમ કહ્યું છે, તેથી જ્ઞાનથી મુક્તિ છે, તે સાત્વિકી હોવાથી સગુણ છે, અને જ્ઞાનોત્તર જેને ભક્તિ પ્રાપ્ત થાય છે તે ભગવાનને પ્રાપ્ત થાય છે. તે વિષે કહ્યું છે કે "ते प्राप्नुवन्ति मामेव" જ્ઞાનયુક્ત ભક્તિ કરનાર મને (ભગવાનને) પ્રાપ્ત થાય છે, તેથી તે જ્ઞાનયુક્ત ભક્તિથી નિર્ગુણ મુક્તિ છે, તેથી જ્ઞાનમાર્ગ-કરતાં ભક્તિમાર્ગનો ઉત્કર્ષ છે.

શિવ અને વિષ્ણુ સમાન હોય તો બન્ને મુક્તિ કેમ ન આપે ? ઉત્તર—"ज्ञानान्मोक्षः" જ્ઞાનથી મોક્ષ થાય છે અને તે જ્ઞાન સત્વગુણથી ઉત્પન્ન થાય છે તો સત્વગુણાધિષ્ઠાતા વિષ્ણુથી જ મોક્ષ સુલભ છે, અને જ્ઞાનને પ્રતિબંધ કરનાર અજ્ઞાન તે તમોગુણજન્ય છે અને મોક્ષમાં પ્રતિબંધક ભોગ છે, તો તમોગુણાધિષ્ઠાતા શિવથી ભોગ સુલભ છે, એ વાત નિશ્ચય સિદ્ધ થાય છે.

## ભગવદીય ભોગ–મોક્ષ ઇચ્છતા નથી.

વળી એમ પણ પ્રતિપાદન કર્યું કે ભોગ અને મોક્ષ બંને શિવ પણ આપી શકે છે, અને વિષ્ણુ પણ આપી શકે છે. તેમાં ભક્તિમાર્ગીયની કોઇ રીતે ક્ષતિ નથી, કેમકે ભક્તો તો ભોગ અને મોક્ષ બંનેનો સ્વીકાર કરતા નથી.

એ પ્રકારે જીવવિચારિત મોક્ષ ચાર પ્રકારનો નિરૂપણ કર્યો, અર્થાત્ એ લૌકિક મોક્ષ છે, ઈશ્વર વિચારિત નથી, તેથી ભક્તિમાર્ગમાં સ્વીકારેલો નથી, એ વાત પણ નિશ્ચય છે. વળી



એક શંકા ઉત્પન્ન થાય છે કે ભક્તિમાર્ગમાં મોક્ષનો સ્વીકાર નથી તો શ્રીમદાચાર્યજીએ મોક્ષનું પ્રતિપાદન કેમ કર્યું ?* તેના ઉત્તરમાં કહે છે કે, જો કે ભક્તિમાર્ગમાં ભોગ કે મોક્ષમાંથી કોઇનું પણ ગ્રહણ નથી, પરંતુ કદાચિત્ કોઈ ભક્તિમાર્ગીય જીવને એ મોક્ષમાં ઇચ્છા થઇ જાય, તેથી તેનું પ્રતિપાદન કરી બતાવ્યું કે એ મોક્ષ ગ્રહણ કરવાયોગ્ય નથી. આ બાલબોધ ગ્રંથ સમજનાર જીવ તેવા મોક્ષમાં ભૂલથી ઇચ્છા કરે નહિં, તે માટે તે મોક્ષનું વર્ણન કર્યું છે, તે ઉચિત જ છે.

**ભક્તિ કલ્પતરુ જેવી છે**—પહેલાં એમ તો કહ્યું છે કે ભોગ શિવ આપે છે અને વિષ્ણુ મોક્ષ આપે છે. તો ભક્તિમાર્ગીય જીવને મોક્ષની તો ઇચ્છા છે નહિં, તેથી વિષ્ણુની ઉપાસનાની આવશ્યકતા નથી. પરંતુ ભગવત્સેવામાં અનેક પદાર્થની અપેક્ષા રહે છે તેથી જે પદાર્થ ભક્ત પાસે ન હોય તેને માટે અર્થાત્ ભોગને માટે શિવની ઉપાસના કરે કે કેમ ? ત્યાં કહે છે કે "लोकेऽपि यत्प्रभुर्भुंक्ते तन्न यच्छति कर्हिचित्" લોકમાં એ પ્રસિદ્ધ વાત છે કે જે પદાર્થ પ્રભુને માટે છે તે કોઇ આપી શકે તેમ નથી. તો પ્રકૃતમાં જે પદાર્થ પ્રભુ (વિષ્ણુ)ના ભોગને માટે જોઇએ તે પદાર્થ કોઈ (શિવ) પણ આપી શકે નહિં. અર્થાત્ શિવ એવો ભોગ આપતા નથી. જો કદાચિત્ ભગવાન્ ન આપે અને શિવ આપે તો ભગવાન્ના ભક્ત કામના પૂર્ણ કરવાના સ્વભાવમાં ન્યૂનતા આવે, કેમકે ભગવાને કહેલું છે કે સર્વ પદાર્થ મારી ભક્તિથી મારા ભક્તને મળે છે અર્થાત્ તે હું આપું છું, તે વિષે શ્રીમદ્ભાગવત એકાદશસ્કંધ અધ્યાય, ૨૦ માં કહ્યું છે કે–(ભગવાન્ કહે છે) †કર્મ, તપ, જ્ઞાન, વૈરાગ્ય, યોગ, દાનધર્મ, તીર્થ યાત્રા અને વ્રત આદિ એ સર્વ કલ્યાણનાં સાધન છે. એનાથી જે કંઈ ફલ થવાનું હોય છે, તે સર્વ મારા ભક્તને મારી ભક્તિથી પ્રાપ્ત થાય છે, તે પણ અનાયાસે થાય છે, વળી તેને સ્વર્ગ કે મોક્ષ અથવા ભગવદ્ધામ (વૈકુંઠ)ની ઇચ્છા હોય તો તે સર્વ મળે છે. પરંતુ તે ભક્તોને એની ઇચ્છા જ હોતી નથી. જે અનન્ય અને ધીર ભગવાન્ના ભક્ત છે તે ભગવાને આપેલા મોક્ષને પણ લેતા નથી, તો સ્વર્ગાદિકની તો શું વાત. તેમની નિરપેક્ષતા એ જ તેમનું કલ્યાણ છે. એમાં સાધન મારી ભક્તિ છે, તે પણ પ્રાર્થના રહિત હોવી જોઇએ, કારણ કે ભગવાન નિરપેક્ષ છે તો તેમની ભક્તિ પણ નિરપેક્ષ જ જોઈએ. એવા ભક્ત ભગવાન્ની પ્રાર્થના ન કરે, તો પછી શિવાદિકની તો કેમજ કરે. ભગવાન્ની પ્રાર્થના કરનાર ભક્તની નિંદા કહેલી છે જેમ કે, "यस्य आशिष आशास्ते न स भृत्यः स वै वणिक्" જે ભક્ત ભગવાન્ પાસે (પુત્રાદિની)

---

* જો કે મોક્ષ બે પ્રકારનો છે. એક સ્વતોમોક્ષ અને એક પરતોમોક્ષ. પરતોમોક્ષ ઉપર કહેલા ભેદથી અને સ્વતોમોક્ષ સાંખ્યશાસ્ત્રોક્ત અને યોગશાસ્ત્રોક્ત એવી રીતે બે પ્રકારનો, તેમ જ પરતોમોક્ષ પણ બે પ્રકારનો. એક પાશુપત શાસ્ત્રોક્ત અને બીજો પંચરાત્રોક્ત. એ રીતે ચાર પ્રકારનો મોક્ષ પ્રતિપાદન કરવામાં શું હેતુ છે ? તે હેતુ કહે છે.

† यत्कर्मभिर्यत्तपसा ज्ञानवैराग्यतश्च यत् । योगेन दानधर्मेण श्रेयोभिरितरैरपि ॥ ३२ ॥
सर्वं मद्भक्तियोगेन मद्भक्तो लभतेऽञ्जसा । स्वर्गापवर्गमद्धाम कथंचिद्यदि वाञ्छति ॥ ३३ ॥
न किंचित्साधवो धीरा भक्ता ह्येकान्तिनो मम । वाञ्छन्त्यपि मया दत्तं कैवल्यमपुनर्भवम् ॥ ३४ ॥
नैरपेक्ष्यं परं प्राहुर्निःश्रेयसमनल्पकम् । तस्मान्निराशिषो भक्तिर्निरपेक्षस्य मे भवेत् ॥ ३६ ॥

પ્રાર્થના કરે છે તે સેવક નહિ પણ વેપારી (વાણીઓ) સમજવો. એ વાક્યમાં એવું સૂચવ્યું કે જે ભક્ત ધન માટે કે પુત્રાદિ માટે ભગવાન્‌ની ભક્તિ કરે તે ભક્ત ન જાણવો કેમકે એવી ભક્તિમાં હેતુ ધનાદિક હોય છે, ભગવત્પ્રાપ્તિ હેતુ નથી. તેથી જેમ બીજો વણુજ–વ્યાપાર કરે અને ધનાદિક પેદા કરે તેવો એ પણ એક વ્યાપાર છે, જેમ વ્યાપારમાં પ્રથમ ધન રોકવું પડે છે અને પછી તેથી વધારે પ્રાપ્ત થાય છે, તેમ અહીં ધનાદિકની ઇચ્છાવાળા ભક્તોની ભક્તિમાં પણ મંદિરાદિકમાં ખર્ચ કરે અને પછી ભક્તિવડે ધનાદિ પ્રાપ્ત કરે, એ રીતે એ ભક્તિ અને વ્યાપારનું સામ્ય છે. તેથી તેવી ભક્તિ કરનારને ભક્ત નહિ કહેતાં વણિક કહ્યો તે યોગ્યજ છે.

હવે જ્યાં અર્થપ્રાપ્તિ માટે ભગવાન્‌ની પ્રાર્થનાજ અનુચિત છે તો શિવાદિકની પ્રાર્થના અથવા ઉપાસના કરવાનો અવકાશ જ નથી. અર્થાત્ ભક્તે અન્યાશ્રય કરવોજ નહિં. તેમ ભગવાન્‌ની પણ પ્રાર્થના કરવી નહિ, કેમકે ભગવાન્ અંતર્યામી છે અને ભક્તાભિલષિત સર્વ આપવામાં સમર્થ છે. તેથી પ્રાર્થનામાં ઉભયતઃ દોષ છે. વિશેષ લખવાનું પ્રયોજન નથી. ૧૪

**શ્રીપુરુષોત્તમજી** એવો અભિપ્રાય લખે છે કે, શિવ સ્વભોગ્ય મોક્ષ કોઈને આપતા નથી, અને વિષ્ણુ, સ્વભોગ્ય ભોગ કોઈને આપતા નથી એમ કહ્યું છે. તે ઉપર શંકા થાય કે– શિવ કોઈને મોક્ષ ન આપે તો પાશુપતશાસ્ત્રનું મોક્ષશાસ્ત્રપણું ન ગણાય, અને ભગવાનની ભક્તિથી સર્વ મનોરથ પૂર્ણ થાય છે એમાં પણ વિરુદ્ધતા આવે. કહ્યું છે કે—*"જો જીવને ભગવદ્ભક્તિ છે તેને પુત્રાદિ સંતતિ, ધન, સ્ત્રી, હારાદિભૂષણ, ઘર, ઘોડા, હાથી અને સ્વર્ગ તથા મોક્ષ એ સર્વ પદાર્થ દૂર નથી, જો દૃઢ ભક્તિ હોય તો સર્વ મળે છે. ભક્તિ કલ્પતરુ છે, જે પદાર્થ જોઈએ તે સર્વ મળી શકે છે." માટે બન્ને દેવ ભોગ–મોક્ષ આપે છે એમ કહો. એ શંકા થાય ત્યાં કહે છે કે ભોગ્ય આપતા નથી પરન્તુ–

**मूलम्–अतिप्रियाय तदपि दीयते क्वचिदेव हि ।**
**नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः ॥ १५ ॥**

સાન્વયપદાર્થઃ—अतिप्रियाय (પોતાના) અતિશય પ્રીતિપાત્રને हि જે હેતુ માટે क्वचित् કોઈક વખતે एव જ दीयते આપે છે (અને) नियतार्थप्रदानेन નિયમપૂર્વક અર્થના [ભોગ અને મોક્ષના] દાને કરીને तदीयत्वं તેનાપણું અને तदाश्रयः તેનો આશ્રય [સિદ્ધ થાય છે.]

**શબ્દાર્થ**—પોતાના અતિશય પ્રીતિપાત્રને કોઈક વખતે જ આપે છે અને નિયમપૂર્વક અર્થ એટલે ભોગ અને મોક્ષના દાને કરીને તેનાપણું અને તેનો આશ્રય સિદ્ધ થાય છે.

### અતિપ્રિય ભક્તોની વ્યવસ્થા.

**વિવેચન**—જે ભક્ત અતિપ્રિય છે અર્થાત્ પરમપ્રીતિનું પાત્ર છે તેને સ્વભોગ્ય પદાર્થ પણ આપે છે. એ પણ લોકમાં પ્રસિદ્ધ છે કે ન આપે તે કૃપણ કહેવાય. પરંતુ કોઈક જ તાદૃશ ભક્ત હોય છે, તેવાને જ આપે છે. જેમકે મહાદેવે મયદાનવને મોક્ષ આપ્યો અને બાણને મોક્ષ આપ્યો. અને ભગવાને ઉપરિચર વસુને ભોગ આપ્યો, તેથી એ વાત સિદ્ધ થાય છે કે કોઈક

* "अपत्यं द्रविणं दारा हारा हर्म्यं हया गजाः । सुखानि स्वर्गमोक्षौ च न दूरे हरिभक्तितः"



વખતે અતિપ્રિયનેજ સ્વભોગ્ય વસ્તુ આપે છે, તેથી ભોગ અને મોક્ષ આપવાની શિવ, વિષ્ણુ બન્નેમાં શક્તિ છે. ઉપર પ્રમાણે સિદ્ધ થવાથી પૂર્વનો સંદેહ દૂર થાય છે અને પાશુપતશાસ્ત્રનું મોક્ષશાસ્ત્રપણું પણ કાયમ રહે છે.

પાશુપતશાસ્ત્રમાં શિવભક્તિને તથા નારદ પંચરાત્રમાં વિષ્ણુભક્તિને ઈષ્ટદેવને પ્રિય થવાનું સાધન કહેલું છે, તો સર્વ કોઈને અતિપ્રિયપણું થશે? ના. પાશુપતમાં અથવા પંચરાત્રમાં કહેલાં સાધનથી અતિપ્રિયપણું થાય છે, ફલબલથી અનુમાન થાય છે કે આ અતિપ્રિય છે કે સાધારણ પ્રિય છે. અતિપ્રિય હોય તેને તો સ્વભોગ્ય મુક્તિ કે ભોગ યથાક્રમ શિવ અને વિષ્ણુ આપે છે, અને સાધારણ ભક્તને તો શિવ ભોગ આપે છે અને વિષ્ણુ મોક્ષ આપે છે. તેથી અતિપ્રિયને ફલની અધિકતા છે, તેવું તેનું સાધન પણ ઉત્તમ હોય છે. "नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः" જે અતિપ્રિય હોય તેને આપવા માટે શિવે મોક્ષ નિયત કરી રાખ્યો છે, અને વિષ્ણુનો અતિપ્રિય હોય તેને માટે ભોગ નિયત કરી રાખ્યો છે. તેથી જેને જેને શિવે મોક્ષ આપ્યો હોય તે શિવનો અને જેને વિષ્ણુએ ભોગ આપ્યો હોય તે વિષ્ણુને અતિપ્રિય છે, એમ અનુમાન થાય છે.

*તદીય એટલે તેનો તે એટલે તે ભગવાનનો. એમ કહેવું હોય તો ભગવદીય એમ કહેવાય, અને તે વિષ્ણુનો એમ કહેવું હોય તો વૈષ્ણવ એમ કહેવાય; અને તદીયત્વ એટલે તદીયનો ધર્મ, તો ભગવદીયત્વ એટલે ભગવદીયનો ધર્મ, વૈષ્ણવત્વ એટલે વૈષ્ણવનો ધર્મ. જે ધર્મ દેખવાથી એમ જણાય કે આ ભગવદીય છે અથવા આ વૈષ્ણવ છે એ પહેલું સાધન છે. બીજું તદાશ્રય એટલે તેનો જ આશ્રય, જેમ વિષ્ણુ સંબંધી એટલે વૈષ્ણવ તેને વિષ્ણુનો જ આશ્રય છે, એજ પ્રમાણે શિવના વિષયમાં પણ સમજી લેવું. શિવનો જે તદીય તે શૈવ અને તદીયત્વ શૈવપણું અને તદાશ્રય એટલે શિવનો આશ્રય સમજવો. ૧૫.

હવે ઉપર કહેલાં પુરાણોક્ત તદીયત્વ અને તદાશ્રય એ બંને અતિપ્રિયત્વમાં સાથે મલીને કે એક એક જુદાં જુદાં સાધન છે? એમ જાણવાની ઇચ્છા હોય ત્યાં કહે છે કે—

**मूलम्–प्रत्येकं साधनं चैतद्द्वितीयार्थे महाञ्छ्रमः ।**
**जीवाः स्वभावतो दुष्टा दोषाभावाय सर्वदा ॥ १६ ॥**

સાન્વયપદાર્થઃ–एतत् એ [વિષ્ણુ ભજન અને શિવ ભજન] प्रत्येकं એક એકના પ્રત્યે [એક એકનાં] साधनं સાધન (છે) च અને द्वितीयार्थे બીજાના અર્થમાં અથવા બીજાના અર્થને સારૂ (એટલે વિષ્ણુને ભોગ આપવામાં અને શિવને મોક્ષ આપવામાં.) महान् [બન્નેને] મોટો श्रमः શ્રમ થાય છે. जीवाः જીવમાત્ર स्वभावतः સ્વભાવથી [પોતાના દેવ મનુષ્ય અને આસુરાદિક ધર્મથી] અથવા ભગવત્સેવા કરવી તે રૂપી પોતાનો સહજ ધર્મ છે તે નહિ કરવાથી

* નિયત અર્થદાન હોય તેમાં તેનું તદીયપણું અને તદાશ્રય એ બે સાધન સિદ્ધ થાય છે. તદીયત્વ એમાં तस्येदं तदीयं અને तदीयस्य भावः तदीयत्वम् એવી વ્યુત્પત્તિ છે, તો तस्येदं એટલે તેનો તેમાં સંબંધ છે અને તદીયત્વ એટલે તેના સંબંધશાલી ધર્મ, એવો તેનો અર્થ છે અને તદાશ્રય એટલે તેનો આશ્રય એ બંને સાધન છે.

દુષ્ટાઃ દોષવાલા (છે માટે) दोषाभावाय [તે] દોષને દૂર કરવા સારૂ सर्वदा હમેશાં (શ્રવણાદિ કરવું.)

**શબ્દાર્થ**—એ વિષ્ણુ ભજન અને શિવ ભજન એક એકના પ્રત્યે એક એકનાં સાધન છે અને બીજાના અર્થને સારૂ એટલે વિષ્ણુને ભોગ આપવામાં અને શિવને મોક્ષ આપવામાં બન્નેને મોટો શ્રમ થાય છે. જીવ માત્ર સ્વભાવ એટલે પોતાના દેવ મનુષ્ય અને આસુરાદિક સ્વભાવથી અથવા ભગવત્સેવા કરવી તે રૂપી પોતાનો સહજ ધર્મ છે તે નહિ કરવાથી દોષવાલા છે, માટે તે દોષના દૂર કરવા હમેશાં (શ્રવણાદિ કરવું.) ૧૬

## શિવ અને વિષ્ણુને શ્રમ ક્યારે થાય?

**વિવેચન**—કદિ એમ શંકા થાય કે શિવમાં મોક્ષ આપવાનું સામર્થ્ય છે અને વિષ્ણુમાં ભોગ આપવાનું સામર્થ્ય છે તોપણ બધાને શિવ મોક્ષ આપતા નથી અને વિષ્ણુ ભોગ આપતા નથી, તો એમના ઉદારપણામાં ખામી આવે. તેના સમાધાન માટે કહે છે કે "द्वितीयार्थे महान्श्रमः" શિવ સર્વને ભોગ આપે છે અને વિષ્ણુ મોક્ષ આપે છે તો શિવને મોક્ષ આપવામાં શ્રમ થાય છે અને વિષ્ણુને ભોગ આપવામાં શ્રમ થાય છે.

ઉપરના શ્લોકનો બીજા પ્રકારથી અર્થ વિવૃતિમાં કર્યો છે કે–પ્રથમ કહ્યું છે કે ફલબલથી અતિપ્રિયપણું જાણવામાં આવે છે તેમાં અતિપ્રિયત્વનું બીજું સાધન કહે છે नियतार्थ એ શ્લોકથી સાધારણ ભક્તને આપવામાં નિયત કરેલા અર્થનું દાન થતાં તદીયપણું અને તદાશ્રય કહેવાતું નથી. શિવ ભોગ આપે અને વિષ્ણુ મોક્ષ આપે તેમાં તદીયત્વ અને તદાશ્રય કહેવાય નહિ. અર્થાત્ અતિપ્રિયત્વનું એ સાધન થતું નથી. અતિપ્રિયપણાનું સાધન તો જ્યારે સાધારણ અધિકારીને પણ ઉત્તમ ફલ અપાય ત્યારે અતિપ્રિયત્વ કહેવાય. ઉદારને આપવામાં સાધનની અપેક્ષા ન જોઈએ. ત્યાં કહે છે કે "महान्श्रमः" મોટો શ્રમ થાય છે. યદ્યપિ આપે પરન્તુ શિવને મોક્ષ આપવામાં અને વિષ્ણુને ભોગ આપવામાં મોટો શ્રમ થાય છે.

પ્રકાશમાં એમ જણાવે છે કે–ભક્તજનને જે અપેક્ષિત હોય તે ભગવાન્ આપે જ છે, અને ભગવાનનું જ ભજન કરવું ઉચિત છે કહ્યું છે કે—

## સર્વ ફલ શ્રીકૃષ્ણચંદ્રની ભક્તિથી મળે છે.

*અકામ અથવા સર્વકામ અથવા મોક્ષની જ કામના હોય તો ઉત્તમ ભક્તિવડે ભગવાન્નું જ ભજન કરવું. કોઈ પણ જાતની કામના ન હોય અર્થાત્ વૈરાગ્ય ઉત્પન્ન થયો હોય તો, અથવા સર્વ કામના હોય તો ભગવાનનુંજ ભજન કરવું. કેમકે બીજા દેવની ઉપાસનાથી કદાચિત્ ફળ મલે તો એકાદ ફળ મલી શકે. સર્વ કામનાઓ ભગવાન્ સિવાય મલી શકે નહિં, તેથી સર્વ કામની ઈચ્છાવાળાએ પણ ભગવાનનુંજ ભજન કરવું, અથવા મોક્ષની ઈચ્છા હોય તોપણ ભગવાન્ની જ ભક્તિ ઉચિત છે; કારણ કે બીજાની ભક્તિથી મોક્ષ મલતો નથી, એ પૂર્વ પ્રતિપાદન કર્યું છે. "एक एवेश्वरस्तस्य" श्रेयांसि तत्र खलु सत्वतनोर्नृणां स्युः" ઇત્યાદિ વચનથી પણ એમ જ સિદ્ધ થાય છે કે મોક્ષને માટે પુરુષોત્તમની ભક્તિ કરવી.

---

* अकामः सर्वकामो वा मोक्षकाम उदारधीः। तीव्रेण भक्तियोगेन यजेत पुरुषं परम्॥ भा. द्वि. अ. ३. श्लो. १०



## ભગવદીયને ધનાદિક પણ શ્રીકૃષ્ણ જ આપે છે.

કદી એમ શંકા થાય કે શિવ ધનાદિક આપે છે, તો ભગવદીયને પણ ધનાદિ શિવ આપે છે કે કેમ? नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः" એ વાક્ય પ્રમાણે શિવ ધનાદિક આપે તો ભક્તને તદીયત્વ અને તદાશ્રય તેમનું થાય તે અનુચિત છે; કેમકે ભગવદીયને ભગવાન્ સિવાય બીજાના આશ્રયનો નિષેધ છે. કહ્યું છે કે "सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रजेत्" (સર્વ ધર્મોને છોડીને એક મારી જ શરણે આવ.) "मदन्यत्ते न जानंति नाहं तेभ्यो मनागपि" ભા. ૯–૪–૬૮" (ભક્તજન મારા વિના બીજું કંઈ પણ જાણતા નથી અને હું મારા ભક્ત વિના બીજું જાણતો નથી.) એ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે, ભગવદીયને સર્વ પ્રભુજ આપે છે. प्रत्येकं साधनं चैतत्" શિવભજન અને વિષ્ણુ ભજન એક એક ફલનું સાધન છે. માટે એઉની ઇચ્છા હોય તો ભગવાનનો આશ્રય કરવો. ભક્તિમાર્ગમાં જે સ્થિત છે તે તો સ્વર્ગમાં, મોક્ષમાં કે નરકમાં સરખું પ્રયોજન દેખે છે. કહ્યું છે કે स्वर्गापवर्गनरकेष्वपि तुल्यार्थदर्शिनः" ભક્તને ભોગ અને મોક્ષ બંનેની ભક્તિમાર્ગમાં અપેક્ષા નથી, ત્યારે તો ભગવાન્નો આશ્રય કેમ કરવો? એવી શંકા થાય ત્યાં કહે છે કે द्वितीयार्थे महान् श्रमः" (બીજા અર્થમાં) (અલૌકિક મોક્ષમાં મહોટો શ્રમ છે) એક લૌકિક મોક્ષ તો ચાર પ્રકારનો નિરૂપણ કર્યો અને બીજો અલૌકિક ભક્તિમાર્ગીય મોક્ષ, તેને માટે જે શ્રમ ભક્તિમાર્ગીય સાધનના આચરણરૂપ, તે ઘણો ભારે છે અર્થાત્ પ્રથમ કહ્યું છે તેથી સાધનથી, ફલથી, અને સ્વરૂપથી સર્વ રીતથી શ્રેષ્ઠ છે. એ દ્વિતીયાર્થમાં મહાન્શ્રમ છે, કેમકે પ્રથમ લૌકિક મોક્ષ કહ્યો અને બીજો અલૌકિક તે વેદોક્ત: તેમાં મહોટો શ્રમ છે. વેદોક્ત મોક્ષને માટે જે સાધન છે તે ઘણું કઠણ છે. તે આ પ્રસંગમાં કહ્યું નથી. તેથી એમ સિદ્ધ થાય છે કે લૌકિક, વૈદિક ભક્તિમાર્ગીય એ ત્રણે માર્ગમાં ક્રમથી ત્રણ ભાવ રાખવા. શત્રુભાવ, ઉદાસીનભાવ અને મિત્ર ભાવ. અર્થાત્ લૌકિકમાં શત્રુ ભાવ; એટલે, અભાવ અલૌકિકમાં ઉદાસીનભાવ અને ભક્તિમાર્ગીયમાં મિત્રભાવ.

## જીવનો સ્વભાવ–અને સ્વભાવ બદલવામાં શ્રમ.

શ્રમ થવાનાં કારણ કહે છે કે "जीवाः *स्वभावतो दुष्टाः" એ જીવ તે કોણ કે લિંગ સહિત શારીરાત્મા જાણવો. શ્રીમદ્ભાગવત ચતુર્થસ્કંધ અ. ૨૯ માં કહ્યું છે કે†–પાંચ તન્માત્રા (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ,) ત્રણ ગુણ (સત્ત્વ, રજ, તમ.) સોળ વિકાર (પૃથ્વિ, જલ, તેજ, વાયુ આકાશ એ પંચમહાભૂત તથા શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, રસના, ઘ્રાણ એ પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાયુ, ઉપસ્થ, હસ્ત, ચરણ, મુખ એ પાંચ કર્મેન્દ્રિય અને સોળમું મન) એ ચોવીસ તત્વો મળીને લિંગદેહ સંજ્ઞા કહેવાય છે અને ચેતના એટલે બુદ્ધિ તે સર્વની જીવ એવી સંજ્ઞા છે, આ લિંગદેહવિશિષ્ટ જીવ દુષ્ટ છે. 'त्रयः प्राजापत्याः देवा मनुष्या असुराश्च' ઇ૦ (પ્રજાપતિ સંબંધિ ત્રણ પ્રકારના જીવ છે. ૧ દેવ ૨ મનુષ્ય ૩ અસુર એ નામથી છે) વળી નારદપંચરાત્રમાં પણ કહ્યું છે કે "उत्पन्नास्त्रिविधा जीवा देवदानवमानवाः" (ત્રણ પ્રકારના જીવ ઉત્પન્ન થયા છે; દેવ, દાનવ

---

* स्वभावः परिणामहेतुः।

† एवं पंचविधं लिङ्गं त्रिवृत्षोडशविस्तृतम्। एष चेतनया युक्तो जीव इत्यभिधीयत ॥ ७४ ॥

અને માનવ. આ દેવત્વ અને દાનવત્વાદિ જે ધર્મ છે તે કેવલમાં રહેતા નથી, માટે આ સ્થળે લિંગસહિત જીવનું જ સૂચન છે; એને સ્વભાવથી જ સહજ દોષ છે. જે દેવપણું, મનુષ્યપણું અને અસુરપણું એ ધર્મ છે, તેનાથી જીવ દુષ્ટ છે, અવિદ્યા, કામ, અને કર્મ એનાથી જે ઉત્પન્ન થતી વાસના એ જ દોષ છે. આ વાસના જીવોમાં રહેલી હોય છે, તે દોષરૂપ છે તેથી એ દુષ્ટ છે. મોક્ષાદિકના દાનમાં અયોગ્ય છે. જ્યારે એમના સ્વભાવ બદલે ત્યારે દોષ દૂર થાય. અને ત્યાર પછી તેમને મોક્ષાદિ દાન અપાય તેથી તેઓના સ્વભાવ બદલવામાં શિવ વિષ્ણુને મહાન્ શ્રમ છે.

## જુદા જુદા કલ્પમાં ભિન્ન ભિન્ન દેવતા.

વળી મત્સ્યપુરાણની સમાપ્તિ વખતે ૨૮૯ મા અધ્યાયમાં કલ્પની કથા છે ત્યાં ત્રીશ કલ્પ કહ્યા છે, અને પછી સર્વ કલ્પની ચાર પ્રકારની કલ્પના કરી છે અને તે તે કલ્પમાં આરાધનીય દેવ પણ કહ્યા છે ત્યાં કહ્યું છે કે—

*૧ સંકીર્ણ ૨ તામસ ૩ રાજસ ૪ સાત્વિક એ ચાર પ્રકારના કલ્પ છે, પ્રત્યેક કલ્પ ગણે તો ત્રીશ છે, હવે સંકીર્ણ કલ્પમાં સરસ્વતીનું અને પિતૃનું માહાત્મ્ય ચાલે છે, અગ્નિનું તથા શિવનું માહાત્મ્ય તામસ કલ્પમાં ચાલે છે, રાજસ કલ્પમાં બ્રહ્માનું માહાત્મ્ય ચાલે છે. જે જે પુરાણ જે જે કલ્પનું કહ્યું તેનું માહાત્મ્ય તે કલ્પમાં ચાલે છે. સાત્વિક કલ્પમાં અધિક-માહાત્મ્ય હરિનું ચાલે છે, અને તે કલ્પમાં યોગીઓ ઉત્તમગતિને પામે છે. એ પ્રકારે કલ્પ કહીને તે કલ્પોમાં આરાધ્યદેવનું નિરૂપણ કરીને પણ મોક્ષ તો વિષ્ણુથીજ મળે છે અને સાત્વિક કલ્પમાંજ. એમ સ્પષ્ટ થયું એ જ. પ્રમાણે કૂર્મ પુરાણમાં પણ કહ્યું છે કે—

†ધ્યાન, તપ, તથા જ્ઞાન એ સર્વ પામીને સાત્વિક કલ્પમાં યોગી વિષ્ણુ અને શિવનું આરાધન કરીને પરમ પદને પામે છે. એ રીતે કૂર્મ પુરાણમાં પણ સાત્વિક કલ્પના પ્રકરણમાંજ એ વાત છે કે ધ્યાન, તપ અને જ્ઞાન એ સર્વ યોગીને પ્રાપ્ત થાય છે અને વિષ્ણુ અથવા શિવનું આરાધન કરીને તે યોગી પરમ પદને પામે છે. આ સર્વ સાત્વિક કલ્પમાં બને છે.

પુરાણનું પણ સાત્વિકાદિ કલ્પાનુસારિ કહ્યું છે, મત્સ્ય પુરાણમાં પુરાણદાનના પ્રસંગમાં કહ્યું છે કે "सात्विकेष्वथ कल्पेषु" તેથી એમ જણાય છે કે વિષ્ણુ-માહાત્મ્યયુક્ત પુરાણ હોય તે સાત્વિક અને બીજાં તામસ અથવા રાજસ સમજવાં, વામન પુરાણમાં ૧૧ મા અધ્યાયમાં કહ્યું છે ‡કે—

---

* संकीर्णास्तामसाश्चैव राजसाः सात्विकास्तथा । रजस्तमोमयास्तद्वदेते त्रिंशदुदाहृताः ॥ १३ ॥
संकीर्णेषु सरस्वत्याः पितॄणां व्युष्टिरुच्यते । अग्नेःशिवस्य माहात्म्यं तामसेषु दिवाकरे ॥ १४ ॥
राजसेषु च माहात्म्यमधिकं ब्रह्मणः स्मृतम् । यस्मिन्कल्पेषु यत्प्रोक्तं पुराणं ब्रह्मणा पुरा ॥ १५ ॥
तस्य तस्य तु माहात्म्यं तत्स्वरूपेण वर्ण्यते । सात्विकेष्वधिकं तद्वद्विष्णोर्माहात्म्यमुत्तमम् ॥ १६ ॥

† तेष्वेव योगसंसिद्धा गमिष्यन्ति परां गतिम् ॥
ध्यानं तपस्तथा ज्ञानं लब्ध्वा तेष्वेव योगिनः । आराध्य मां च गिरीशं यांति मत्परमं पदम् ॥

‡ પુલસ્ત્ય ઋષિ અને નારદજીના સંવાદમાં સુકેશી રાક્ષસની કથા છે, સુકેશી રાક્ષસે તપ કરી શિવને પ્રસન્ન કર્યા, ત્યારે વરદાન એવું આપ્યું કે તેનું પુર (યાન) આકાશમાં કે જ્યાં



*દેવનો પરમધર્મ એ છે કે યજ્ઞાદિક ક્રિયા કરવી. સ્વાધ્યાય વેદ જાણવો. વિષ્ણુ પૂજામાં પ્રીતિ હોય. અને દૈત્યનો એ ધર્મ છે કે બળવાનપણું, માત્સર્ય, યુદ્ધ કરવું અને નીતિ શાસ્ત્રની નિંદા કરવી વિગેરે—એવી રીતે સાત્વિક, રાજસ અને તામસ એ રીતે ત્રણ પ્રકારના જીવ છે, અને તેમના સ્વભાવ તેમ જ ધર્માદિક ભિન્ન છે, એમ સિદ્ધ થયું; તેથી સાત્વિક પુરાણોક્ત વિષ્ણુ અને શિવના ભજનથી સાત્વિક કલ્પમાં મુક્તિ થાય એ પણ નિશ્ચય થયું; તો સાત્વિક ભક્તનો સત્વગુણ દૂર કરી નિર્ગુણ કરી મોક્ષ આપવામાં વિષ્ણુને શ્રમ નથી; પરંતુ ભોગ આપવાથી સાત્વિક સ્વભાવ બદલાઇ રાજસ કે તામસ થાય તે ન થવા દેતાં તેને ભોગ આપી તેનો સાત્વિક સ્વભાવ કાયમ રાખવામાં વિષ્ણુને ઘણો શ્રમ છે. તે જ રીતે શિવના ભક્ત રાજસ કે તામસ હોય છે તેમનો સ્વભાવ ફેરવી સાત્વિક કરે ત્યારે તેને મોક્ષ અપાય; તેમ કરવામાં શિવને બહુ જ શ્રમ પડે છે. એ કારણથી જ વિષ્ણુ ભોગ અને શિવ મોક્ષ ઘણું કરીને આપતા નથી, કંઈ સાધનની આવશ્યકતા ઉદારતાની હાની કરનાર કહેવાતી નથી.

**વિના સાધને ફળ આપનાર તો શ્રીકૃષ્ણ છે:**—કદાચિત્ સાધન અને યોગ્યતા વગર પણ મોક્ષાદિ દાન કરે અને તેથી જીવની ઉત્તમતા કરવી હોય તો એ અવતારનો ધર્મ નથી. અર્થાત્ શિવ વિષ્ણુનો ધર્મ નથી, પરંતુ મૂલરૂપ શ્રીકૃષ્ણનો ધર્મ છે, તેથી કોઇ પણ વાત અસંગત નથી.

એ પ્રકારે સાધકના દોષથી ભોગ મોક્ષાદિદાનમાં વિષ્ણુશિવને શ્રમ પડે છે, એ વાત નિરૂપણ કરીને સેવકના દોષ દૂર કરવાને માટે સાધનની આવશ્યકતા છે, તેથી તેવાં સાધન કહે છે, તે સાધન ત્રણ અથવા પાંચ અથવા નવ સાધન છે તેની આવશ્યકતા છે, ત્રણ એટલે શ્રવણ, મનન, નિદિધ્યાસન અને પાંચ જે પાશુપત શાસ્ત્રમાં પ્રથમ કહ્યાં છે તે, અને નવ તે નવધા ભક્તિ કરવી. ૧૬

## જીવ સ્વભાવે દુષ્ટ છે, સ્વરૂપે નહિ.

**શ્રીદેવકીનંદનજી:**—પ્રકાશમાં લખે છે કે જીવ સ્વભાવથી દુષ્ટ છે કાંઇ સ્વરૂપથી દુષ્ટ નથી. કેમકે સ્વરૂપથી તો ભગવદંશ છે, ગીતાજીમાં કહ્યું છે કે "ममैवांशो जीवलोके" જીવલોકમાં જીવ છે તે મારો અંશ છે. વળી વ્યાસસૂત્રમાં પણ કહ્યું છે કે "अंशो नाना व्यपदेशात्" જીવ બ્રહ્મનો અંશ છે તેથી તે સ્વરૂપથી દુષ્ટ નથી, પણ સ્વભાવથી દુષ્ટ છે. બીજા પક્ષથી કહે છે કે જીવનો એ ધર્મ છે કે ભગવદ્દાસપણાથી સદા ભગવત્સેવા કરવી તે નહિ કરવાથી તે દુષ્ટ છે તે દોષનો નાશ કરવા માટે શ્રવણ કીર્તનાદિ ભક્તિ કરવી એ જ અતિપ્રિય થવાનું સાધન છે.

એ રીતે શ્રવણાદિક કરવાનું કહ્યું તેનું ફળ શું તે આગળ કહે છે—

---

ચાહે ત્યાં જાય, એક વખત મગધ દેશમાં એક મુનિનો આશ્રમ દેખી નીચે આવીને તેણે મુનિને પ્રશ્ન પૂછ્યો કે આ લોકમાં અને પરલોકમાં કલ્યાણ શું? ત્યારે મુનિએ કહ્યું કે ધર્મ છે તે આલોકમાં અને પરલોકમાં કલ્યાણરૂપ છે. પછી પૂછ્યું કે ધર્મનું લક્ષણ શું? અને કયો કયો ધર્મ કોને કોને માટે છે તેના ઉત્તરમાં આ શ્લોક કહ્યા છે.

* देवानां परमो धर्मः सदा यज्ञादिकाः क्रियाः । स्वाध्यायः वेदवेतृत्वं विष्णुपूजारतिःस्मृता ।
दैत्यानां बाहुशालित्वं मात्सर्यं युद्धसत्क्रियाः । निंदनं नीतिशास्त्राणां हरभक्तिरुदाहृता ॥

**मूलम्–श्रवणादि ततः प्रेम्णा सर्वं कार्यं हि सिद्ध्यति।**
**मोक्षस्तु सुलभो विष्णोः भोगश्च शिवतस्तथा ॥ १७ ॥**

सान्वयपदार्थः—श्रवणादि (શ્રીભાગવત શાસ્ત્રનું) શ્રવણ વિગેરે કરવું (આદિપદ વડે કીર્ત્તન અને સ્મરણ વિગેરે નવવિધ ભજન લેવું) ततः તે (શ્રવણાદિકથી) અથવા દોષ મટી જાય) તે પછી प्रेम्णा (શ્રીભગવાનમાં થયેલા) પ્રેમ વડે सर्वं (આલોક અને પરલોક સંબંધિ) બધું कार्यं કરવા યોગ્ય કામ सिद्ध्यति (સિદ્ધ થાય છે. અને) मोक्षः મોક્ષ तु તો विष्णोः શ્રીવિષ્ણુથી सुलभः સુલભ છે तु અને भोगः ભોગ शिवतः શિવજીથી તેથી તેમ (સુલભ છે).

**શબ્દાર્થ**—શ્રીભાગવત શાસ્ત્રનું શ્રવણ કરવું અને આદિપદથી કીર્તન વિગેરે નવવિધ ભજન કરવું, તેથી દોષ મટી જાય તે પછી શ્રીભગવાનમાં થયેલા પ્રેમ વડે આલોક અને પરલોક સંબંધિ બધું કરવા યોગ્ય કામ સિદ્ધ થાય છે. અને મોક્ષ તો શ્રીવિષ્ણુથી સુલભ છે અને ભોગ શિવજીથી સુલભ છે.

**વિવેચન**—સદાસર્વદા શ્રવણ કીર્તનાદિ કરવાથી શાસ્ત્ર પ્રતિપાદ્ય પ્રભુમાં પ્રેમ ઉત્પન્ન થાય છે, તે પ્રેમથી તદીયત્વ અને તદાશ્રય સિદ્ધ થાય છે, વિષ્ણુને ભોગ આપવામાં અને શિવને મોક્ષ આપવામાં બહુ પરિશ્રમ પડે છે, એ વાત સારી રીતે પ્રતિપાદન કરી; તો એ બંને દુર્લભને બાજુપર રાખી સુલભનું ગ્રહણ કરાય છે કે વિષ્ણુથી મોક્ષ સુલભ છે; અને શિવ પાસેથી ભોગ સુલભ છે, તેથી મોક્ષને માટે વિષ્ણુ ભક્તિ કરવી જોઇએ.

## ભક્તને તો શ્રીકૃષ્ણચન્દ્રની સેવા જ જોઇએ.

**શ્રીદેવકીનંદનજી લખે છે કે**—શ્રવણાદિક સાધન સમુદાયથી દોષનિવૃત્તિ થાય છે. અને તે પછી ભગવાનમાં સ્નેહ ઉત્પન્ન થાય છે; અને ભગવાન્‌માં સ્નેહ થવાથી ઐહિક એટલે આલોક સંબંધિ તથા પારલૌકિક એટલે પરલોક સંબંધિ જે જે કાર્ય હોય તે સર્વ સિદ્ધ થાય છે, એટલે પ્રભુના ભક્તને કોઈ પણ કાર્ય અવશિષ્ટ રહેતું નથીઃ અહિ **શંકા** થાય કે પારલૌકિક કાર્ય તો મોક્ષને જ ગણવું જોઇએ કેમકે કહ્યું છે કે "कीर्तनादेव कृष्णस्य मुक्तबंधः परं व्रजेत" શ્રીકૃષ્ણના કીર્તનથીજ સંસારથી છૂટીને પર પદને પામે છે, તો એ મોક્ષ જ કહેવાય, અને પહેલાં એમ કહી ગયા કે ભક્તને મોક્ષની અપેક્ષા હોતી નથી. **ઉત્તર**—એ કહેવું ઠીક છે. પરંતુ પ્રેમ રહિત શ્રવણ કીર્તનાદિ કર્યું હોય તો મોક્ષમાત્ર ફલ થાય, પરંતુ પ્રેમ સહિત ભક્તિનું ફલ તો મોક્ષથી અધિક છે. *ભગવાન્ કહે છે કે, હું ભક્તને સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય, એ ચાર પ્રકારના મોક્ષ તથા એકત્વ આપું છું તોપણ મારી સેવા વિના તે કંઈ પણ લેતા નથી. એવા ભક્તને ભગવાન્ પણ ભક્તિ વિના બીજું કંઈ આપતા નથી. **અને આ ભક્તિ માર્ગમાં તો સર્વાત્મભાવથી તેમનાજ થઇને રહેવું એજ મોક્ષ છે.** શ્રીમદ્ભાગવતમાં પણ એજ સિદ્ધાન્ત છે કે ભગવદીયપણું થવા પછી કંઈ બીજું કર્તવ્ય રહેતું નથી. અને પદ્મપુરાણમાં પણ કહ્યું છે કે †વૈષ્ણવજનોના જન્મ કર્મબંધનને માટે નથી, પરંતુ ભગવાનની સેવા કરવાને માટે છે,

* सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत । दीयमानं न गृह्णंति विना मत्सेवनं जनाः ॥

† न कर्मबंधनं जन्म वैष्णवानां च विद्यते । विष्णोरनुचरत्वं हि मोक्षमाहुर्मनीषिणः ॥



અને સેવા કરવી એ અનુચર અર્થાત્ દાસનું કામ છે. તેથી ભગવાનનો દાસ છે તે મુક્ત જ છે, અને પંડિતજનો દાસભાવને મોક્ષ કહે છે તે યુક્ત જ છે. ૧૭

**मूलम्–समर्पणेनात्मनो हि तदीयत्वं भवेद् ध्रुवम्।**
**अतदीयतया चापि केवलश्चेत्समाश्रितः ॥ १८ ॥**

सान्वयपदार्थः–(પોતાના આત્મા વિગેરે સર્વ વસ્તુનું પ્રભુને) समर्पणेन સમર્પણ કરવા વડે आत्मनः જીવને हि નિશ્ચયે કરીને तदीयत्वं તેનાપણું ध्रुवं નિશ્ચલ भवेत् થાય च અને अतदीयतया (કહ્યા પ્રમાણે) તદીયપણું નહી હોવાથી अपि પણ केवलः (તદીયપણાથી) રહિત चेत् જો समाश्रितः સારી રીતે આશ્રિત થાય (તો) (સારી ગતિ થાય.)

**શબ્દાર્થઃ**–પોતાના આત્મા વિગેરે સર્વ વસ્તુનું પ્રભુને સમર્પણ કરવાથી જીવને નિશ્ચય તેનાપણું થાય છે અને કહ્યા પ્રમાણે તદીયપણું સિદ્ધ ન થાય અને કેવળ આશ્રય જ કરે તો પણ સારી ગતિ થાય.

## તદીયપણું શી રીતે થાય?

**વિવેચનઃ**–આત્માનું સમર્પણ એટલે જે સર્વ પોતાનું મનાતું હોય તે સર્વ પ્રભુને નિવેદન કરી દેવું, અને મનમાં એમ જ વિચાર રાખવો કે મારૂં કંઇપણ નથી જે કંઇ છે તે સર્વ પ્રભુનું છે, એટલે મારો તથા મારા પદાર્થોનો પ્રભુ અંગીકાર કરે એવી બુદ્ધિ થવી એ જ આત્મસમર્પણમાં કારણ છે. આત્માનું સમર્પણ થયું એટલે કોઇમાં સ્વસત્તા રહી નહિં, એટલે તદીયપણું (ભગવદીયપણું) દૃઢ થયું અને તે જ અતિપ્રિયપણું છે. અને શ્રવણાદિ સાધન સર્વ આત્મનિવેદનને માટે જ છે, તેથી શ્રવણાદિક આવશ્યક છે. શ્રવણાદિ આઠ ભક્તિ આત્મનિવેદનમાં હેતુભૂત છે, અર્થાત્ ઉત્તરોત્તર હેતુ છે; જેમકે પ્રથમ શ્રવણ સિદ્ધ ન હોય તો કીર્તન કેમ થઈ શકે, તે જ રીતે શ્રવણ થયા પછી કીર્તન થાય, તે પછી સ્મરણ, તે પછી પાદસેવન, જે પરિચર્યા, સિદ્ધ થાય, તે પછી અર્ચન અથવા પૂજન, તે પછી વંદન એટલે નમન, તે પછી દાસ્યભક્તિ એટલે જે કરવું તે ભગવદર્પણ કરવું, તે પછી સખ્યભક્તિ થાય; એટલા પ્રકાર થાય ત્યારે આત્મનિવેદન સિદ્ધ થાય.

**તદાશ્રય** હોય અને તદીયપણું ન હોય તેને શું ફળ તેનો વિચાર કરે છે કે–પૂર્વોક્ત આત્મસમર્પણ ન થયું હોય ત્યાં સુધી તદીયપણું કહેવાતું નથી, અને તદીયપણું ન થયું હોય ત્યાં સુધી અતિપ્રીતિપણું ન થાય તોપણ તદાશ્રય તો દૃઢ રાખવો, કેમકે આશ્રય દૃઢ હોય અર્થાત્ સર્વાત્મભાવથી એમ જ જાણે કે સર્વ પ્રકારથી એ જ મારી રક્ષા કરનાર છે, બીજું કોઈ નથી, એ રીતે તદાશ્રયથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

હવે **શ્રીદેવકીનંદનજી** પ્રકાશમાં લખે છે કે–આત્મનિવેદનથી જીવને તદીયત્વ લક્ષણ મોક્ષ થાય છે, ત્યાં એમ શંકા થાય કે તદીયપણું ભગવદનુગ્રહથી થાય છે, કંઇ આપણા પ્રયત્નથી થતું નથી તો શ્રવણાદિકનું શું કામ છે? ત્યાં કહે છે કે શ્રવણકીર્ત્તનાદિ કર્યા પછી **આત્મનિવેદન થાય ત્યારે ભગવદનુગ્રહ થાય છે તેથી શ્રવણાદિ તો અવશ્ય કર્તવ્ય છે.**

## તદીયને પુનર્જન્મ નથી

હવે ઉપર તદીયત્વને મોક્ષ કહ્યો ત્યાં શંકા થાય કે–તેને મોક્ષ કેમ કહેવાય? કેમકે મોક્ષ થયા પછી જન્મ મરણ થવાનો સંભવ રહેતો નથી, અને તદીયત્વ પછી તો તેવો સંભવ છે. ત્યાં કહે છે કે તદીયને પુનર્જન્મનો સંભવ નથી. તેથી મોક્ષમાં અને તદીયત્વમાં સમાન લક્ષણ છે. શ્રીભગવાને ભાગવતના નવમસ્કંધ ચોથા અધ્યાયના શ્લોક ૬૫ માં *(દુર્વાસા પ્રત્યે કહ્યું છે કે) જે ભક્તજન સ્ત્રી, ઘર, પુત્ર, બંધુવર્ગ, પ્રાણ, ધન અને પરલોકને પણ છોડીને મારે શરણ આવે તેને હું શી રીતે છોડી શકું? તેથી એ સિદ્ધ થાય છે કે સમર્પણ પછી જેમાં પ્રથમ સ્વીય બુદ્ધિ હતી, તે મટી જાય છે; તેથી તદીયત્વ દૃઢ થયું કહેવાય છે, અને તેથી નિશ્ચય થાય છે કે જે નિવેદિતાત્મા છે તેને પ્રભુ છોડતા નથી. એ જ ભક્તિમાર્ગીય સાધન સહિત મોક્ષનું પ્રતિપાદન થયું. હવે આમ જોતાં મોક્ષથી ભક્તિમાર્ગમાં આધિક્ય જણાતું નથી, કારણ કે મુક્તને પુનર્ભવ નથી તેમ જ ભક્તને પણ નથી; તેથી સમાનપણું દેખાય છે, પરંતુ વસ્તુતઃ વિચારતાં આધિક્ય દેખાય છે કે મોક્ષમાં તો અક્ષરામૃતપાન મળે અર્થાત્ અક્ષરની પ્રાપ્તિ છે, તે અવ્યક્ત છે, અને ભક્તિમાર્ગમાં તો પરમાનંદાનુભવ પ્રાપ્તિ છે, અને તે પણ વ્યક્ત છે, એટલે ભક્તિમાર્ગના આધિક્ય સાથે ભેદ સ્પષ્ટ છે.

**નિવેદન કર્યા વિના માત્ર ભગવદાશ્રય જ કરે તો તેની ગતિ શું?** ત્યાં કહે છે કે તદીયપણા વગર કદાચિત્ ભગવદાશ્રય કરે તોપણ ઉત્તમ ગતિ પ્રાપ્ત કરે છે કેમકે †(શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે) હે પાર્થ! મારો આશ્રય કરીને જો કદાચિત્ પાપી પ્રાણી પણ મારે શરણે રહ્યો હોય તે સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર, હોય તો પણ તે સારી ગતિને પામે છે. તો તદાશ્રય માત્રથી મોક્ષ તો નહિ પરંતુ સાધનરૂપ ભક્તિમાર્ગ પ્રાપ્ત થતાં ઉત્તમ ગતિ થાય છે. પરંતુ ફલરૂપ ભક્તિમાર્ગ તો તદીયત્વથી જ થાય છે. ૧૮

**मूलम्-तदाश्रयतदीयत्वबुद्ध्यै किंचित्समाचरेत् ।**
**स्वधर्ममनुतिष्ठन्वै भारद्वैगुण्यमन्यथा ॥ १९ ॥**

સાન્વયપદાર્થઃ—તદાશ્રયતદીયત્વબુદ્ધ્યૈ તદાશ્રય અને તદીયપણાને જાણવા સારૂં સ્વધર્મં પોતાના [વર્ણાશ્રમ રૂપ] ધર્મને અનુતિષ્ઠન્ આચરણ કરતો થકો કિંચિત્ (શ્રીઆચાર્યજીની શરણાગતિરૂપ) કંઈક સાધનને સમાચરેત્ સારી રીતે આચરણ કરે અન્યથા તેમ નહિ કરે તો વૈ નિશ્ચયે કરીને ભારદ્વૈગુણ્યં બમણો ભાર (થાય).

**શબ્દાર્થ**—તદાશ્રય અને તદીયપણાને જાણવા સારૂ પોતાના વર્ણાશ્રમરૂપ ધર્મને આચરતો થકો શ્રીઆચાર્યજીની શરણાગતિ રૂપ કંઈક સાધનને સારી રીતે આચરણ કરે. તેમ ન કરે તો નિશ્ચય બમણો ભાર થાય.

### શ્રવણાદિ સાધન અને વર્ણાશ્રમધર્મ.

**વિવેચન**—પૂર્વે એમ કહ્યું કે, તદીયપણું સિદ્ધ ન હોય તો પણ તદાશ્રયથી પણ કાર્ય કરવું. તે વાત આ શ્લોકમાં કહે છે, જેને તદીયપણું નથી તેણે તદાશ્રય અને તદીયત્વ બુદ્ધિને

* ये दारागारपुत्राप्तान्प्राणान्वित्तमिमं परम्, हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे ॥

† मां हि पार्थव्यपाश्रित्य येपि स्यु पापयोनयः । स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेपि यान्ति परां गतिम् । गी. ९–३२.



માટે શ્રવણાદિ કર્યા કરવું. તેથી તદીયત્વ બુદ્ધિ દૃઢ થાય. તેમાં પણ સ્વધર્મનું અનુષ્ઠાન કરવું જોઈએ. સ્વધર્મ એટલે પોતાનો વર્ણાશ્રમધર્મ તેનું આચરણ કરવું, અને શ્રવણાદિ કરવાં ત્યારે તદીયત્વ દૃઢ થાય અને પછી અતિપ્રિયપણું પણ થાય. ત્યાં શંકા થાય કે તદીયપણું સિદ્ધ કરવું તેમાં વર્ણાશ્રમધર્મનું શું કામ છે? કેમકે તેને માટે તો જે શ્રવણાદિ સાધન કહ્યાં છે તે જ કરવાં. ત્યાં કહે છે કે "भारद्वैगुण्यमन्यथा" કેવલ તદાશ્રય સમજીને સ્વધર્મ જે વર્ણાશ્રમ ધર્મ તેનો ત્યાગ કરીને ફક્ત શ્રવણાદિ કરે તો તેનો ઉદ્ધાર કરવામાં પ્રભુને ઘણો શ્રમ પડે અને બે પ્રકારનો ભાર થાય, એક તો વર્ણાશ્રમનું આચરણ ન કરે તો અધર્મ થાય એ ભાર, અને સ્વભાવનો એટલે સત્વાદિ અથવા મનુષ્યાદિ સ્વભાવને ફેરવવાનો ભાર, એ બેવડો ભાર થવાથી ફળમાં ઘણો વિલંબ થાય; માટે વર્ણાશ્રમધર્મનો પણ ઉપયોગ અવશ્ય છે.

હવે એ વાત સિદ્ધ થાય છે કે–પાશુપતશાસ્ત્રનું યથાર્થ જ્ઞાન જેને થાય તેને તેમાં કહેલાં સાધન કરવાથી ભોગ સુલભ છે અને મોક્ષ દુર્લભ છે. તેવીજ રીતે પંચરાત્ર શાસ્ત્રના યથાર્થ જ્ઞાનપૂર્વક તેમાં કહેલાં સાધનથી મોક્ષ સુલભ છે અને ભોગ દુર્લભ છે; એ પ્રમાણે વ્યવસ્થા છે. જો કે શૈવતંત્રથી પરંપરાએ કરીને મોક્ષ થાય છે અને વૈષ્ણવતંત્રથી સાક્ષાત્ મોક્ષ થાય છે, તેથી ફલમાં તુલ્યતા છે પરંતુ સાધનમાં મોટું તારતમ્ય છે શ્રીમદ્ભાગવત દ્વિતીયસ્કંધ અધ્યાય ૧ ના શ્લોકમાં કહ્યું છે કે* એજ પુરુષાર્થ છે અને જન્મ લેવાનું ફલ પણ એ જ છે કે અન્ત દશામાં નારાયણનું સ્મરણ થાય, અને સાંખ્ય, યોગ, સ્વધર્મનિષ્ઠા એ સર્વનું ફળ પણ તેજ છે. એટલે જન્મ ધારણ કરવાનો લાભ એજ કે અંતસમય નારાયણનું સ્મરણ થાય. અને સ્વધર્મનિષ્ઠાનું ફળ એજ કે અંતે ઉત્તમ દેહની પ્રાપ્તિ થાય, અને યોગનું તાત્પર્ય એ છે કે અનેક જન્મ પામીને પણ ભગવત્પ્રાપ્તિ થાય. શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યું છે કે† યોગભ્રષ્ટ જીવ મરણ પછી સદાચારનિષ્ઠ અને દ્રવ્ય પાત્રના ઘરમાં જન્મ લે છે, અને ‡અનેક જન્મથી સિદ્ધ થયેલો યોગી છેવટ પરગતિ પામે છે. આમ કહીને એમ સિદ્ધ કર્યું કે અંતિમ દેહ પામીને ભગવત્પ્રાપ્તિ થાય છે એ પ્રકારે સાંખ્યના ઉપાસકની પણ તેજ ગતિ છે. અને ભગવદ્ધર્મનું ફલ એકે સેવોપયોગી દેહની પ્રાપ્તિ, છેવટે એજ ફલ કે અંતે નારાયણનું સ્મરણ થાય. વળી સામાન્ય ન્યાય પણ એવો છે કે "अंते या मतिः सा गतिः" (અંતે જેવી બુદ્ધિ તેવીજ ગતિ) સારી મતિ હોય તો શુભ ગતિ થાય અને ખોટી મતિ હોય તો તેવી ગતિ થાય. વળી શ્રીગીતાજીમાં પણ કહ્યું છે કે–હે અર્જુન! §અંતકાળમાં જે જેનું સ્મરણ કરતો દેહ છોડે છે તે તેને જ પામે છે, તો દેહનું ફલ એ જ કે અંતે નારાયણનું સ્મરણ થાય.

**પાંચ સિદ્ધાન્ત**—સ્વતંત્રપણાથી કહ્યા છે, વૈદિક અને વૈષ્ણવ સિદ્ધાન્ત સમાન અથવા પ્રધાનપણાથી કહ્યો છે અને પાશુપતમતની કલ્પભેદથી વ્યવસ્થા કરી, એટલે તામસકલ્પમાં

* एतावान्सांख्ययोगाभ्यां स्वधर्मपरिनिष्ठया । जन्मलाभः परः पुंसामंते नारायणस्मृतिः ॥

† "शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते । गी. ६–४१"

‡ "अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् । गी. ६–४६"

§ यं यं वापि स्मरन्भावं त्यजत्यंते कलेवरम् । तं तमेवैति कौंतेय सदा तद्भावभावितः ॥ गी. ८–६.

પાશુપત મતાનુયાયી થાય છે અને તે ક્રમથી મોક્ષના અધિકારી થાય છે. અને સાંખ્ય અને (નિરીશ્વર) યોગની તો બ્રહ્મમીમાંસામાં સમીક્ષા કરી છે, તેથી નામમાત્ર છે. આવી વ્યવસ્થા શ્રીસુબોધિનીજીમાં છે, તેજ પ્રમાણે આ બાળબોધ ગ્રંથમાં પણ કહી છે. ૧ વૈદિક ૨ સાંખ્ય ૩ યોગ ૪ પાશુપત ૫ વૈષ્ણવ એ રીતે સિદ્ધાન્તોનું વર્ણન કર્યું છે.

**શ્રીદેવકીનંદનજી** લખે છે કે, તદાશ્રય અને તદીયત્વ કેમ સિદ્ધ થાય? તેના ઉત્તરમાં કહે છે કે–તદાશ્રય અને તદીયત્વના જ્ઞાનને માટે આચાર્યને શરણે જવું જોઈએ. આચાર્યને શરણે જવું એ સાધન છે, અને સ્વધર્મનું અનુષ્ઠાન પણ આવશ્યક છે, એ સાધનથી કાર્ય સિદ્ધિ થાય. શ્વેતકેતુ વિદ્યામાં કહ્યું છે કે, "आचार्यवान् पुरुषो वेद" જે આચાર્યની પાસે ગયો હોય તેને ભગવાનનું જ્ઞાન થાય છે; બીજાને થતું નથી. જેણે ગુરુનું શરણ લીધું હોય તે જ જાણે છે, અને મોક્ષ પણ તેનેજ મળે છે. શ્રીભાગવત ૧૧ સ્કંધ ૧૭ અધ્યાયમાં* કહ્યું છે–આચાર્યને મારૂં ભગવત્સ્વરૂપ જાણવું. કોઈ વખત અવજ્ઞા કરવી નહિં, મનુષ્ય બુદ્ધિથી અસૂયા કરવી નહિં. કેમકે સર્વ દેવમય ગુરુ છે. જેની† ભગવાનમાં અને જ્ઞાનદીપ આપનારા ગુરુમાં ભક્તિ નથી તેણે જે સાંભળ્યું છે તે નિરર્થક છે, અને હાથીના સ્નાન જેવું છે. જેમ હાથી સ્નાન કરી પછી પોતાનું શરીર ધુળથી ભરે છે તેના જેવું છે; વળી પુરાણાંતરમાં પણ કહ્યું છે કે‡–કદાચિત્ ભગવાનનો રોષ થયો હોય તો ગુરુ રક્ષા કરી શકે છે, પરંતુ ગુરુનો કોપ થાય તો કોઇ પણ રક્ષા કરવા સમર્થ નથી; તેથી સર્વ પ્રકારે પ્રયત્નવડે ગુરુને પ્રસન્ન રાખવા. ઈત્યાદિ વચનથી ગુરુશરણ મુખ્ય કહ્યું છે, તે પ્રમાણે ન ચાલે તો બમણો ભાર થાય. એક તો કંઇ ફલપ્રાપ્તિ ન થાય અને બીજું અન્યથા આચરણથી પ્રત્યવાય (દોષ) લાગે, તેથી ગુરુની શરણે જઈ પૂર્વોક્ત ધર્મ આચરણ કરવું ઉચિત છે. ૧૯.

## સંક્ષેપમાં બાલબોધનો સાર.

આ બાલબોધ ગ્રંથમાં પુરુષાર્થ વિચાર કરીને મોક્ષ પુરુષાર્થનું વ્યાખ્યાન કર્યું છે, તે મોક્ષપુરુષાર્થ પણ બે પ્રકારનો છે. લૌકિક તથા અલૌકિક. લૌકિક પુરુષાર્થ ઋષિઓએ કહેલો છે, અને અલૌકિક પુરુષાર્થ વેદમાં કહ્યો છે. આમાં લૌકિક (ઋષિપ્રોક્ત) પુરુષાર્થનું નિરૂપણ કરયું છે. તો લૌકિક પુરુષાર્થના મોક્ષશાસ્ત્રમાં વૈષ્ણવતંત્ર શ્રેષ્ઠ છે, તે માટે શ્રીભાગવત ૧૧ સ્કંધ ૨૦ મા અધ્યાયના ૬ શ્લોકમાં§ શ્રીભગવાન્ ઉદ્ધવજીને કહે છે કે–મેં મનુષ્યના કલ્યાણને માટે ત્રણ યોગ કહેલા છે, એક જ્ઞાનયોગ, બીજો કર્મયોગ, અને ત્રીજો ભક્તિયોગ, એ વિના કલ્યાણનો બીજો ઉપાય કોઈ પણ નથી. તેમાં કર્મયોગ છે તે ત્રણ પ્રકારનો છે, તે શ્રીભાગવત એકાદશસ્કંધના ૨૭ મા અધ્યાયમાં કહ્યો છે કે‖–ઉદ્ધવજી ભગવાન્ પ્રત્યે પૂછે છે

* आचार्यं मां विजानीयान्नावमन्येत कर्हिचित्। मर्त्यबुद्ध्या न सूयेत सर्वदेवमयो गुरुः ॥

† यस्य साक्षाद्भगवति ज्ञानदीपे प्रदे गुरौ। भक्तिर्न स्याच्छ्रुतं तस्य मन्ये कुंजरशौचवत् ॥

‡ हरौ रुष्टे गुरुस्त्राता गुरुरुष्टे न कश्चन। तस्मात्सर्वप्रयत्नेन गुरुमेव प्रसादयेत् ॥

§ योगास्त्रयो मया प्रोक्ता नृणां श्रेयो विधित्सया। ज्ञानं कर्म च भक्तिश्च नोपायोन्योऽस्ति कर्हिचित् (कुत्रचित्)

‖ क्रियायोगं समाचक्ष्व भवदाराधनं प्रभो। यस्मात्त्वां ये यथाऽर्चंति सात्वताः सात्वतर्षभ ॥ १ ॥



કે–આપના આરાધનરૂપ જે ક્રિયાયોગ છે તે કહો. ભક્તજન આપને જે પ્રકારથી સેવે છે તે પ્રકાર કહેવો જોઈએ. એટલે ભગવાન્‌નું આરાધન કરવાનું કહ્યું તો તે કયે પ્રકારે કરવું એમ ઉદ્ધવજીનો પ્રશ્ન છે, ત્યાં શ્રીભગવાન્ કહે છે કે*–વૈદિક એટલે વેદમાં જે મંત્રાદિક છે તેમાં જે પ્રણાલિકા કહી હોય તે પ્રકારે પૂજન કરવું, અને તાંત્રિક એટલે તંત્રમાં કહેલી રીતે પ્રમાણે પૂજન કરવું. એ તંત્ર પદથી પંચરાત્ર શાસ્ત્ર લેવું, અને તેમાં જે પ્રકાર કહ્યો હોય તે તાંત્રિક કહેવાય, અને મિશ્ર એટલે વૈદિક અને તાંત્રિકના મિશ્રણવાળો જે પ્રકાર હોય તે આબતમાં† (આવિર્હોત્ર યોગેશ્વર જનકરાજા પ્રત્યે કહે છે કે) જે પુરુષ જીવને અહંકારરૂપ બંધન છોડાવવાની ઈચ્છા કરે તે તંત્રોક્ત વિધિથી ભગવાનનું આરાધન કરે–જો અહંકારરૂપ બંધનથી છૂટવું હોય તો નારદપંચરાત્રને અનુસાર ભગવાનનું સેવન કરવું. આમ કહેલું છે. તેથી તંત્રોક્ત ભક્તિ છે તે ક્રિયાયોગના અંગભૂત છે, એજ હેતુથી પંચરાત્રમાં કહ્યું છે કે "तया मुक्तिर्न चान्यथा" ભક્તિથીજ મુક્તિ થાય છે, બીજા પ્રકારથી મુક્તિ થતી નથી, તો કેવળ કર્મયોગથી જ મુક્તિ પ્રાપ્ત થતી નથી, એ વાતપણ જણાવી. વળી એમ પણ જણાવ્યું છે કે નારદ્‌પંચરાત્રમાં આત્મસમર્પણ કહ્યું છે, તે પ્રમાણે (તંત્રોક્ત) અનુષ્ઠાન (આરાધન) કરે તો તે તંત્રોક્ત ભોગ મોક્ષ મળે, અર્થાત્ અક્ષરબ્રહ્મનો આનંદ મળે. પરંતુ શ્રીપુરુષોત્તમ સંબંધી પરમાનંદાનુભવ તો મળે નહિં, તેથી એ કર્મયોગથી ભક્તિમાર્ગ તો ભિન્નજ છે.

## ભક્તિમાર્ગની ઉત્તમતા.

શ્રીભાગવત ૧૧ સ્કંધના ૧૯ અધ્યાયના ૧૯ શ્લોકમાં કહ્યું છે કે‡–હે ઉદ્ધવ? મેં તને પહેલે ભક્તિયોગ કહ્યો છે અને તેમાં તારી રૂચિ દેખીને હવે મારી ભક્તિનું ઉત્તમ કારણ કહીશ. એમ કહીને ઉપરના શ્લોકથી આરંભીને "श्रद्धामृतकथायां मे" સુધી સાધનસમૂહ કહ્યો છે. તેમાં "वैदिकी तांत्रिकी दीक्षा मदीयव्रतधारणम्" એમ કહ્યું છે અને ક્રિયાયોગના પ્રસંગમાં પણ કહ્યું છે કે–मामेव नैरपेक्ष्येण भक्तियोगेन विंदति ॥ નિરપેક્ષ ભક્તિયોગથી ભક્તિમાન મને પામે છે. એ વચનોથી એમ સિદ્ધ થાય છે કે ભગવાન ભક્તિયોગથી જ પ્રાપ્ત થાય છે. તેમ જ શ્રીગીતાજીમાં પણ કહ્યું છે કે "पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया" હે પાર્થ! પરમપુરુષ અનન્ય ભક્તિથીજ પ્રાપ્ત થાય છે. એ વાક્યથી એજ સ્પષ્ટ થાય છે કે ભગવાન અનન્ય ભક્તિથી જ મલે છે. બીજા ઉપાયથી ભગવત્પ્રાપ્તિ થતી નથી. વળી પ્રથમ "पुनश्च कथयिष्यामि मद्भक्तेः कारणं परम्" એ વાક્યમાં પુનઃ અને પર શબ્દ છે, તેનું તાત્પર્ય કે પહેલાં કારણ કહ્યું છે ને પછી એ કારણ કહેવાની પ્રતિજ્ઞા છે, તેથી એનું પરપણું આત્મનિવેદન અનંતર જ સિદ્ધ થાય છે, આત્મનિવેદન પછી જે ભક્તિ સિદ્ધ થાય છે તે પરભક્તિ છે, અને એ ભક્તિ પ્રાપ્ત કર્યા પછી કંઈ કરવાનું બાકી રહેતું નથી. તે ભક્ત સર્વ રીતે કૃતકૃત્ય જ થાય છે. શ્રીભાગ-

* वैदिकस्तांत्रिको मिश्र इति मे त्रिविधो मखः। त्रयाणामीप्सितेनैव विधिना मां समर्चयेत् ॥७॥

† य आशु हृदयग्रंथिं निर्जिहीर्षुःपरात्मनः। विधिनोपचरेद्देवं तंत्रोक्तेन च केशवम् ॥ भा. ११–३–४७

‡ भक्तियोगः पुरैवोक्तः प्रीयमाणाय तेऽनघ। पुनश्च कथयिष्यामि मद्भक्तेः कारणं परम् ॥

વતમાં પણ ભગવાનને કહ્યું છે કે*–"श्रद्धाऽमृतकथायां मे" એ શ્લોકથી "मदर्थं यत् व्रतं तपः" સુધી જે ધર્મ કહ્યા છે તેનું યથાવત્ આચરણ કરતાં ભગવાનમાં જે ભક્તિ થાય છે, તે પ્રેમલક્ષણા છે, અને તેજ પરાભક્તિ, ફલભક્તિ કહેવાય છે. એ પ્રાપ્ત થયા પછી તે ભક્તને બીજું કાંઇ સાધન (એ પ્રાપ્ત થયેલી ભક્તિનું આચરણ કરવા સિવાય) બાકી રહેતું નથી; પ્રથમ જે ભક્તિ કહી તે સાધનભક્તિ અને તે પછી જે ભક્તિ પર ભક્તિ કહી, તે ફલ ભક્તિ છે; એ રીતે બંને ભક્તિ કહી હવે જે ફલરૂપ ભક્તિ કહી તેમાં સાધનભૂત એક શરણાગતિરૂપ આશ્રય છે તે પૂર્વ ભક્તિથી કંઈક ભિન્ન છે, તે પણ શ્રીભગવાન કહે છે કે†–હે ઉદ્ધવ ! હું જે તને કહીશ તે અત્યન્ત ગુહ્ય છે, તેથી સારી રીતે ચિત્ત ધરીને સાંભળ. અને તું મારો સેવક અને મિત્ર છું' તેથીજ તને કહું છું, એમ કહીને કહ્યું છે કે‡–હે ઉદ્ધવ ! 'મને યોગ વશ કરી શકતો નથી. અર્થાત્ આસન પ્રાણાયામાદિ કરવા હું વશ થતો નથી, તેમ જ સાંખ્યથી પણ હું વશ થતો નથી, તેમ જ કેવલ ધર્મથી, સ્વાધ્યાયથી (વેદજપથી) તપથી (કૃચ્છ્રચાંદ્રાયણાદિથી) સંન્યાસથી, ઈષ્ટથી (અગ્નિહોત્રાદિથી), અથવા પૂર્તથી (કુપઆરામાદિ કરાવવાથી,) તથા દાનથી, તથા એકાદશી વિગેરે વ્રતથી, તથા યજ્ઞથી (દેવપૂજાથી,) કે છંદ (રહસ્યમંત્ર) થી હું વશ થતો નથી. પરંતુ સર્વ સંગને મટાડવાવાળો જે સત્સંગ છે તેથી હું વશ થાઉં છું.' આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે શ્રૌતસ્માર્ત સાધનથી ભગવાન વશ થતા નથી; પરંતુ સત્સંગથી અને ભાવથી પ્રભુ વશ થાય છે. વળી કહ્યું છે કે§–'કેવલ ભાવથી જ ગોપિકા, ગાયો, વૃક્ષો અને મૃગ આદિ સર્વે મને પ્રાપ્ત થયા છે.' એ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે ભગવાન્ ભાવથી જ વશ થાય છે, એમાં ગોપિકાનું દૃષ્ટાન્ત આપ્યું છે, અને તે પછી ઉદ્ધવને સર્વ સાધન છોડીને એક પોતાને શરણે આવવાનો ઉપદેશ કર્યો છે. ત્યાં કહ્યું છે કે‖–'હે ઉદ્ધવ ! વિધિ અને નિષેધ તેમ જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ તથા સાંભળેલું અને સાંભળવાનું સર્વ છોડીને સર્વ પ્રાણીઓનો આત્મા જે હું તેની શરણે સર્વાત્મભાવથી આવ. હું તને નિર્ભય કરીશ.' ઉપરનાં સર્વ પ્રમાણોથી એમ સિદ્ધ થાય છે કે **ભક્તિ જ મુખ્ય છે તે**

* एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनां । मयि संजायते भक्तिः कोऽन्योऽर्थोऽस्याऽव शिष्यते ॥
भा० ११–१९–२४

† अथै तत् परमं गुह्यं शृण्वतो यदुनंदन । सुगोप्यमपि वक्ष्यामि त्वं मे भृत्यः सुहृत्सखा ॥
भा० ११–११–४९

‡ न रोधयति मां योगो न सांख्यं धर्म एव च । न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा ॥
भा० ११–१२–८

व्रतानि यज्ञच्छंदांसि तीर्थानि नियमा यमाः । यथावरुंधे सत्संगः सर्वसंगापहो हि माम् ॥
भा० ११–१२–१.

§ केवलेन हि भावेन गोप्यो गावो नगा मृगाः । येऽन्ये मूढधियो नागाः सिद्धा मामीयुरंजसा ॥
भा० ११–१२–२

‖ तस्मात्त्वमुद्धवोत्सृज्य चोदनां प्रतिचोदनाम् । प्रवृत्तं च निवृत्तं च श्रोतव्यं श्रुतमेव च ॥ १४ ॥
मामेकमेव शरणमात्मानं सर्वदेहिनाम् । याहि सर्वात्मभावेन मया स्या ह्यकुतोभयः ॥ १५ ॥



**ભક્તિના પણ બે પ્રકાર, તે એક સાધનભક્તિ અને બીજી ફલભક્તિ, તેમાં પણ ફલરૂપ ભક્તિ ઉત્તમ છે.** વળી વેદનો પણ એજ આશય છે કે ભક્તિથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ **સાધન અને ફલ બંને ફલરૂપ ભક્તિમાં એક જ છે.** શ્રીભાગવત દ્વિતીયસ્કંધ બીજા અધ્યાયમાં કહ્યું છે કે*–'બ્રહ્માજીએ વેદને ત્રણ વખત સારી રીતે સંપૂર્ણ જોઈને [વિચારીને] એ જ નિશ્ચય કર્યો કે જેથી ભગવાન્‌માં પ્રેમ થાય, તે જ કર્તવ્ય છે. તો ભક્તિ વિના ભગવાન્‌માં પ્રેમ થાય જ નહિં, માટે ભક્તિ **કરવી એ જ વેદનો** અસંદિગ્ધ આશય છે.

### વેદોક્ત કર્મમાં ફલશ્રુતિ.

હવે તે વેદમાં પૂર્વકાંડ અને ઉત્તરકાંડ બે વિભાગ છે, એ પૂર્વમાં વિષય ત્રિવર્ગ છે, અર્થાત્ ધર્મ, અર્થ, અને કામ છે. એનું તાત્પર્ય શ્રીભાગવત એકાદશકંધના ૨૧ માં અધ્યાયમાં લખ્યું છે કે† જે કર્મનું ફળ કહેલું છે તે રૂચિ વધારવા માટે છે, કંઈ એ કર્મફળ જ પરમ પુરુષાર્થ નથી; પરમપુરુષાર્થ તો મોક્ષ અથવા ભક્તિ છે. તેમાં દૃષ્ટાંત આપે છે કે–ઔષધમાં રુચિ થવા માટે બીજો પદાર્થ દેખાડવામાં આવે છે અને વૈદિક કર્મનાં ફળ એ છે કે "ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत्" "उद्भिदा यजेत पशुकामः" જેને સ્વર્ગની કામના હોય તે જ્યોતિષ્ટોમ નામનો યજ્ઞ કરે, જેને પશુકામના હોય તે વૃક્ષથી યજન કરે, ઈત્યાદિ વચનમાં જે સ્વર્ગ કામના અને પશુ કામના બતાવી એ ફલ છે; પરંતુ વાસ્તવિક રીતે યજ્ઞનું ફલ સ્વર્ગાદિક નથી, પરંતુ મોક્ષનું સાધન ચિત્ત શુદ્ધિ થવી તે વગેરે છે. અને જે સ્વર્ગાદિકની ફલસ્તુતિ છે તે રુચિ ઉત્પન્ન કરવા માટે છે, જેમ ઔષધ પીવામાં બાળકની રુચિ ન હોય ત્યાં તેને રુચિ ઉત્પન્ન કરવા માટે તેને કહેવામાં આવે છે કે આ લીમડો પી જઈશ તો લાડુ મળશે. એ રીતે લાડુ મળશે, એમ કહેવું એ લીમડો પીવામાં રુચિ ઉપજાવવા માટે છે. અર્થાત્ લીમડો પીવાનું ફળ રોગનિવૃત્તિ છે કાંઈ લાડુ પ્રાપ્તિ નથી. તેવી રીતે યજ્ઞનું ફલ ચિત્ત શુદ્ધિ અને તેથી પ્રાપ્ત થતો મોક્ષ છે; પરંતુ ત્રિવર્ગ નથી. પણ જે ત્રિવર્ગ ફલ બતાવવામાં આવે છે તે રુચિ ઉત્પન્ન કરવા માટે છે. હવે પુરુષ પુત્રાદિકને માટે યત્ન કર્યા કરે છે, તે સંબંધમાં કહે છે કે–મનુષ્યની આસક્તિ કામમાં, પ્રાણમાં અને સ્વજનાદિકમાં રહે છે, તે સર્વે આત્માના અનર્થમાં કારણ છે. અને પરિણામમાં દુઃખ ઉત્પાદક છે. જે પશુ, ધન આદિ કામ પ્રાપ્ત થયા પછી પરિણામમાં દુઃખ આપે છે. અહિં પ્રાણ શબ્દથી આયુષ્ય, બલ, ઈન્દ્રિય વીર્યાદિ અને સ્વજન શબ્દથી પુત્ર, મિત્ર, સ્ત્રી આદિ સમજવાં. એ સર્વે પરિણામે દુઃખ ઉત્પાદક છે. પરંતુ અજ્ઞજનો એમાં આસકત થઈને યજ્ઞ કરે છે; એ જ સ્વાભાવિક દોષ છે. કદાપિ એમ શંકા થાય કે વેદમાંજ એવો કેમ ઉપદેશ કર્યો કે કામમાં આસક્તિ રાખવી અને તેને માટે ઉદ્યોગ કરવો ? ઉત્તર

* भगवान्ब्रह्म कार्त्स्न्येन त्रिरन्वीक्ष्य मनीषया । तदध्यवस्यत्कूटस्थो रतिरात्मन्यतो भवेत् ॥ ३४ ॥

† फलश्रुतिरियं नृणां न श्रेयो रोचनं परम् । श्रेयो विवक्षया प्रोक्तं यथा भैषज्यरोचनम् ॥ २३ ॥
उत्पत्त्यैव हि कामेषु प्राणेषु स्वजनेषु च । असक्तमनसो मर्त्या आत्मनोऽनर्थहेतुषु ॥ २४ ॥
न तानविदुषः स्वार्थं भ्राम्यतो वृजिनाध्वनि । कथं युञ्ज्यात्पुनस्तेषु तांस्तमो विशतो बुधः ॥ २५ ॥
एवं व्यवसितं केचिदविज्ञाय कुबुद्धयः । फलश्रुतिं कुसुमितां न वेदज्ञा वदंति हि ॥ २६ ॥
कामिनः कृपणा लुब्धा पुष्पेषु फलबुद्धयः । अग्निमुग्धा धूमतान्ताः स्वं लोकं न विदन्ति ते ॥ २७ ॥

કે–સ્વાર્થને નહિં જાણનારા પૂર્વે કહેલા અજ્ઞ (નમ્ર) એવા પુરુષને વેદ તેમાં (જેમાં આસક્તિ વધે તે પદાર્થોમાં) કેમ પ્રવર્ત્ત કરે ? કદાપિ ન કરે." આ વાત મીમાંસક લોક નથી જાણતા, તેઓ ફલશ્રુતિને પુષ્પસ્થાનાપન્ન ફલશ્રુતિ સ્વર્ગાદિકને નહિં જાણતાં તે પુષ્પમાં જ ફલ બુદ્ધિ કરીને અહીં તહીં ભટકયા કરે છે, પરંતુ વેદને જાણનારા વ્યાસાદિ સ્વર્ગાદિકને ફલ કહેતા નથી, પણ પરમ પુરુષાર્થને જ ફલ કહે છે. એતો જે કામી, કૃપણ અને તૃષ્ણાથી આકુળ પ્રાણી છે, તે સ્વર્ગાદિ જે પુષ્પ છે તેમાં ફલ બુદ્ધિ કરે છે; પરંતુ ફલ નથી, પણ રુચિ ઉત્પન્ન કરનાર પુષ્પને સ્થાને છે; એ નહિં જાણવાવાળા કર્મકાંડીઓ અગ્નિમુગ્ધ કહેવાય છે, અર્થાત્ અગ્નિસાધ્ય જે જે કર્મ છે તેમાં મૂઢ છે, અને ધમમાર્ગમાં જ તેમનો અંત છે તેમને બીજું ફલ નથી, તેથી તેઓ આત્મતત્ત્વને નથી જાણતા, તેમ જ પોતાના ગન્તવ્યસ્થાનને પણ નથી જાણતા. એ પ્રમાણે પંચાગ્નિ ઉપાસનાન્ત સાધનનો નિર્ણય કર્યો; અને એ સર્વે સાધનોનું ફલ જે ત્રિવર્ગ કહ્યું છે તે પુષ્પને ઠેકાણે છે, અને રુચિ ઉત્પન્ન કરવા માટે છે.

## મુખ્ય ફલ

મુખ્ય ફળ તો મોક્ષ છે, અને તે મોક્ષ પણ ભગવત્પ્રાપ્તિ. ભગવત્પ્રાપ્તિનાં સાધન જે પેહેલાં કહ્યાં છે તે શ્રવણાદિ સાધન છે, તેમાં પણ મુખ્ય સાધન દીનતાપૂર્વક ભક્તિ છે. શ્રુતિમાં કહ્યું છે કે "યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ" જેને ભગવાન પોતાનો કરે તેને જ ભગવાન લભ્ય છે. તેથી વરણ વિના ભગવત્પ્રાપ્તિનું બીજું સાધન નથી, તેથી જે અલૌકિક પુરુષાર્થમાં પ્રવૃત્ત છે તે એમ સમજે છે કે ભગવાનની દીનત્વ પૂર્વક ભક્તિ કરવાથીજ ભગવાન્ વરણ કરે, કંઈ સાધન બળથી વરણ કરે નહિ, અને ભગવાન ભક્તિથીજ વશ છે તેથી તે ભક્તાને દુઃખાભાવ છે.

હવે આ બાલબોધ ગ્રંથની સમાપ્તિમાં શ્રીમદાચાર્યચરણ કહે છે કે—

**मूलम्–इत्येवं कथितं सर्वं नैतज्ज्ञाने भ्रमः पुनः।**

સાન્વયપદાર્થ:—एवं એ રીતે सर्वं બધું कथितं ( અમે ) કહ્યું एतज्ज्ञाने એનું જ્ઞાન થાય ત્યારે पुनः ફરીથી भ्रमः સંભ્રમ (સંદેહ) न નથી (થતો) इति એમ (છે).

**શબ્દાર્થ**—એ રીતે અમોએ બધું કહ્યું એનું જ્ઞાન સારી રીતે જ્યારે થાય ત્યારે ફરીથી કોઈ બાબતમાં સંદેહ થતો નથી, એમ જાણવું.

**વિવેચન**—આ બાલબોધ ગ્રંથમાં પારકાનો, પોતાનો સર્વ સિદ્ધાંતનો સંગ્રહ કહ્યો છે અને સર્વે સિદ્ધાંતનો સાર બતાવ્યો છે. તેનું અનુસંધાન કરવાથી પુરુષાર્થવિષયક ભ્રાંતિ નહિ રહે. અને ફલરૂપ ભક્તિ પ્રાપ્ત કરી સમુદ્રને તરી જાય છે.

इति श्रीवल्लभाचार्यचरणाब्जकृपाश्रयात् । बालबोधस्य विवृतिं चकृवान् पुरुषोत्तमः॥ १ ॥

यदत्र सदसद्वापि जीवबुद्ध्या मयोदितम् । तत् क्षमन्तां बालबोधे प्रवृताः प्रभवो मम ॥ २ ॥

આ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યચરણકમલના કૃપાબલના આશ્રયથી **શ્રીપુરુષોત્તમજીએ બાલબોધ**ની વિવૃત્તિ કરી. આ વિવૃત્તિમાં જીવબુદ્ધિથી મેં યોગ્યાયોગ્ય કહ્યું હોય તે બાલકને બોધાર્થે પ્રવૃત્ત થએલા મારા પ્રભુ શ્રીમહાપ્રભુજી ક્ષમા કરો. ૨

**આ પ્રમાણે ટીકાત્રય સારયુક્ત શ્રીપુરુષોત્તમ ચરણકમલની બાલબોધની ટીકાનો અનુવાદ પૂર્ણ થયો.**

શ્રીબાલકૃષ્ણ–શુદ્ધાદ્વૈત–મહાસભા મોટામંદિર સુરત. } **શાસ્ત્રી. ચીમનલાલ.** "સાહિત્યભૂષણ" "શુદ્ધાદ્વૈતરત્ન"

श्रीकृष्णाय नमः ।

## श्रीमद्भगवद्वदनावतारश्रीमद्वल्लभाचार्यचरणप्रणीतः

# बालबोधः ।

नत्वा हरिं सदानन्दं सर्वसिद्धान्तसङ्ग्रहम् ।
बालप्रबोधनार्थाय वदामि सुविनिश्चितम् ॥ १ ॥

धर्मार्थकाममोक्षाख्याश्चत्वारोऽर्था मनीषिणाम् ।
जीवेश्वरविचारेण द्विधा ते हि विचारिताः ॥ २ ॥

अलौकिकास्तु वेदोक्ताः साध्यसाधनसंयुताः ।
लौकिका ऋषिभिः प्रोक्तास्तथैवेश्वरशिक्षया ॥ ३ ॥

लौकिकांस्तु प्रवक्ष्यामि वेदादाद्या यतः स्थिताः ।
धर्मशास्त्राणि नीतिश्च कामशास्त्राणि च क्रमात् ॥ ४ ॥

त्रिवर्गसाधकानीति न तन्निर्णय उच्यते ।
मोक्षे चत्वारि शास्त्राणि लौकिके परतः स्वतः ॥ ५ ॥

द्विधा द्वे द्वे स्वतस्तत्र सांख्ययोगौ प्रकीर्तितौ ।
त्यागात्यागविभागेन सांख्ये त्यागः प्रकीर्तितः ॥ ६ ॥

अहन्ताममतानाशे सर्वथा निरहङ्कृतौ ।
स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते ॥ ७ ॥

तदर्थं प्रक्रिया काचित् पुराणेऽपि निरूपिता ।
ऋषिभिर्बहुधा प्रोक्ता फलमेकमबाह्यतः ॥ ८ ॥

अत्यागे योगमार्गो हि त्यागोऽपि मनसैव हि ।
यमादयस्तु कर्त्तव्याः सिद्धे योगे कृतार्थता ॥ ९ ॥

पराश्रयेण मोक्षस्तु द्विधा सोऽपि निरूप्यते ।
ब्रह्मा ब्राह्मणतां यातस्तद्रूपेण सुसेव्यते ॥ १० ॥

ते सर्वार्था न चाऽऽद्येन शास्त्रं किञ्चिदुदीरितम् ।
अतः शिवश्च विष्णुश्च जगतो हितकारकौ ॥ ११ ॥

१ "अतः" इति पाठः श्रीपुरुषोत्तमचरणानाम् ।

वस्तुनः स्थितिसंहारौ कार्यौ शास्त्रप्रवर्त्तकौ[1]।
ब्रह्मैव तादृशं यस्मात् सर्वात्मकतयोदितौ ॥ १२ ॥

निर्दोषपूर्णगुणता तत्तच्छास्त्रे तयोः कृता।
भोगमोक्षफले दातुं शक्तौ द्वावपि यद्यपि ॥ १३ ॥

भोगः शिवेन मोक्षस्तु विष्णुनेति विनिश्चयः।
लोकेऽपि यत्प्रभुर्भुङ्क्ते तन्न यच्छति कर्हिचित् ॥ १४ ॥

अतिप्रियाय[2] तदपि दीयते क्वचिदेव हि।
नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः ॥ १५ ॥

प्रत्येकं साधनश्चैतद् द्वितीयार्थे महाञ्छ्रमः।
जीवाः स्वभावतो दुष्टा दोषाभावाय सर्वदा ॥ १६ ॥

श्रवणादि ततः प्रेम्णा सर्वं कार्यं हि सिद्ध्यति।
मोक्षस्तु सुलभो विष्णोर्भोगश्च शिवतस्तथा ॥ १७ ॥

समर्पणेनाऽऽत्मनो हि तदीयत्वं भवेद्ध्रुवम्।
अतदीयतया चाऽपि केवलश्चेत्समाश्रितः ॥ १८ ॥

तदाश्रयतदीयत्वबुद्ध्यै किञ्चित्समाचरेत्[3]।
स्वधर्ममनुतिष्ठन् वै भारद्वैगुण्यमन्यथा ॥ १९ ॥

इत्येवं कथितं सर्वं नैतज्ज्ञाने भ्रमः पुनः ॥ १९½ ॥

इति बालबोधः समाप्तः।

---

१ 'वस्तुस्थितौ च संहारे कार्यै' "इति क्वचित्पाठः" इत्युक्तं श्रीदेवकीनन्दनचरणैः स्वटीकायाम्।
वस्तुनः स्थितिसंहारे कार्यै इत्यपिपाठः क्वचिदितिप्रोक्तं श्रीपुरुषोत्तमचरणैः।

२ अतः प्रियायेति पाठः श्रीद्वारकेश्वराणाम्।

३ सदाचरेत् इतिपाठः श्रीपुरुषोत्तमचरणानां श्रीदेवकीनन्दनचरणानाञ्च।